Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૧૬૫ *

ॐ

नमः श्रीवीतरागसर्वज्ञेभ्यः ।

# સત્તાસ્વરૂપ

: લેખક :

પં. શ્રી ભાગચંદ્રજી છાજડ

❀

: ભાષાંતરકાર :

સોમચંદ અમથાલાલ શાહ,

કલોલ-(ગુજરાત)

卐

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

—o—

કિંમત રૂા. ૨-૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પહેલી આવૃત્તિ : પ્રત ૧૦૦૦ : વિ. સં. ૨૦૦૦
બીજી આવૃત્તિ : પ્રત ૧૦૦૦ : વિ. સં. ૨૦૦૩
ત્રીજી આવૃત્તિ : પ્રત ૧૦૦૦ : વિ. સં. ૨૦૦૫
ચોથી આવૃત્તિ : પ્રત ૧૧૦૦ : વિ. સં. ૨૦૪૪
પાંચમી આવૃત્તિ: પ્રત 2000 : વિ. સં. ૨૦૭૫

પં. ભાગચંદ્રજી કૃત 'સત્તાસ્વરૂપ'માં અર્હંતનું સ્વરૂપ જાણીને ગૃહીત મિથ્યાત્વ ટાળવાનું સ્વરૂપ બહુ સારી રીતે સમજાવેલ છે. પરમાર્થતત્ત્વના વિરોધી એવાં કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રને ઠીક માનવાં તે ગૃહીત મિથ્યાત્વ છે.

હું પરનો કર્તા છું, (કર્મથી) રોકાયેલો છું, પરથી જુદો—સ્વતંત્ર નથી, શુભરાગથી મને ગુણ થાય છે એવી જે ઊંધી માન્યતા અનાદિથી છે તે અગૃહીત મિથ્યાત્વ અથવા નિશ્ચયમિથ્યાત્વ છે.

તે નિશ્ચયમિથ્યાત્વ ટાળવા પહેલાં, જે ગૃહીત મિથ્યાત્વ અથવા વ્યવહારમિથ્યાત્વ છે તે ટાળવું જોઈએ.

—પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

: મુદ્રક :

**અજિત મુદ્રણાલય**
પાલીતાણા રોડ,
**સોનગઢ-(સૌરાષ્ટ્ર)**

# Thanks & Our Request

This shastra has been donated in memory of Pujya BahenShree Champabahen by Rajesh & Jyoti Shah who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Satta Svaroop is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 30 August 2007 | First electronic version |



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

# પ્રસ્તાવના

શ્રીમાન્ પં. ભાગચંદ્રજી છાજડનું બનાવેલું સત્તાસ્વરૂપ નામનું પુસ્તક હિંદીમાં પ્રગટ થયું છે. તેનું વાંચન સોનગઢ મુકામે પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ સત્પુરુષ શ્રી કાનજીસ્વામી પાસે થયેલું; તે વાંચનમાં ભાગ લેનારા મુમુક્ષુ ભાઈઓને એવી ભાવના થયેલી કે આ શાસ્ત્રનું ગુજરાતી ભાષાંતર થાય તો વિશેષ લાભનું કારણ થાય. સદ્‌ભાગ્યે કલોલના રહીશ આત્માર્થી ભાઈશ્રી સોમચંદ અમથાલાલ શાહે તેનું ભાષાંતર કરી આપવાનું સ્વીકાર્યું, અને તે પૂરું થતાં છપાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મનુષ્યગતિમાં જીવ જે કુળમાં જન્મે છે, તે કુળમાં ઘણા ભાગે કોઈને કોઈ પ્રકારની ધર્મની માન્યતા હોય છે. વળી તે કુળધર્મમાં કોઈને દેવ તરીકે, કોઈને ગુરુ તરીકે, અને કોઈ પુસ્તકોને ધર્મનાં શાસ્ત્રો તરીકે માનવામાં આવે છે. નાનપણમાં તેઓની માન્યતાનું તેમને પોષણ મળ્યા કરે છે અને મોટી ઉંમર થતાં કુધર્મના સ્થાનકે કે ગુરુઓ પાસે જતાં તે વિશેષપણે પોષાય છે.

કેટલાક વ્યાવહારિક કેળવણી લે છે, અને ત્યાંથી જુદા જુદા સંસ્કારો મેળવે છે. ત્યાર પછી તેઓ પોતપોતાના ધંધામાં પ્રવેશ કરે છે. કેટલાક પોતે પોતાના કુળધર્મના અનુયાયી છે એમ ગણી બીજા ધર્મ-સંપ્રદાયોની માન્યતાઓ સાથે અગર વર્તમાન વિજ્ઞાન સાથે સમન્વય કરે છે અને પોતાની વિશાળ દૃષ્ટિ છે એમ માને છે.

કેટલાક આધુનિક સંસ્થાઓમાં અગર તો સાધુઓની, સંપ્રદાયની કે સંઘની ચાલુ સંસ્થાઓમાં જોડાય છે, અને તના ઉત્કર્ષ માટે પોતે પ્રયત્નો કરે છે એમ તે માને છે. એ રીતે અનેક જાતના કાર્યક્રમોમાં જીવો રોકાતાં સાચા ધર્મનું સ્વરૂપ કે દેવ, ગુરુ અને શાસ્ત્રોનું સ્વરૂપ

નક્કી કરવા તરફ લક્ષ ઘણે ભાગે જતું નથી, પોતે માનેલા ધર્મમાં રૂઢિગત ચાલતી ક્રિયાઓને વધારે કે ઓછે અંશે આચરે છે. ઓછા કે વધારે પ્રમાણમાં ધર્મબુદ્ધિથી આ પ્રમાણે ધર્મક્રિયાઓ કરીને પોતે ધર્મી છે એમ માની, એ માન્યતામાં તે સંતોષાઈ જાય છે, અને પોતાની ફરજ અદા કરે છે એમ ગણે છે, અગર પોતાને કૃતકૃત્ય માને છે.

સર્વજ્ઞ વીતરાગદેવ કહે છે કે:–જીવ જે કુળમાં જન્મ્યો હોય તે કુળમા માનવામાં આવતા દેવ, ગુરુ અને શાસ્ત્રો સાચાં હોય અને (ઓઘદષ્ટિએ) તેને તે સાચા તરીકે માનતો હોય તોપણ સાચા દેવના અને સાચા ગુરુના ગુણો શું છે અને સાચાં શાસ્ત્રો કયાં કહેવાય, દેવ-ગુરુ-શાસ્ત્રોમાં દોષો શું કહેવાય તેનો સૂક્ષ્મદષ્ટિથી વિચાર કરી બધાં પડખાંઓથી તેના ગુણદોષ (Merits and demerits)નો યથાર્થ નિર્ણય ન કર્યો હોય ત્યાં સુધી જીવને સાચી માન્યતા થતી નથી, તેથી તે ધર્મનો ખરો અનુયાયી નથી; તેની માન્યતામાં કાં તો સંદેહ રહે છે, કાં તો ઊંધાઈ રહે છે અથવા તો અનિર્ણય રહે છે; તેથી સાચા જ્ઞાનની દષ્ટિએ તે માન્યતા દોષિત છે. શાસ્ત્રની પરિભાષામાં આ માન્યતાને 'ગૃહીત મિથ્યાત્વ' કહે છે. આ માન્યતામાં મિથ્યાપણું હોવાથી તે મિથ્યાત્વ છે અને જન્મ થયા પછી તે ગ્રહણ કર્યું હોવાથી તેને ગૃહીત કહેવામાં આવે છે 'ગૃહીત મિથ્યાત્વ'નું સ્વરૂપ અને તેને મટાડવાના ઉપાયો આ શાસ્ત્રમાં ઘણી અસરકારક રીતે કહેવામાં આવેલ છે

ગૃહીત મિથ્યાત્વ ટળ્યા વિના અગૃહીત મિથ્યાત્વ ટળે નહી. જીવે પૂર્વે અનંતીવાર ગૃહીત મિથ્યાત્વ છોડયું છે પણ શુભ વિકલ્પથી આત્માને લાભ થાય એવું અનાદિથી ચાલ્યું આવતું અગૃહીત મિથ્યાત્વ છોડયું નથી તેથી આ સંસાર ઉભો રહ્યો છે.

મુમુક્ષુ જીવોએ દેવ, ગુરુ અને શાસ્ત્રનો સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત યથાર્થ નિર્ણય કરી ગૃહીત મિથ્યાત્વ છોડવું અને ઉપાદાનનો (પોતાના આત્માના અભેદસ્વરૂપનો) સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત યથાર્થ નિર્ણય કરવો કે જેથી સમ્યગ્દર્શનનો અપૂર્વ લાભ થાય.

આ શાસ્ત્રમાં તે સિવાય બીજા અગત્યના અને અભ્યાસ કરવા લાયક વિષયો પણ લેવામાં આવ્યા છે તેની વિગત વિષયસૂચીમાં આપી છે; માટે આ શાસ્ત્ર વાંચી-વિચારી તેના ભાવો આત્મામાં યથાર્થરૂપે પરિણમાવવા સર્વે જિજ્ઞાસુઓને વિનંતી છે.

સં. ૨૦૦૩<br>મહા સુદ-૫<br>સોમ.

રામજી માણેકચંદ દોશી.<br>પ્રમુખ,<br>શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ<br>સોનગઢ

---

## પાંચમી આવૃત્તિ પ્રસંગે.......

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિરસભીની મંગલ છાયામાં 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની જન્મશતાબ્દી નિમિત્તે' ટ્રસ્ટ તરફથી થનારાં પ્રકાશનો પૈકીનું આ 'સત્તાસ્વરૂપ'નું (આવૃત્તિ પાંચમી પ્રકાશન મુમુક્ષુઓ માટે અતિ ઉપયોગી છે.

આ ગ્રંથના અધ્યયન વડે મુમુક્ષુઓ નિજ કલ્યાણ સાધે—એવી ભાવના ભાવીએ છીએ.

વિ. સં. ૨૦૪૫, જેઠ સુદ ૫<br>(શ્રુત પંચમી તા. ૮-૬-૮૯)

——— પ્રકાશન સમિતિ<br>શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,<br>સોનગઢ

— ૦ —

ॐ

॥ नमः सद्गुरवे ॥

# વિષય-સૂચી

## ૧. અર્હંતદેવનું સ્વરૂપ.

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧. પોતાના હિતના વાંછકે તત્ત્વના નિર્ણયરૂપ કાર્ય જ કરવું. | ૧ |
| ૨. મોક્ષમાર્ગની પ્રયોજનભૂત રકમો. | ૭ |
| ૩. સર્વજ્ઞદેવના ગુણોના પ્રકાર. | ૧૦ |
| ૪. અર્હંતદેવનું સ્વરૂપ શા માટે જાણવું? તેના સાચા સેવક શામાટે બનવું? અને તેનો સાચો સેવક ક્યારે કહેવાય? | ૧૦-૩૦ |
| (૧) ઈચ્છારૂપી જે દુઃખ તેનો મટાડનાર સાચો વૈદ કોણ છે તે જાણવાની જરૂર | ૧૦ |
| (૨) અજ્ઞાનજનિત ઇચ્છા મટાડવાનો ઉપાય. | ૧૪ |
| (૩) કુળાદિ આશ્રયથી સાચાદેવાદિની પૂજામાં પ્રવર્તવું તે અજ્ઞાન છે. | ૧૬ |
| (૪) ગૃહીતમિથ્યાત્વ છૂટયું ક્યારે કહેવાય? | ૧૭ |
| (૫) સુદેવાદિકના સંબંધમાં સાચી લગનીનું સ્વરૂપ. | ૨૦ |
| (૬) દેવાદિકના સેવનથી કાંઈ વિશેષ ફળ આવે કે નહિ તે વિષે પ્રશ્નોત્તર. | ૨૫ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૭) પૂર્વોપાર્જિત કર્મોદયથી ઈષ્ટ અનિષ્ટ સંયોગનું આવવાપણું. ૨૫

(૮) સ્તોત્રાદિમાં ભગવાનને ઈષ્ટના કર્તા-અનિષ્ટના હર્તા કહ્યા છે તેનો સાચો અર્થ. ૨૯

(૯) પોતાનું ભલું બૂરું પોતાના પરિણામોથી જ થાય છે એ માનનાર ભગવાનનો સાચો સેવક છે. ૩૦

૫. જિનદેવના સેવકે સાચા દેવનું લક્ષણ જાણવું જ જોઈએ. ૩૧

૬. પ્રયોજનભૂત બાબતોની પ્રત્યક્ષ-અનુમાનાદિ પ્રમાણથી પરીક્ષા કરી પ્રતીતિ કરવી. ૩૨

૭ નીચેના બોલોનો યુક્તિપૂર્વક નિર્ણય કરીને અર્હંતદેવના સેવક થવા બાબત ૩૫-૫૭

(૧) ભગવાન ૧૮ દોષ રહિત છે. ૩૭

(૨) „ ૪૬ ગુણ સહિત છે. ૩૮

(૩) „ ધ્યાનમુદ્રાના ધારક છે. ૪૦

(૪) „ અનંતચતુષ્ટય સહિત છે. ૪૦

(૫) „ સમવસરણાદિ સહિત છે. ૪૧

(૬) „ સ્વર્ગ મોક્ષના નિમિત્ત છે. ૪૧

(૭) સામગ્રી કે સંયોગો દુઃખનું કારણ નથી, ચાર પ્રકારની ઈચ્છા જ દુઃખનું કારણ છે. સુખનો ઈલાજ સમ્યગ્દર્શન વગેરે છે એવા ઉપદેશના ભગવાન આપનાર હોવાથી તેઓ દુઃખ ટાળનાર કહેવાય છે. ૪૩

૮. અર્હંતદેવનું સાચું સ્વરૂપ. ૫૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ૨. સર્વજ્ઞસત્તાની સિદ્ધિ.


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧. આ કાળમાં પણ ઉત્તરોત્તર મહા દુર્લભ વાતોની પ્રાપ્તિ | ૫૫ |
| ૨. આત્મહિત માટે પ્રથમ સર્વજ્ઞનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ. | ૬૦ |
| ૩. આત્મહિત માટે ૧૦ વાતો દ્વારા સાચા દેવની આસ્તિકયતા લાવી સેવક થવા બાબત. | ૬૩ |
| ૪. સર્વજ્ઞની પરીક્ષા દ્વારા સિદ્ધિ | ૬૬-૯૩ |
| (૧) સર્વજ્ઞના અસ્તિત્વને જણાવનાર પ્રમાણની સિદ્ધિ | ૬૬ |
| (૨) અપ્રમાણજ્ઞાનનું સ્વરૂપ. | ૭૨ |
| (૩) મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત પદાર્થોનું સાચું જ્ઞાન સમ્યગ્દષ્ટિને હોય છે તે બાબત. | ૭૩ |
| (૪) પ્રમાણજ્ઞાનના ૧૩ ભેદોનું સ્વરૂપ. | ૭૫ |
| अ મૂળ પ્રયોજનભૂત રકમ હોવાથી સર્વજ્ઞનું સ્વરૂપ અનુમાનદ્વારા નિશ્ચય કરવા યોગ્ય છે તે બાબત. | ૭૭ |
| ब અનુમાન પ્રમાણરૂપ જ્ઞાનને સર્વજ્ઞના નિર્ણય તરફ લગાડવા બાબત. | ૭૯ |
| क સાચાસાધનના ભેદોનું સ્વરૂપ. | ૮૦ |
| ड તર્કપ્રમાણ અને અનુમાનપ્રમાણનું સ્વરૂપ. | ૮૪ |
| (૫) ઉદ્દેશ, લક્ષણ અને પરીક્ષાદ્વારા સર્વજ્ઞની સત્તાનો નિર્ણય. | ૮૬ |
| (૬) ચાર પ્રકારના અનુમાનથી સર્વજ્ઞની સિદ્ધિ. | ૯૦-૯૩ |
| अ એકદેશ આવરણની હાનિને સાધન બનાવી સર્વજ્ઞના અનુમાનની સિદ્ધિ. | ૯૦ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




ख થોડા ઘણા જ્ઞેયનું કોઈને પ્રત્યક્ષ છે તેને સાધન બનાવી સર્વજ્ઞની સિદ્ધિ. ૯૧

क સૂક્ષ્માદિ પદાર્થોને સાધન બનાવી સર્વજ્ઞની સિદ્ધિ. ૯૨

ङ સૂક્ષ્માદિ પદાર્થરૂપ જે ઉપદેશ વાક્યો છે તેને સાધન બનાવી સર્વજ્ઞની સિદ્ધિ. ૯૩

૫. કેવા જીવોને સાચા મોક્ષમાર્ગના સૂત્રોનું સાચું સત્યપણું ભાસે છે તે બાબત. ૯૯

૬. આત્મકલ્યાણની ભાવનાવાળાને ભલામણ. ૧૦૦

૭. કુળપદ્ધતિ વગેરેથી જિનદેવનો સેવક બનવાથી કલ્યાણ થતું નથી તે બાબત. ૧૦૧

૮. સૌથી પહેલાં તો પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરવી એ જ જિનમતની આમ્નાય છે. ૧૦૧

૯. સકલ પદાર્થોનું પ્રત્યક્ષ ભાસવાપણું. ૧૦૨

૧૦. સ્યાદ્વાદીને સર્વજ્ઞની સત્તાનો સદ્ભાવ અવશ્ય ભાસે છે તે બાબત. ૧૦૩

૧૧. જિનમતને બાધા પહોંચે તેવું સાંભળીને જેને તલાકપણું આવતું નથી તે જૈનાભાસી છે. ૧૦૬


卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ॐ

श्री सर्वज्ञाय नमः

# सत्तास्वरूप

મંગલમય મંગલકરણ, વીતરાગવિજ્ઞાન;
નમો તેહ જેથી થયા, [1]અરહંતાદિમહાન.

આ આત્માને સુખ પ્રિય છે અને તે સુખ સર્વ કર્મોના નાશથી પ્રાપ્ત થાય છે, પણ (ખોટા) જોરથી પ્રગટ થતું નથી; કર્મોનો નાશ ચારિત્રથી થાય છે અને ચારિત્ર છે તે પ્રથમ [2]અતિચારરહિત [3]સમ્યક્ત્વ થતાં તથા ચારે

---

૧ અર્હંત=જેમને અંતરંગમાં પૂર્ણજ્ઞાન (કેવળજ્ઞાન) તથા પૂર્ણ વીતરાગતા પ્રગટી છે તથા બાહ્યમાં જીવાદિ પદાર્થોનું સાચું મૂળ વક્તાપણું છે પણ આયુષ્યના કારણે જેઓ મનુષ્યશરીર સહિત છે એવા જીવન મુક્ત પુરુષો; તીર્થંકર ભગવાન.

૨ અતિચાર=દોષ; પ્રગટેલા ગુણોમાં પુરુષાર્થની નબળાઈથી લાગતા દોષો.

૩ સમ્યક્ત્વ=સાચી શ્રદ્ધા; હું શુદ્ધ છું, નિર્મળ છું એવા અખંડ વિષયની યથાર્થ પ્રતીતિ તેને નિશ્ચય સમ્યક્ત્વ કહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[1]અનુયોગદ્વારા મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમનું [2]સંશય-[3]વિપર્યય-[4]અનધ્યવસાયાદિ રહિત યથાર્થ જ્ઞાન થતાં યથાર્થચારિત્ર થાય છે, (અને) ત્યારે આળસ-મદ આદિ સમસ્ત (દોષ) દૂર થાય છે. શાસ્ત્રોનો શ્રવણ, [5]ધારણ, વિચારણા, [6]આમ્નાય અને [7]અનુપેક્ષાપૂર્વક અભ્યાસ કરે,

---

૧. અનુયોગ=ભગવાને કહેલો ઉપદેશ વિષયાનુસારે ચાર અધિકારમાં આવ્યો છે; તે દરેક અધિકારને અનુયોગ કહે છે.

૨ સંશય=विरुद्धानेककोटिस्पर्शि ज्ञानं संशयः= 'આ પ્રમાણે છે કે આ પ્રમાણે છે' એવું જે પરસ્પર વિરુદ્ધતા પૂર્વક બે પ્રકારરૂપ જ્ઞાન તેને સંશય કહે છે દા. ત. આત્મા પોતાના કાર્યને કરી શકતો હશે કે જડના કાર્યને કરી શકતો હશે એવું જાણવું તે સંશય.

૩ વિપર્યય=विपरीतैककोटीनिश्चयो विपर्ययः=વસ્તુસ્વરૂપથી વિરુદ્ધતા પૂર્વક 'આ આમ જ છે' એવું એકરૂપ જ્ઞાન તેનું નામ વિપર્યય છે દા. ત. શરીરને આત્મા જાણવો તે.

૪ અનધ્યવસાય=किमित्यालोचनमात्रमनध्यवसायः=' કંઈક છે' એવો નિર્ધાર રહિત વિચાર તેનું નામ અનધ્યવસાય છે. જેમકે 'હું કોઈક છું' એમ જાણવું તે અનધ્યવસાય છે.

૫ ધારણા=ગ્રહી લેવું તે, યાદ રાખી લેવું તે.

૬ આમ્નાય=પરંપરા, આપ્ત પુરુષે કહેલ ઉપદેશની ચાલી આવતી પરંપરા, પ્રણાલિકા.

૭ અનુપ્રેક્ષા=વારંવાર ચિંતવન કરવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી સર્વ કલ્યાણનું મૂળ કારણ એક આગમનો યથાર્થ અભ્યાસ છે. ત્યાં આ સંસારવનમાં ભ્રમણ અનાદિકાળથી છે તેથી જીવોને શાસ્ત્રાભ્યાસ થવાનો અવસર પામવો અત્યંત દુર્લભ છે, કારણ કે–સંસારમાં ઘણો કાળ તો એકેંદ્રિયપર્યાયમાં પૂર્ણ થાય છે. ત્યાં તો માત્ર એક સ્પર્શન ઇંદ્રિયનું જ કિંચિત્ જ્ઞાન હોય છે. વળી બેઇંદ્રિયાદિથી [1]અસંજ્ઞી પંચેદ્રિય સુધી તો તેમને વિચાર કરવાની શક્તિ જ નથી, નર્કગતિમાં શાસ્ત્રાભ્યાસ થવાનો સંભવ જ નથી, કોઈ જીવને પૂર્વવાસના હોય તો અંતરંગમાં કદાચિત્ થાય; દેવગતિમાં જે નીચજાતિના દેવો છે તે તો જે વિષયસામગ્રી મળી છે તેમાં જ અત્યંત આસક્ત છે, તેમને તો ધર્મવાસના જ ઉત્પન્ન થતી નથી, તથા ઉચ્ચપદવાળા કોઈ દેવો છે, તેમને ધર્મવાસના ઉત્પન્ન થાય છે; તે વિશેષપણે મનુષ્યાદિપર્યાયોમાં ધર્મસાધનની યોગ્યતાથી જ એવાં પદ પામે છે. મનુષ્યપર્યાયમાં ઘણા જીવો તો [2]લબ્ધ્યપર્યાપ્તક છે તેમનું તો આયુષ્ય જ એક શ્વાસના અઢારમા ભાગમાત્ર છે, તે જીવો તો [3]પર્યાપ્તિની પૂર્ણતા જ કરતા નથી.

---

૧ અસંજ્ઞી=મન વગરના પ્રાણી.

૨ લબ્ધ્યપર્યાપ્તક=જે જીવની એક પણ પર્યાય પૂર્ણ થઈ ન હોય તથા ન થવાવાળી હોય તેને લબ્ધ્યપર્યાપ્તક કહે છે.

૩ પર્યાપ્તિ=ઇંદ્રિયાદિરૂપ શક્તિની પૂર્ણતામાત્રને પર્યાપ્તિ કહે છે (પર્યાપ્તિ=પૂર્ણતા).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી કદાચિત્ અલ્પઆયુ પામે તો ગર્ભમાં જ વા બાલ્યાવસ્થામાં જ મરણ થઈ જાય છે તથા મોટું આયુષ્ય પામે તો શૂદ્ર આદિ હલકા કુળોમાં ઉપજવું થાય છે. તથા જો ઉચ્ચકુલ પામે તો ઇંદ્રિયોની પરિપૂર્ણતા વા શરીરની નિરોગતા પામવી દુર્લભ છે, વળી એનાથી ભલા ગામાદિમાં (ઉત્તમ દેશાદિમાં) ઉપજવું દુર્લભ છે અને ત્યાં પણ ધર્મવાસના થવી મહા દુર્લભ છે, તથા સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનો સંબંધ મળવો એથી પણ મહા દુર્લભ છે. ત્યાં પણ પૂજા, દાન, શીલ, સંયમાદિ વ્યવહારધર્મની વાસના તો કદાચિત્ ઉપજી પણ જાય પરંતુ જેનાથી અનાદિ [1]મિથ્યાત્વરોગ મટે એવાં નિમિત્તોનું મળવું તો ઉત્તરોત્તર મહા દુર્લભ જાણી આ (હલકા) નિકૃષ્ટકાળમાં જૈનધર્મનું યથાર્થ શ્રદ્ધાનાદિ થવું તો કઠણ છે જ, પરંતુ તત્ત્વનિર્ણયરૂપ ધર્મ તો બાળ, વૃદ્ધ, રોગી, નિરોગી, ધનવાન, નિર્ધન સુક્ષેત્રી તથા કુક્ષેત્રી ઇત્યાદિ સર્વ અવસ્થામાં પ્રાપ્ત થવા યોગ્ય છે, તેથી જે પુરુષ પોતાના હિતનો [2]વાંછક છે તેણે તો સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે. કહ્યું છે કે—

**न क्लेशो न धनव्ययो न गमनं देशान्तरे प्रार्थना।**
**केषांचिन्न बलक्षयो न तु भयं पीडा न कस्माच्च न॥**

---

૧ મિથ્યાત્વ=ખોટો અભિપ્રાય, ખોટી શ્રદ્ધા, વસ્તુના સ્વરૂપની અયથાર્થ શ્રદ્ધા.

૨ વાંછક=ઇચ્છનાર, અભિલાષી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सावद्यं न न रोगजन्मपतनं नैवान्यसेवा न हि।
चिद्रूपं स्मरणे फलं बहुतरं किन्नाद्रियन्ते बुधाः* ॥

તત્ત્વજ્ઞાન તરંગિણી અ. ૪ શ્લોક ૧

વળી જે તત્ત્વનિર્ણયના [1]સન્મુખ નથી થયા તેમને [2]ઓલંભો આપ્યો છે કે–

×साहीणे गुरुजोगे जे ण सुणंतीह धम्मवयणाई।
ते धिट्ठदुट्ठचित्ता अह सुहडा भवभयविहुणा ॥

( મોક્ષમાર્ગ પ્રકાશક પા. ૨૪ ગુજરાતી )

---

*અર્થ:—ચિદ્રૂપ આત્માનું સ્મરણ કરવામાં નથી ક્લેશ થતો, નથી ધન ખર્ચવું પડતું, નથી દેશાન્તરે જવું પડતું, નથી કોઈ પાસે પ્રાર્થના કરવી પડતી, નથી બળનો ક્ષય થતો, નથી કોઇ તરફથી ભય કે પીડા થતી; વળી તે સાવદ્ય નથી, નથી રોગ કે જન્મમરણમાં પડવું પડતું, નથી કોઈની સેવા કરવી પડતી, આવી કોઈ મુશ્કેલી વિના ચિદ્રૂપ આત્માના સ્મરણનું ઘણું જ ફળ છે તો પછી બુધ પુરુષો તેને કેમ આદરતા નથી?

૧ સન્મુખ=વલણવાળા.

૨ ઓલંભો=ઠપકો.

×અર્થ:-ગુરુનો યોગ સ્વાધીન ( મળી શકે એમ ) હોવા છતાં જેઓ ધર્મ વચનોને સાંભળતા નથી તેઓ ધૃષ્ટ અને દુષ્ટ ચિત્તવાળા છે અથવા તેઓ ભવભયરહિત ( જે સંસારભયથી શ્રી તીર્થંકરાદિક ડર્યા તેનાથી નહિ ડરનારા ઊંધા ) સુભટો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં જે શાસ્ત્રાભ્યાસ દ્વારા તત્ત્વનિર્ણય તો નથી કરતા અને વિષયકષાયનાં કાર્યોમાં જ મગ્ન છે તે તો અશુભોપયોગીમિથ્યાદૃષ્ટિ છે તથા જે સમ્યગ્દર્શન વિના પૂજા, દાન, તપ, શીલ, સંયમાદિ વ્યવહારધર્મમાં મગ્ન છે તે શુભોપયોગીમિથ્યાદૃષ્ટિ છે. માટે તમે ભાગ્યઉદયથી [૧]મનુષ્યપર્યાય પામ્યા છો તો સર્વધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન અને તેનું મૂળ કારણ તત્ત્વનિર્ણય તથા તેનું પણ મૂળ કારણ શાસ્ત્રાભ્યાસ, તે અવશ્ય કરવા યોગ્ય છે, પણ જે આવા અવસરને વ્યર્થ ગુમાવે છે તેમના ઉપર બુદ્ધિમાન કરુણા કરે છે; કહ્યું છે કે—

*प्रज्ञैव दुर्लभा सुष्ठु दुर्लभा सान्यजन्मने ।
तां प्राप्य ये प्रमाद्यन्ति ते शोच्याः खलु धीमत्ताम् ॥९४॥

(આત્માનુશાસન)

તેથી જેને સાચા જૈની થવું છે, તેણે તો શાસ્ત્રના આશ્રયે તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે, પણ જે તત્ત્વનિર્ણય તો નથી કરતો અને પૂજા, સ્તોત્ર, દર્શન, ત્યાગ, તપ, વૈરાગ્ય, સંયમ, સંતોષ આદિ બધાંય કાર્યો કરે છે તેનાં એ બધાંય કાર્યો અસત્ય છે. માટે આગમનું સેવન, યુક્તિનું

---

૧ મનુષ્ય=પર્યાયમનુષ્યનું શરીર, મનુષ્યભવ.

*અર્થ:—આ સંસારમાં બુધ્ધિ હોવી જ દુર્લભ છે, અને પરલોક અર્થે બુધ્ધિ થવી તો અતિ દુર્લભ છે. એવા બુધ્ધિ પ્રાપ્ત થવા છતાં જેઓ પ્રમાદ કરે છે તે જીવો વિષે જ્ઞાનીઓને શોચ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવલંબન, પરંપરા ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે. જિનવચન છે તે ચારે અનુયોગમય છે એ રહસ્ય જાણવા યોગ્ય છે, ત્યાં જિન-વચન તો અપાર છે, તેનો પાર તો શ્રીગણધરદેવ પણ પામ્યા નહિ માટે એમાં જે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત રકમ છે તે તો નિર્ણયપૂર્વક અવશ્ય જાણવા યોગ્ય છે. કહ્યું છે કે-

×अन्तो णत्थि सुईणं कालो थोओवयं च दुम्मेहा ।
तं णवर सिक्खियव्वं जिं जरमरणक्खयं कुणहि ॥९८॥

(પાહુડ-દોહા)

ત્યાં મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમ કઈ કઈ છે તે અહીં દર્શાવીએ છીએ. જિનધર્મ-જિનમત, દેવ-કુદેવ, ગુરુ-કુગુરુ, શાસ્ત્ર-કુશાસ્ત્ર, ધર્મ-કુધર્મ-અધર્મ, [1]હેય-[2]ઉપાદેય, તત્ત્વ-અતત્ત્વ-કુતત્ત્વ, માર્ગ-કુમાર્ગ-અમાર્ગ, સંગતિ-કુસંગતિ, સંસાર-મોક્ષ, જીવ, અજીવ, આસ્રવ,

---

×અર્થ:-શ્રુતિઓનો અંત નથી, કાળ થોડો છે અને અમે દુર્બુધ્ધિ (અલ્પબુધ્ધિવાળા) છીએ, તેથી (હે જીવ!) તારે તે શીખવા યોગ્ય છે કે જેનાથી તું જન્મમરણનો નાશ કરી શકે.

૧ હેય=છોડવા યોગ્ય.

૨ ઉપાદેય=આદરવા યોગ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, [1]જીવ, [2]પુદ્‌ગલ, [3]ધર્મ, [4]અધર્મ, [5]આકાશ, [6]કાલ, વસ્તુ, [7]દ્રવ્ય, [8]ગુણ, [9]પર્યાય, [10]દ્રવ્યપર્યાય, [11]અર્થપર્યાય, [12]વ્યંજનપર્યાય, અસમાન-**

---

૧ જીવ=જેમાં જ્ઞાનાદિ ગુણો રહેલાં છે એવી હયાતિ ધરાવનારી, વાસ્તવિક આકારવાળી વસ્તુ.

૨ પુદ્‌ગલ=જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ગુણો રહેલાં છે એવું અજીવ દ્રવ્ય.

૩ ધર્મ=ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ગમન કરવામાં જે વસ્તુ ઉદાસીન નિમિત્ત થાય છે તેને ધર્મ દ્રવ્ય કહે છે.

૪ અધર્મ=ગતિ કરીને સ્થિર થતાં જીવ અને પુદ્‌ગલને સ્થિર થવામાં જે વસ્તુ ઉદાસીન નિમિત્ત થાય છે તેને અધર્મ દ્રવ્ય કહે છે.

૫ આકાશ=જે વસ્તુ જીવ વગેરે પાંચે દ્રવ્યોને રહેવાને માટે જગ્યા આપે તેને આકાશ દ્રવ્ય કહે છે.

૬ કાલ=જીવાદિ દ્રવ્યોના પરિણમનમાં જે વસ્તુ ઉદાસીન નિમિત્ત થાય તેને કાલ દ્રવ્ય કહે છે.

૭ દ્રવ્ય=ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. (દ્રવ્ય=પદાર્થ, વસ્તુ, ચીજ)

૮ ગુણ=વસ્તુના પૂરા ભાગમાં અને તેની બધી હાલતોમાં જે રહે તેને ગુણ કહે છે.

૯ પર્યાય=વસ્તુની એક સમયની હાલતને પર્યાય કહે છે. (પર્યાય= અવસ્થા, હાલત, વસ્તુની વર્તમાન વર્તતી દશા).

૧૦ દ્રવ્યપર્યાય=પ્રદેશોની સંખ્યાનું માપ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાતિવિભાવદ્રવ્યવ્યંજનપર્યાય[1], [2]સ્વભાવવ્યંજનપર્યાય, [3]સ્વભાવઅર્થપર્યાય, [4]શુદ્ધઅર્થપર્યાય, [5]અશુદ્ધઅર્થપર્યાય, [6]સામાન્યગુણ અને [7]વિશેષગુણ. એ પ્રમાણે સત્તાનો નિશ્ચય કરી હવે તેનું સ્વરૂપ કહીએ છીએ—

---

૧૧ અર્થપર્યાય=પ્રદેશત્વ ગુણ સિવાયના અન્ય સમસ્ત ગુણોના પરિણમનને અર્થપર્યાય કહે છે.

૧૨ વ્યંજનપર્યાય=પ્રદેશત્વ ગુણના પરિણમનને વ્યંજનપર્યાય કહે છે. તેને દ્રવ્યપર્યાય પણ કહે છે.

૧ વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય=પરોપાધિ નિમિત્તથી થતા પ્રદેશત્વ ગુણના ફેરફારને વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય કહે છે. જેમ કે જીવની નર-નારકાદિ પર્યાય અને પુદ્ગલની દ્વિ-અણુકાદિ પર્યાય. આ વિભાવ-દ્રવ્યવ્યંજનપર્યાય જીવ અને પુદ્ગલમાં જ હોય છે.

૨ સ્વભાવવ્યંજનપર્યાય=પરોપાધિ વગર પ્રદેશત્વ ગુણમાં જે ફેરફાર થાય છે તેને સ્વભાવવ્યંજનપર્યાય કહે છેઃ જેમ કે જીવની સિધ્ધ પર્યાય.

૩ સ્વભાવઅર્થપર્યાય=અગુરૂલઘુગુણના પરિણમનને સ્વભાવ-પર્યાય કહે છે, તેને સ્વભાવઅર્થપર્યાય પણ કહી શકાય છે.

૪-૫ શુદ્ધઅર્થપર્યાય, અશુદ્ધઅર્થપર્યાય=પરોપાધિની અપેક્ષા રહિત પ્રદેશત્વગુણ સિવાયના અન્ય ગુણોના ફેરફારને [1]શુદ્ધઅર્થપર્યાય અને પરોપાધિની અપેક્ષા સહિતના પરિણમનને [2]અશુધ્ધઅર્થપર્યાય કહે છે. જેમ કે [1]જીવનું કેવળજ્ઞાન; [2]જીવના રાગદ્વેષ.

૬ સામાન્યગુણ=જે ગુણ બધા દ્રવ્યમાં સાધારણરૂપથી મળી આવે તેને સામાન્યગુણ કહે છે. દા. ત. અસ્તિત્વ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં સર્વજ્ઞને વ્યવહાર-નિશ્ચયરૂપ બે પ્રકારની કથનીના આશ્રયથી બે જાતિના ગુણ હોય છે, વા બાહ્ય-અભ્યંતર-પણાથી ગુણ બે પ્રકારના છે, અથવા [1]નિઃશ્રેયસ અને [2]અભ્યુદયના ભેદથી ગુણ બે પ્રકારના છે, વળી [3]વચન-વિવક્ષાથી ગુણ સંખ્યાતા હોય છે, તથા વસ્તુસ્વરૂપની અપેક્ષાએ અનંતગુણ હોય છે, તેને સત્યાર્થજ્ઞાનવડે યથા-વત્ જાણતાં સ્વરૂપ ભાસશે.

કારણ કે આ જીવ, અનાદિકાળથી સંસારમાં ભમતો મિથ્યાબુદ્ધિવડે [4]પર્યાયના [5]પ્રપંચને સત્યરૂપ જાણી તેમાં મગ્ન થયો થકો પ્રવર્ત્તે છે. પરંતુ દુઃખની પીડા તો બની જ (કાયમ જ) રહે છે તેનાથી તરફડી તરફડી અનેક ઉપાય કરે છે પરંતુ આકુલતા-ઈચ્છારૂપ જે દુઃખ તે તો અંશમાત્ર પણ ઘટતું નથી. જેમ [6]મૃગીનો રોગ કોઈ વેળા તો ઘણો

---

૭ વિશેષગુણ=જે ગુણ બધા દ્રવ્યોમાં ન મળી આવે તેને વિશેષ ગુણ કહે છે દા. ત. જીવ દ્રવ્યમાં જ્ઞાન, પુદ્ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ.

૧ નિઃશ્રેયસ=મોક્ષ. (નિતરાં શ્રેયઃ નિશ્ચિતં શ્રેયઃ=અત્યંત કલ્યાણ, નિશ્ચય કલ્યાણ).

૨ અભ્યુદય=પુણ્યનો ઠાઠ.

૩ વચનવિવક્ષા=વચનથી કહેવાય એવા.

૪ પર્યાય=શરીર.

૫ પ્રપંચ=વિસ્તાર.

૬ વાયનો રોગ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ થાય તથા કોઈ વેળા થોડો પ્રગટ થાય પણ અંતરંગમાં તો રોગ હમેશાં કાયમ રહ્યા કરે છે; જ્યારે એ રોગીને પુણ્યોદયરૂપ કાળલબ્ધિ આવે, પોતાના ઉપાયથી સિદ્ધિ ન થતી જાણે અને તેને (એ ઉપાયોને) જુઠા માને ત્યારે તે સાચો ઉપાય કરવાનો અભિલાષી થાય. 'હવે મારે સાચા ઉપાયનો નિશ્ચય કરી મારો રોગ જે પ્રકારથી મટે તે ઔષધિ લેવી' ત્યાં પહેલાં ઉપાય તો કર્યો હતો પણ તે સાચો નહોતો, પછી સાચા ઉપાય વડે રોગ જેનો ગયો હોય તે વૈદ્યથી સાચો ઉપાય જાણી શકાય. કારણ કે જેને રોગ, ઔષધિ, પથ્ય અને નિરોગતાનું સ્વાશ્રિતસંપૂર્ણજ્ઞાન હોય તે જ સાચો વૈદ્ય છે. અને તે જ બીજાને પણ સારી રીતે બતાવે. માટે જેને મૃગીના દુઃખથી ભય ઉપજ્યો હોય, સાચો રોગ ભાસ્યો હોય, 'સાચી ઔષધિ વૈદ્યની દર્શાવેલી જ આવશે' એવું [1]જાંચપણું ઉપજ્યું હોય વા જેને મૃગીનો રોગ ગયેલાની સુરત (મુદ્રા-શીકલ) દેખી ઉત્સાહ ઉપજ્યો હોય તે આ ચાર અભિપ્રાયપૂર્વક વૈદ્યના ઘેર જાય. ત્યાં પ્રથમ તો વૈદ્યની આકૃતિ, કુલ, અવસ્થા નિરોગીતાનું ચિન્હ વા પ્રકૃતિ વગેરે સર્વને પ્રત્યક્ષ જાણે અથવા અનુમાનથી વા કોઈના કહેવાથી સારી રીતે નિશ્ચય કરે છે ત્યારે આમ ભાસે છે કે–પરમાર્થથી અન્યનું ભલું કરવાવાળો સાચો વૈદ્ય આ જ છે અને ત્યારે પોતે તેને પોતાની સંપૂર્ણ હકીક્ત નિષ્કપટપણે

---

૧. ખરાપણું, નક્કીપણું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે, કે આ પ્રમાણે મારામાં રોગ છે વા મારામાં રોગની આ અવસ્થા થાય છે પણ હવે એ રોગ જવાનો સાચો ઉપાય હોય તે આપ કહો! ત્યારે તે વૈદ્ય, તેને રોગવડે દુઃખી-ભયવાન જાણી રોગ દૂર થવાનો સાચો યથાર્થ ઉપાય દર્શાવે છે. પછી એ સાંભળી ઔષધિ લેવી શરૂ કરે. વૈદ્યને પોતાનો રોગ દર્શાવવાથી તથા તેનો ઉપાય દર્શાવવાથી પાકો આ-સ્થાભાવ લાવે. જ્યાંસુધી પોતાનો રોગ ન જાય ત્યાંસુધી એ વૈદ્યનો સેવક-અનુચર થઈ પ્રવર્તે. નાડી દેખાડવા, ઔ-ષધિ લેવા, દુઃખી-સુખી અવસ્થાની પુછપરછ કરવા, ખાન-પાનાદિ પથ્યનો વિધાન પુછવા વા તેમને રોગ દૂર થયો છે તેથી પોતાને ધૈર્ય-હર્ષ અને વિશ્રામ આવવા વા તેની મુદ્રા જોવા ઈત્યાદિ પ્રયોજન અર્થે વારંવાર વૈદ્યના ઘેર આવ્યા કરે તથા તેની [1]શુશ્રૂષા-પૂજા કર્યા કરે અને તેઓ ઔષધિ દર્શાવે તે વિધિપૂર્વક લે વા પથ્યાદિની સાવધાની રાખે. પછી જ્યારે તેને રોગ દૂર થાય ત્યારે તે સુખઅવસ્થામાં પ્રાપ્ત થાય. એ પ્રમાણે નિરોગતા થવાનું મૂળ કારણ સાચો વૈદ્ય ઠર્યો. કારણ વૈદ્ય વિના રોગ કેવી રીતે જાય તથા રોગ ગયા વિના સુખી કેવી રીતે થાય! માટે પ્રથમ અવસ્થામાં [2]અવ્યાપ્તિ, [3]અતિવ્યાપ્તિ અને [4]અસંભવ એ ત્રણ દોષ

---

૧ શુશ્રૂષા=સેવા.

૨ અવ્યાપ્તિ=જ્યાં લક્ષણ લક્ષ્યના પુરા ભાગમાં (ઓળખવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહિત સ્વરૂપનો નિર્ણય કરવો યોગ્ય છે. ત્યાં રોગનું નિદાન, રોગનું લક્ષણ, ચિકિત્સાનું પાકું જ્ઞાન હોય તથા રાગદ્વેષ-રૂપ મતલબ જેને ન હોય તે પરમાર્થ (સાચો) વૈદ્ય છે. પણ વૈદ્યના એ ગુણોને તો ન ઓળખે અને ઔષધિની જાતિ તથા નાડી દેખવાનું જ જાણે, ઇત્યાદિ ગુણોના આશ્રયે વિષરૂપ ઔષધિ જો તે લેશે તો તેનું બુરૂં જ થશે. કારણ કે જગતમાં પણ એવું કહેવાય છે કે 'અજાણવૈદ્ય યમ બરાબર છે' માટે સાચા વૈદ્યનો જેટલો કાળ સંબંધ ન મળે તો ઔષધિ ન લેવી તો ભલી છે પણ આતુર થઈ અપ્રમાણિક વૈદ્યની ઔષધિ લેવાથી ઘણું દુઃખ ઉત્પન્ન

---

યોગ્ય પુરી વસ્તુમાં) ન મળી આવે ત્યાં અવ્યાપ્તિ દોષ આવે છે. દા. ત. રાગ તે જીવનું લક્ષણ ગણવાથી રાગથી બધા જીવો એટલે કે સિદ્ધ જીવો ઓળખાતા નથી તેથી રાગ તે લક્ષ્ય જીવના એક ભાગમાં રહેતું હોવાથી અવ્યાપ્તિ દોષ આવે છે.

૩ અતિવ્યાપ્તિ=જો લક્ષણ અલક્ષ્ય (ન ઓળખવા યોગ્ય વસ્તુ)માં પણ મળી આવે તો ત્યાં અતિવ્યાપ્તિ દોષ આવે છે. દા. ત. આત્માનું લક્ષણ અરૂપી ગણવાથી અરૂપી ગુણ આકાશાદિ પદાર્થમાં પણ હોવાથી એકલું જીવ દ્રવ્ય જ ઓળખાતું નથી. પણ તે લક્ષણ વડે બીજા દ્રવ્યો ઓળખાઈ જતા હોવાથી અતિવ્યાપ્તિ દોષ આવે છે.

૪ અસંભવ=ઓળખવા યોગ્ય ચીજમાં લક્ષણનું હોવાપણું બીલકુલ જોવામાં ન આવતું હોય ત્યાં અસંભવ દોષ આવે છે. જેમ કે જીવનું લક્ષણ અચેતન કહેવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે. તે તમે તમારા ચિત્તમાં વિચાર કરીને જુઓ. જેને (રોગનો) ઈલાજ કરાવવો હોય તે પહેલાં વૈદ્યનો જ નિશ્ચય કરે છે, ત્યાં પ્રથમ તો બીજાના કહેવાથી વા અનુમાનથી તેના સ્વરૂપનો નિશ્ચય કરી વૈદ્ય પ્રત્યે આસ્થા લાવે છે પછી તેની કહેલી ઔષધિનું સાધન કરે છે તથા પોતાને રોગની મંદતા થતી જાય ત્યારે સુખી થાય અને ત્યારે સ્વાનુભવજનિત પ્રમાણદ્વારા વૈદ્યનું સાચાપણું ભાસતું જાય.

એ જ પ્રમાણે આ જીવને આકુલતાચિન્હ સહિત અજ્ઞાનજનિત ઈચ્છાનામનો રોગ બની રહ્યો છે. તેથી કોઈ વેળા-વિશેષ આકુલતા થાય છે તથા કોઈ વેળા ઓછી આકુલતા થાય છે પરંતુ એ ઈચ્છા નામનો રોગ હંમેશાં બની જ રહ્યો છે, જ્યારે કોઈ [1]ભવ્યજીવને મિથ્યાત્વાદિના ક્ષયોપશમથી તથા ભલું થવું સર્જિત હોવાથી [2]કાળલબ્ધિ નજીક આવે છે ત્યારે 'પોતાના કરેલા વિષયસેવનરૂપ ઉપાયોથી સિદ્ધિ ન થઈ' એમ જાણી તેને અસત્ય જાણે ત્યારે સત્ય ઉપાયનો નિશ્ચય કરી મારો ઈચ્છા નામનો રોગ જે પ્રકારથી મટે એ પ્રમાણે સત્યધર્મનું [3]સાધન કરવું. ત્યાં સત્ય

---

૧ ભવ્યજીવ=મોક્ષ પામવાને લાયકાતવાળો જીવ.

૨ કાળલબ્ધિ=સ્વકાળ (પોતાની પર્યાય)ની પ્રાપ્તિ, પોતાના પુરુષાર્થને ફોરવવારૂપ અવસ્થા.

૩ સાધન કરવું=સેવવું, આદરવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મનું સાધન તો ઇચ્છારોગ મટવાનો ઉપાય છે, પણ તે તો જે પહેલાં પોતે ઇચ્છારોગસહિત હતો અને પાછળથી સત્યધર્મનું સાધન કરી જેને એ ઇચ્છારોગનો સર્વથા અભાવ થયો હોય તેનાથી દર્શાવ્યો જાણી શકાય છે, કારણ કે–રાગ, ધર્મ, સાચીપ્રવૃત્તિ, [1]સમ્યગ્જ્ઞાન વા વીતરાગદશારૂપ નિરોગતા તેનું આદિથી અંતસુધીનું સાચું સ્વરૂપ સ્વાશ્રિતપણે તેને જ ભાસે છે, અને તે જ અન્યને દર્શાવવાવાળા છે, માટે જેને અજ્ઞાનજનિત ઇચ્છા નામના રોગથી ભય ઉત્પન્ન થયો હોય, સાચો રોગ ભાસ્યો હોય, એ રોગને મટવાની સાચી ધર્મવાર્તા શ્રીસર્વજ્ઞવીતરાગભગવાને બતાવેલી આવશે (એવો નિશ્ચય થયો હોય). વા જેનો એ ઇચ્છારોગ મટયો છે, તેની મૂર્તિ દેખવાથી ઉત્સાહ ઉત્પન્ન થયો હોય, તે જ જીવ રોગીની માફક વા યાચકની માફક શાંતરસની રસિકતાથી ભગવાનરૂપ વૈદ્યનો આશ્રય લે. એ પ્રમાણે શાંતરસની મૂર્તિનાં દર્શનના પ્રયોજન અર્થે કાય-વચન-મન-નેત્ર આદિ સર્વ અંગથી યથાવત્ [2]હાવભાવ-[3]કટાક્ષ વિલાસવિભ્રમ થઈ જાય તેમ ચાર પ્રકારરૂપ પોતાના પરિણામને બનાવી જિનમંદિરમાં આવે, ત્યાં પ્રથમ તો આગળ અન્ય સેવક બેઠા

---

૧ સમ્યગ્જ્ઞાન=સાચું જ્ઞાન, વસ્તુના સ્વરૂપને યથાર્થ રીતે જાણવું તે; પરથી ભિન્ન આત્માનું સચું ભાન.

૨ હાવભાવ=શરીર ને મનની ચેષ્ટા.

૩ કટાક્ષ=પ્રેમથી ભરેલી વક્ર દ્રષ્ટિ, પ્રેમથી ભરેલા વ  વચનો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય તેમને સુદેવનું સ્વરૂપ પૂછે વા અનુમાનાદિથી નિર્ણય કરે તથા આમ્નાયને માટે દર્શનાદિ કરતો જાય, પણ પોતે ત્યારે સેવક બને છે વા તેમનો ઉપદેશેલો માર્ગ ત્યારે ગ્રહણ કરે છે વા તેમનાં કહેલાં તત્ત્વોનું ત્યારે શ્રદ્ધાન કરે છે કે જ્યારે પહેલાં આગમ સાંભળી વા અનુમાનાદિથી સ્વરૂપનો નિશ્ચય સાચો થઈ ચુકયો હોય. પણ જેને સાચો સ્વરૂપનો નિર્ણય થયો જ નથી તથા વિશેષ સાધનનું યથાર્થ જ્ઞાન થયું જ નથી ત્યારે તે નિર્ણય વિના કોનો સેવક બની દર્શન કરે છે વા જાપ કરે છે? કોઈ કહે 'અમે તો સાચાદેવ જાણી કુળના આશ્રયથી વા [1]પંચાયતના આશ્રયથી પૂજા-દર્શનાદિ ધર્મબુદ્ધિપૂર્વક કરીએ છીએ' તેને કહીએ છીએ કે—

એ દેવ તો સાચા જ છે પરંતુ તમારા જ્ઞાનમાં તેનું સાચાપણું ભાસ્યું નથી, જેમ તમે પંચાયત વા કુલાદિના આશ્રયે ધર્મબુદ્ધિથી પૂજાદિ કાર્યોમાં પ્રવર્તો છો તે જ પ્રમાણે અન્યમતાવલંબી પણ ધર્મબુદ્ધિથી વા પોતાની પંચાયત વા કુલાદિકના આશ્રયે પોતાના દેવાદિકની પૂજાદિ કરે છે તો ત્યાં તમારામાં અને તેમનામાં વિશેષ ફરક કયાં રહ્યો? ત્યારે તે શંકાકાર કહે છે કે-અમે તો સાચા જિનદેવની પૂજાદિક કરીએ છીએ, પણ અન્ય મિથ્યાદેવની પૂજાદિક કરે છે એટલી તો વિશેષતા છે? તેને કહીએ છીએ કે-

---

૧ પંચાયત—જનસમૂહ, આગળ પડતાં માણસો, જ્ઞાતિ, સંઘ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(વાસ્તવિક) ધર્મબુદ્ધિ તો તમારામાં પણ નથી તથા એ અન્યમાં પણ નથી, જેમ બે બાળક અજ્ઞાની હતા એ બંનેમાં એક બાળકના હાથમાં હીરો આવ્યો તથા બીજાના હાથમાં એક બિલોરી પત્થર આવ્યો, એ બંનેએ શ્રદ્ધાપૂર્વક તેને પોતપોતાના આંચળમાં (કપડાના છેડામાં) બાંધી લીધા પરંતુ બંને બાળકોને તેનું યથાર્થ મતિજ્ઞાન નથી એ અપેક્ષાએ તે બંને અજ્ઞાની જ છે. જેના હાથમાં હીરો આવ્યો તે હીરો જ છે તથા બિલોરપત્થર આવ્યો તેની પાસે બિલોરપત્થર જ છે.

ત્યારે તે કહે છે કે–અન્યમતવાળાને ગૃહિતમિથ્યાત્વ છે અને અમે તો સાચાદેવાદિની પૂજા કરીએ છીએ–અન્યદેવાદિની નથી કરતા તેથી અમને ગૃહિતમિથ્યાત્વ તો છૂટયું છે, એટલો નફો તો થયો! તેને કહીએ છીએ કે–

તમને ગૃહિતમિથ્યાત્વનું જ જ્ઞાન નથી કે ગૃહિતમિથ્યાત્વ કોને કહેવાય? તમે તો ગૃહિતમિથ્યાત્વ આમ માન્યું છે કે–'અન્ય મિથ્યાદેવાદિનું સેવન કરવું', પણ એ ગૃહિતમિથ્યાત્વનું (સાચું) સ્વરૂપ ભાસ્યું નથી. તેનું ખરૂં સ્વરૂપ શું છે તે અહીં કહીએ છીએ—

જે દેવ-ગુરુ-શાસ્ત્ર-ધર્મ ઇત્યાદિકનો બાહ્યલક્ષણોના આશ્રયે સત્તા, સ્વરૂપ, સ્થાન, ફલ, [1]પ્રમાણ, [2]નય ઇત્યાદિ-

૧ પ્રમાણ=સાચું જ્ઞાન, આખી વસ્તુને યથાર્થપણે જાણવી તે.

૨ નય=વસ્તુના એક પડખાને પેટામાં રાખી બીજા પડખાને મુખ્ય કરી જાણવું તે. શ્રુતજ્ઞાનનો અંશ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કનો નિશ્ચય તો ન હોય અને લૌકિકતાથી તેનું બાહ્યરૂપ જુદું ન માને, તેને બાહ્યરૂપથી પણ (તેનું) સ્વરૂપ ભાસ્યું નથી, તે અન્યને સેવે છે તથા કુલ-પક્ષના આશ્રયે, પંચાયતના આશ્રયે, સંગતિના આશ્રયે, પ્રભાવનાદિ ચમત્કાર જોઈ વા શાસ્ત્રમાં અને પ્રગટમાં દેવાદિકની પૂજાદિકથી ભલું થવું કહ્યું છે એવી માન્યતાના આશ્રયે સાચા દેવાદિકનો જ (માત્ર) પક્ષપાતીપણાથી સેવક બની પ્રવર્ત્તે છે તેને પણ ગૃહિતમિથ્યાત્વ જ છે. એ પ્રમાણે તો અન્ય પણ પોતાના જ દેવને માને છે અને જિનદેવને નથી માનતા. એ ગૃહિતમિથ્યાત્વનું મટવું તો આ પ્રમાણે છે કે-અન્યદેવાદિના બાહ્યગુણોનું તથા પ્રબંધના આશ્રયપૂર્વક સ્વરૂપ પહેલાં જાણી, [1]સ્વરૂપવિપરીતતા-[2]કારણવિપરીતતા અને [3]ભેદાભેદ-

---

૧ સ્વરૂપવિપરીતતા=જેને જાણે છે તેના મૂળ વસ્તુભૂત સ્વરૂપને તો ન ઓળખે અને અન્યથા સ્વરૂપ માને તે સ્વરૂપવિપરીતતા છે. દા. ત. રાગને આત્માનો સ્વભાવ જાણવો તે.

૨ કારણવિપરીતતા=જેને જાણે છે તેના મૂળ કારણને તો ન ઓળખે અને અન્યથા કારણ માને તે કારણવિપરીતતા છે. દા. ત. શુભને શુદ્ધનું કારણ જાણવું તે.

૩ ભેદાભેદવિપરીતતા='એ આનાથી ભિન્ન છે તથા એ આનાથી અભિન્ન છે' એમ યથાર્થ ન ઓળખતાં અન્યથા ભિન્ન-અભિન્નપણું માને તે ભેદાભેદવિપરીતતા છે. દા. ત. ગુણ ગુણી સર્વથા ભિન્ન કે સર્વથા અભિન્ન જાણવા તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિપરીતતારહિત જ્ઞાનમાં નિશ્ચય કરી, પછી જિનદેવાદિકનો બાહ્યગુણોના આશ્રયે વા વ્યવહારરૂપ નિશ્ચય કરી પોતાનું મહાન પ્રયોજન સિદ્ધ ન થવાથી ( એ બંનેમાં ) હેય-ઉપાદેયપણું માની અન્યની વાસના મૂળથી છૂટે અને જિન દેવાદિકમાં જ સાચી પ્રીતિ ઉત્પન્ન થાય ( તો ગૃહિતમિથ્યાત્વ મટયું કહેવાય. )

ત્યાં પ્રથમ અવસ્થામાં ગૃહિતમિથ્યાત્વને માટે તન ધન વચન જ્ઞાન શ્રદ્ધાન અને કષાય વગેરે લગાવતો હતો તે વ્યવહારથી જિનદેવાદિકનો સેવક થઈ પ્રવર્તતાં હવે એ દૂષણોથી રહિત હર્ષ પૂર્વક વિનયરૂપ બની સમ્યક્ત્વના [૧]પચીસમલને વિચારપૂર્વક નહિ લગાવતો તન ધન વચન જ્ઞાન શ્રદ્ધાન અને કષાય વગેરે તેમાં લગાવવાને સદ્‌ભાવરૂપ જ પ્રવર્તે છે, અન્યમાં પ્રવર્તતો નથી,

---

૧. સમ્યક્ત્વના પચ્ચીસમલ; આઠમદ=(૧) જાતિ (૨) લાભ (૩) કુલ (૪) રૂપ (૫) તપ (૬) બલ (૭) વિદ્યા (૮) અધિકાર.

ત્રણ મૂઢતા=(૧) કુગુરૂ સેવા, (૨) કુદેવ સેવા, (૩) કુધર્મ સેવા.

આઠ શંકાદિદોષો=(૧) શંકા (૨) કાંક્ષા (૩) વિચિકિત્સા (૪) મૂઢ દૃષ્ટિ (૫) અનૂપગૂહન (૬) અસ્થિતિકરણ (૭) અવાત્સલ્ય (૮) અપ્રભાવના એ આઠ શંકાદિ દોષો.

૭ અનાયતન=(૧) કુગુરુ (૨) કુદેવ (૩) કુધર્મ (૪) કુગુરુ સેવક (૫) કુદેવ સેવક (૬) કુધર્મ સેવક. આ બધા મળીને સમ્યક્ત્વના પચ્ચીસ દોષ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભાવને સાધે પણ મિથ્યાસદ્‌ભાવને સ્થાન ન આપે વા તેનું સમર્થન ન કરે વા તેના સહકારીકારણરૂપ ન બને.

ત્યાં દેવના કથનમાં તો-દેવસંબંધી મિથ્યાસદ્‌ભાવ કરતો નથી, અન્યદેવ અને જિનદેવમાં સમાનતારૂપ પ્રવૃત્તિ રાખતો નથી, જિનદેવનું (અંતરંગ) સ્વરૂપ અને બાહ્યરૂપ અન્યથા કહેતો નથી-સાંભળતો નથી, વીતરાગદેવની પ્રતિમાનું રૂપ સરાગરૂપ કરતો નથી, અવિનયાદિરૂપ પ્રવૃત્તિ કરતો નથી, તે રૂપ પોતે બનાવતો નથી, લૌકિકમાં [1]અતિશયોનું સ્વરૂપ અન્યથા કહેતો નથી, પોતે અવિનય દેખે તો તેનો [2]પ્રબંધ કરતો નથી તથા સાચાદેવાદિકની પ્રતિમાજીનો અવિનયાદિ થતો હોય તો ત્યાંથી પોતે પોતાને બચાવતો રહે છે. એ જ પ્રમાણે શાસ્ત્રાદિનું પણ જાણવું. એ પ્રમાણે અન્યદેવાદિકથી સંબંધ છોડવો એનું જ નામ ગૃહિતમિથ્યાત્વનું છુટવું છે.

સાચાદેવાદિકથી સાચી પ્રવૃત્તિ વ્યવહારરૂપ વિષયકષાયાદિના આશ્રયરહિત કરવાથી ગૃહિતમિથ્યાત્વ છુટશે તેથી તમે અન્યદેવાદિથી તો પરીક્ષા કર્યા વિના જ સંબંધ છોડયો, પરંતુ સાચાદેવાદિકમાં તો જેવી આગળ બીજા-

---

૧ અતિશય=ખાસ પ્રકારનું ઉત્કૃષ્ટ અલૌકિક પુણ્ય જે સમ્યગ્‌દર્શનની ભૂમિકામાં બંધાય છે તે

૨ પ્રબંધ=સ્વીકાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઓથી સાચી લગની હતી તેવી પ્રીતિ ન થઈ તે તમે તમારા પરિણામોમાં વિચાર કરીને જુઓ! કારણકે-અંતરંગ પ્રીતિનું કાર્ય બહાર જણાયા વિના ન રહે. તેથી ગૃહસ્થી છે તેને આ સુગમમાર્ગરૂપ કલ્યાણની વાત છે (કહીએ છીએ,) કે વર્તમાન ક્ષેત્ર-કાલમાં બધાય પોતપોતાના દેવાદિકથી પ્રવૃત્તિ કરે છે, અને તમે પણ ધન, કુટુંબાદિકનું પોષણ, ભોગ-રોગાદિક વા વિવાહાદિ કાર્યોમાં જેવા પ્રવર્તો છો તેવા જ પદયોગ્ય નાનાપ્રકારપૂર્વક તે જ રૂપે પ્રવર્તો છો, જ્યાંસુધી તમારામાં વિશેષધર્મવાસના ન વધે ત્યાંસુધી તેના હિસ્સા જેટલું ધનાદિક તો આના અર્થે લગાવ્યા કરો! આગળ તમે પ્રથમ અવસ્થામાં ગૃહિતમિથ્યાત્વ માટે જે કરતા હતા વા વર્તમાનમાં બીજા તમારી બરાબરીના ગૃહસ્થ અન્યદેવાદિકના માટે જે કરે છે તેમના જેવું માયા-મિથ્યાત્વ-નિદાનરહિત સાચાદેવાદિકના અર્થે તમે તેમને યોગ્ય હોય તેવું કરશો તો જ ગૃહિતમિથ્યાત્વ છૂટશે, તેના હિસ્સા જેટલાં તન મન ધન વચન જ્ઞાન શ્રદ્ધાન કષાય ક્ષેત્ર અને કાલાદિક અહીં લગાવશો તો જ તમે બાહ્યજૈની બનશો, તમે બાહ્યરૂપ સાચી આસ્તિક્યતા લાવતા નથી, જ્ઞાન કરતા નથી, ક્રિયા સુધારતા નથી, ધન લગાવતા નથી, ઉલ્લાસપૂર્વક કાર્ય કરતા નથી, અને આળસાદિ કર્મ પણ છોડતા નથી અને માત્ર કોરી વાતોથી પાંચ આળસુ અજ્ઞાની ભાઈઓનો સંબંધ રાખવા જૈની બન્યા છો તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બનો પણ ફળ તો શાસ્ત્રમર્યાદાનુસાર પ્રવર્તતાં જ સાચું લાગશે. આ અવસર ચાલ્યો જશે ત્યારે તમે જ પાછો પશ્ચાત્તાપ કરશો અને કહેશો કે-'આગળ મિથ્યાત્વનાં કાર્યોમાં હર્ષપૂર્વક તન-ધન ખર્ચ કર્યાં હતાં,' પણ હવે તમે સાચા જૈનમતના સેવક બનો તો તે જાતિનાં કાર્યોમાં તન-ધનાદિ ન લગાવવામાં આવે તો આ મતમાં આવવાથી પણ તમારી શક્તિ ઘટી ગઇ, અથવા કપટ વડે લોકને દેખાડવાના સેવક થયા છો, વા તેનું મહાનપણું તમને ભાસ્યું નથી, વા તમને તેમાં કાંઈ પણ ફલની પ્રાપ્તિ થવી ભાસી નથી વા તમારા હૃદયમાં તેનું વાસ્તવિક રહસ્ય જ ઉપજ્યું નથી. કે જેથી તમે સ્વયં ઉત્સાહરૂપ બની એ કાર્યોમાં સુખરૂપ યથાયોગ્ય પ્રવર્તી શકતા નથી.

અથવા પંચાયત વા વક્તાના કહેવાથી વા પ્રબંધ બંધાવાના આશ્રયથી નિરાશ બની પ્રવર્તો છો, વા તમને આ (ધર્મ) કાર્યો ફીકાં ભાસ્યાં હોય એમ લાગે છે, તેનું કારણ શું છે? અહીં તમે કહેશો કે 'રુચિ ઉપજતી નથી-ઉમંગપૂર્વક શક્તિ ચલાવવાનો ઉદ્યમ થતો જ નથી ત્યાં અમે શું કરીએ?' આ ઉપરથી એમ જણાય છે કે—તમારું ભવિષ્ય જ સારું નથી, જેમ રોગીને ઔષધિ અને આહાર ન રુચે ત્યારે જાણીએ છીએ કે-'આનું મરણ નજીક આવ્યું છે' તેમ તમારા અંતરંગમાં (ધર્મ) વાસના ઉપજતી નથી અને માત્ર મોટા કહેવરાવવા માટે વા દશ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુરુષોમાં સંબંધ રાખવા માટે કપટ કરી અયથાર્થ પ્રવર્તો છો તેનાથી લૌકિકઅજ્ઞાની જીવો તો તમને ભલા કહી દેશે પરંતુ જેના તમે સેવક બનો છો તે તો [1]કેવલજ્ઞાની ભગવાન છે, તેમનાથી તો આ કપટ છુપું રહેશે નહિ વા પરિણામો અનુસાર કર્મ બંધાયા વિના રહેશે નહિ અને તમારું બૂરું કરવાવાળું તો કર્મ જ છે માટે તમને આ પ્રમાણે પ્રવર્તવામાં નફો શો થયો? તથા જો તમે એનાથી (એ જિનદેવાદિથી) વિનયાદિરૂપ, નમ્રતારૂપ વા રસસ્વરૂપ નથી પ્રવર્તતા તો તમને તેનું મહાનપણું વા સ્વામિપણું ભાસ્યું જ નથી, ત્યાં તો તમારામાં અજ્ઞાન આવ્યું! તો પછી વગરજાણ્યે સેવક શું થયા? તમે કહેશો કે 'એ અમે જાણીએ છીએ, તો એ જિનદેવાદિકના અર્થે ઉચ્ચકાર્યોમાં મિથ્યાત્વના જેવી ઉમંગરૂપ પ્રવૃત્તિ તો ન થઈ! જેમ કોઈ કુલટા સ્ત્રી પરપુરુષને પોતાનો ભરથાર જાણી તે રૂપ કાર્ય કરતી હતી, તેને સારાં ભોજન જમાડતી હતી, પણ કોઈ ભાગ્યોદયથી તેને પોતાના પતિનો લાભ થયો ત્યાં જેમ પહેલાં પરપુરુષના અર્થે પોતાનું સ્વરૂપ વા [2]સારું કાર્ય બનાવતી હતી તેમ હવે પોતાના ભરથારના સંબંધમાં રસ વા [2]સારું કાર્ય બનવા છતાં પણ ન કરે તો તેને મોટી-

---

૧ કેવલજ્ઞાની=સંપૂર્ણજ્ઞાની, સર્વને સંપૂર્ણરીતે એક સમયમાં જાણનારા.

૨ સારૂં=સુંદર, શણગારિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભૂંડી કુલટા જ કહીએ છીએ, તે જ પ્રમાણે તમે પહેલાં મિથ્યાત્વઅવસ્થામાં અન્યદેવાદિકના અર્થે રસરૂપ સારાં સારાં ઉમંગભર્યાં કાર્યો કરતા હતા, અને હવે ઘણા જ મહાન ભાગ્યોદયથી તમને તમારા સાચા સ્વામિ–જિન-દેવની પ્રાપ્તિ થઇ તમે પણ તે જાણી લીધું વા મુખથી પણ કહી ચૂકયા છતાં તમને પેલી વનિતા જેવાં અન્ય-દેવના સંબંધથી રસ, ઉમંગરૂપ ચાકરી, ધનનો ખર્ચ, પૂજાદિનું કરવું, યાત્રાદિએ જવું, ભયવાન થવું વા નીચે બેસવું આદિ કાર્યો થતાં હતાં અને હવે આ સાચા દેવા-દિકના સંબંધમાં તે રસ નથી આવતો. તે ઉમંગ વા તેવાં કાર્યો નથી થતાં તેથી જાણીએ છીએ કે–તમારામાં પેલી કુલટા સ્ત્રી જેવું જ મહાન ગૃહિતમિથ્યાત્વ જ છે. કારણ કે–આ તો મહાન ભારે ગજબ છે કે–પોતાના ખરા સ્વામિના સંબંધમાં હર્ષરૂપ કાર્ય ન થાય! તમે પોતે જ વિચાર કરી જુઓ, અમારે જોરાવરીથી તમને દૂષણ લગાવવાં નથી. જો તમારામાં આ જ પ્રમાણે પ્રકૃતિ વા પ્રવૃત્તિ બની રહી છે તો તમારા ઘરે દોષ અવશ્ય થશે, કારણ કે–પરપુરુષની અપેક્ષાએ નિજ–ભરથાર પ્રત્યે અધિક રસસ્વરૂપ કાર્ય થવાથી જ શીલવાનપણું રહે છે. એ જ પ્રમાણે કુદેવાદિકના સંબંધ કરતાં સુદેવાદિકના સંબંધમાં સાચા રસરૂપ વધતાં કાર્યો થતાં જ ધર્માત્માપણું આવશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી તમે કહેશો કે:–' અમને વિશેષ ફળ તો કાંઈ ભાસ્યું નથી.' તેનું સમાધાન:–અન્ય દેવાદિકથી તમને શું ફળ થયું છે તે કહો! તેમનું સેવન કરી બતાવ્યાં તે ફળો જો તેમનાથી થયા હોય તો બતાવી દ્યો અથવા; [1]આર્ત-ધ્યાન સિવાય બીજું કંઈ ફળ થયું હોય તો યુક્તિદ્વારા પણ બતાવી દ્યો! એના કરતાં સાચા દેવાદિકથી તો જે ફળ થાય છે તેનું વર્ણન, ફળ નિશ્ચયપ્રકરણમાં લખીશું.

ધનનું આગમન, શરીરની નીરોગતા, પુત્રાદિકનો લાભ, ઈષ્ટ સામગ્રીની પ્રાપ્તિ, પુત્ર-સ્ત્રીઆદિની જીવનવાંચ્છા, સુંદર સ્ત્રીનો સંબંધ મળવો, અને વિવાહાદિ કાર્યોમાં વિઘ્ન ન થવાં ઈત્યાદિ કાર્યો વાસ્તે તું અન્ય દેવાદિકને પૂજે છે વા વિનયાદિ કરે છે, ત્યાં અમે પૂછીએ છીએ કે–અન્ય-દેવાદિકથી એ ઈષ્ટ કાર્યોની પ્રાપ્તિ અવશ્ય થશે એવો સ્વાશ્રિત વા પરાશ્રિતપણે નિશ્ચય તમે કેવીરીતે કર્યો છે કે જેથી તમને તેની પ્રબળ આસ્થા અને આશા છે તે કહો! પ્રત્યક્ષથી, અનુમાનથી વા દેશપરદેશની વાતોથી નિશ્ચય કરી આવ્યા છો તો અમને પણ એ નિશ્ચય કરાવી દ્યો; ત્યાં પ્રત્યક્ષમાં તો પોતાના નેત્રવડે એ બતાવો કે અન્યદેવને પૂજવાથી ઇષ્ટની પ્રાપ્તિ મને વા અન્યને અવશ્ય

---

૧ આર્તધ્યાન=દુઃખમય ભાવથી થવાવાળું ધ્યાન; ઈષ્ટાનિષ્ટ સંયોગ-વિયોગની પ્રાપ્તિ-અપ્રાપ્તિ વિષે થતી માઠી ચિંતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ છે તથા જિનદેવને પૂજવાવાળાને થવા [1]અનિશ્ચયાત્મક છે, અનુમાનમાં એવું પાકું સાધન બતાવો કે જેથી એમ ભાસી જાય કે–અન્યદેવને પૂજવાવાળાને ઈષ્ટની પ્રાપ્તિ થાય જ થાય અને જિનદેવને પૂજવાથી થાય પણ ખરી તથા ન પણ થાય, કાનોથી આ વાત સાંભળવામાં આવી હોય કે દેશપરદેશમાં અન્યદેવાદિકને પૂજવાવાળાને તો ઈષ્ટની પ્રાપ્તિ થઈ જ છે તથા જિનદેવને પૂજવાવાળાને થઈ છે પણ ખરી તથા નથી પણ થઈ. પણ એવો પ્રબંધ નિરપેક્ષ હોય છે; પરંતુ વિચાર કરતાં તો તે સત્ય ભાસશે નહિ; કારણ કે જીવન-મરણ, સુખ-દુઃખ, આપત્તિ-સંપત્તિ, રોગ–નીરોગતા, લાભ–અલાભ, ઈત્યાદિ તો જૈની તથા અન્યમતિ સર્વને પોતપોતાના પૂર્વોપાર્જિત કર્મોદયના આશ્રયથી સામાન્ય-વિશેષરૂપથી થાય છે.

જેમ શીતલા પૂજવાવાળો તો પોતાના પુત્રના જીવન માટે જ પૂજે છે, પૂજતાં છતાં પણ તે (પુત્ર) મરતો પ્રત્યક્ષ જોવામાં આવે છે તથા અનુમાનથી પણ એમ ભાસતું નથી કે શીતલા પૂજવાવાળાનો પુત્ર જીવશે જ, તથા દેશપરદેશથી સાંભળવામાં પણ નથી આવ્યું કે–શીતલાને પૂજવાવાળા સર્વના પુત્રો જીવ્યા જ છે, એ પ્રમાણે સર્વ વાતો સમજી લેવી-જગતમાં પણ એમ જ કહે છે.

જ્યારે શીતલાને પૂજતાં પૂજતાં પુત્ર મરી જાય ત્યારે

---

[1] અનિશ્ચયાત્મક=અચોક્કસ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેઓ કહે છે કે–'પ્રાણીની આયુસ્થિતિ હોય તેટલી જ તે ભોગવે છે એક પળ પણ આગળ પાછળ થઈ શકતી નથી, શીતલા શું કરે! આ તો પૂજાદિકનો વ્યવહાર બનાવી રાખ્યો છે' પરંતુ એમાં તો જગતના કહેવામાં પણ જીવન-મરણ, સુખ-દુ:ખ, લાભ-અલાભ, આદિના મૂળમાં તો કર્મ, આયુષ્ય, શાતા-અશાતા વા [૧]અંતરાયાદિકનું અનુકૂલપણું-પ્રતિકૂલપણું જ પ્રબળ કારણ થઈ રહ્યું. માટે સત્યાર્થદૃષ્ટિ વડે નિર્ણય કરીને સર્વ સંકલ્પ છોડી પોતાના સુદેવમાં જ [૨]આસ્તિકયબુદ્ધિ લાવવી યોગ્ય છે. 'કાર્ય તો કર્મના ઉદય આશ્રિત જે થવાનું છે તે જ થશે' એવો નિશ્ચય રાખવો યોગ્ય છે પણ ધર્મ છોડવાથી ઈષ્ટની પ્રાપ્તિ થવી સંભવતી નથી, અન્યમતવાળા પણ એ જ પ્રમાણે કહે છે કે—

પોતપોતાના ઈષ્ટને નમન કરે સૌ કોઈ,
ઈષ્ટ વિહુણા પરશરામ નમે તે મૂરખ હોય;

વળી તે કહે છે કે–'જે સાચા અંત:કરણથી પૂજે છે તેમને તો ઈષ્ટફળની પ્રાપ્તિ થાય છે જ.' તેને ઉત્તર–જ્યાં કર્મના ઉદયથી ઈષ્ટની પ્રાપ્તિ થાય છે ત્યાં તો તું તેને કુદેવાદિકની કરી બતાવે છે તથા જ્યાં ઇષ્ટની પ્રાપ્તિ નથી થતી વા અનિષ્ટની પ્રાપ્તિ થાય છે ત્યારે તું કહે છે કે-'સાચા અંત:કરણથી સેવા ન કરી' તો હવે તેમનું જ

૧ અંતરાય=વિઘ્ન કરવામાં નિમિત્ત થતું કર્મ.
૨ આસ્તિકયબુદ્ધિ=વિશ્વાસ, ભરોસાનો ભાવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્યું આ થાય છે એવો નિશ્ચય થાય તે ઉપાય બતાવ? અહીં તું કહીશ કે-'તો જિનદેવને પૂજવાળાને પણ આ નિયમ દેખાતો નથી,' એ તારૂં કહેવું સત્ય છે પરંતુ તું તો પોતાના દેવને કર્તા કહે છે, જો અમે પણ એમ કહીએ તો તો દૂષણ આવે, પરંતુ અમે (જિનદેવને) કર્તા તો કહેતા નથી, પણ આ જીવ, તપ-ત્યાગાદિવડે વા વિષય-કષાય વ્યસનાદિવડે શુભ-અશુભ કર્મને બાંધે છે તેના ઉદયથી તેને બાહ્યનિમિત્તાદિકનું સહકારીપણું સ્વયં થતાં ઈષ્ટ અનિષ્ટનો સંબંધ બને છે.

પ્રશ્ન-તમે તો ભલું-બૂરૂં થવું પોતાના પરિણામોથી માન્યું તો પછી તમે દેવાદિકનું પૂજનાદિક શા સારૂં કરો છો?

ઉત્તર-અમારે તો આ આમ્નાય છે કે-પોતાનાં શ્રદ્ધાન-જ્ઞાન-ત્યાગ-તપાદિરૂપ કલ્યાણમાર્ગને ગ્રહણ કરવાં. પણ જો તેના (જિનદેવાદિના) પૂજનાદિકથી જ લૌકિક ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટની અપ્રાપ્તિ માની તેને પૂજે છે તેમને તો મુખ્ય-પણે પાપબંધ જ થાય છે, કારણ કે તેને દેવ વ્હાલા લાગ્યા નથી પણ પોતાનું પ્રયોજન જ વ્હાલું લાગ્યું છે. જ્યારે પોતાનું પ્રયોજન સાધ્ય થઇ જશે ત્યારે તે દેવનું સેવન છોડી દેશે વા અન્યથા વચન બોલવા લાગશે ત્યાં તેને દેવનું આસ્તિ-ક્ય વા વ્હાલપ ક્યાં રહ્યાં? તથા પૂર્વકર્મનો ભલો-બૂરો ઉદય આવવાનું કોઈ [1]પ્રમાણ નથી માટે એવા પ્રયોજનને

---

૧ પ્રમાણ=સાબીતિ, માન્ય કરવા યોગ્ય કારણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થે જિનદેવના સેવક થવાનું કહ્યું નથી. અમારે તો જિનદેવે, સંસાર-મોક્ષમાર્ગનો સાચો નિષેધ-વિધિ તથા તેનું સત્ય સ્વરૂપ દર્શાવ્યું છે જેને જાણી ભવ્યજીવો પોતાનું કલ્યાણ કરે છે વા સુખરૂપ જે શાંતિરસ તેનું અવલંબન ચિંતવે છે. એવા પ્રયોજનની સિદ્ધિ થતી જાણી તેમના સેવક થવાનું કહ્યું છે; એ બંને પ્રયોજન તેમનાથી જ (જિનદેવથી) સિદ્ધ થાય છે.

પ્રશ્ન— તો સ્તોત્રાદિકમાં વા પુરાણોમાં એવું પણ કહ્યું છે કે તેમનાં પૂજનાદિથી રોગ દૂર થઈ જાય છે, ઋદ્ધિ-આદિ આવી મળે છે વા વિઘ્ન દૂર થાય છે?

ઉત્તર—તમને [1]નયવિવક્ષાનું જ્ઞાન નથી, સ્તોત્રાદિમાં વ્યવહારનયથી તેનાથી રોગાદિ દૂર થવાં ઈત્યાદિ કહ્યું છે કારણ કે-ભલાં કાર્ય થાય છે તે શુભકર્મના ઉદયથી થાય છે અને એ વાતો શાસ્ત્રમાં, જગતમાં વા વિચાર કરતાં પોતાના ચિત્તમાં પ્રગટ જણાય છે. હવે શુભકર્મનો ઉદય તો ત્યારે થાય કે જ્યારે પ્રથમ શુભનો બંધ થયો હોય, અને શુભકર્મનો બંધ ત્યારે થાય કે જ્યારે શ્રદ્ધાન-જ્ઞાન આચરણ-ત્યાગ-તપ અને પૂજાદિ શુભકર્મનાં કાર્યોરૂપ પોતે પ્રવર્તે, તથા શુભકાર્યોમાં પ્રવૃત્તિ ત્યારે થાય કે જ્યારે શુભકાર્યોનું સ્વરૂપ દેખાય. હવે (તેનું) સાચું સ્વરૂપ વા માર્ગ, પૂર્વાપરવિરોધરહિતપણે દર્શાવવાવાળા શ્રીસર્વજ્ઞ-

---

૧ નયવિવક્ષા=નયની અપેક્ષા (નયોના પડખાં).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગજિનદેવ જ છે. માટે સર્વ લૌકિક ઇષ્ટ કાર્ય પણ વ્યવહારનયથી સ્તોત્રાદિકમાં તેમનાં કર્યાં કહ્યાં છે. કારણ કે-તેમણે જ્યારે સત્યમાર્ગ દર્શાવ્યો ત્યારે આ જીવ શુભ-માર્ગરૂપ પ્રવર્ત્યો, જ્યારે શુભમાર્ગરૂપ પ્રવર્ત્યો ત્યારે નવીન શુભકર્મનો બંધ થયો, જ્યારે શુભકર્મનો બંધ થયો ત્યારે તે શુભકર્મનો ઉદય આવ્યો અને જ્યારે શુભકર્મનો ઉદય આવે છે ત્યારે આપોઆપ રોગાદિક દૂર થઈ જાય છે તથા ઇષ્ટસામગ્રીની પ્રાપ્તિ થઈ જાય છે, એ પ્રમાણે વ્યવહારથી શ્રીજિનદેવને ઇષ્ટના કર્તા તથા અનિષ્ટના હર્તા કહ્યા છે. જેમ વૈદ્ય છે તે તો ઔષધાદિકનો બતાવવાવાળો છે પણ એ ઔષધાદિકનું સેવન જ્યારે રોગી કરે છે ત્યારે તેનાં રોગાદિક દૂર થાય છે વા પુષ્ટતાની પ્રાપ્તિ થાય છે પરંતુ તેના ઉપકાર સ્મરણ અર્થે વ્યવહારથી એમ કહીએ છીએ કે-'વૈદ્યે અમને જીવનદાન આપ્યું વા રોગની નિવૃત્તિ કરી' એ જ પ્રમાણે માર્ગનું સ્વરૂપ દર્શાવવારૂપ ઉપકાર-સ્મરણ અર્થે સ્તોત્રાદિકોમાં એવી વાત કહી છે.

પણ જે આ નયવિવક્ષાને તો સમજે નહિ અને એને જ (જિનદેવને જ) કર્તા માની પોતે તો કલ્યાણમાર્ગને ગ્રહણ ન કરે અને તેનાથી જ સિદ્ધિ થવી માની [૧]નિશ્ચિંત રહે તે તો અજ્ઞાની પણ છે તથા પાપી પણ છે. તથા જે તેને કર્તાહર્તા માને છે અને પોતે પણ શક્તિ અનુસાર

૧ નિશ્ચિંત=નિઃશંક, બેફીકર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભકાર્યોમાં પ્રવર્તે છે તે તો અજ્ઞાની શુભોપયોગી છે, અને જે તેને સત્યસ્વરૂપ વા સત્યમાર્ગના દર્શાવવાવાળા જાણે છે–પોતાનું ભલું બૂરું થવું પોતાના પરિણામોથી માને છે, તે રૂપે પોતે પ્રવર્તે છે તથા અશુભકાર્યોને છોડે છે તે જિનદેવના સાચા સેવક છે.

ત્યાં જેણે જિનદેવના સેવક થવું હોય વા જિનદેવે ઉપદેશેલા માર્ગરૂપ પ્રવર્તવું હોય તેણે સર્વથી પહેલાં જિનદેવના સાચા સ્વરૂપનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરી તેનું શ્રદ્ધાન કરવું, ત્યાં દેવનું ત્રણ દોષ રહિત મૂળ લક્ષણ નિર્દોષ ગુણ છે કારણકે–'નિર્દોષ દેવ' એવું વાક્ય છે. 'દેવ' નામ પૂજ્ય વા સરાહવા (અનુમોદવા; વખાણવા) યોગ્ય છે. હવે અહીં દેવનો નિશ્ચય કરવો છે, તે દેવ, જીવ છે. તેથી જીવમાં હોય એવા દોષ સર્વ પ્રકારથી જેના દૂર થયા છે તે જ જીવ પૂજ્ય વા શ્લાઘ્ય (પ્રસંશવા યોગ્ય) છે. તેને જ 'દેવ' સંજ્ઞા છે, જેમ લૌકિકમાં હીરા-સુવર્ણાદિકમાં કાંઈ દોષ હોય તો તેથી તેની કિંમત ઘટી જાય છે તે જ પ્રમાણે જીવને નીચો દર્શાવવાવાળા વા તેની નિંદા કરાવવાવાળા અજ્ઞાન-રાગાદિક દોષ છે તેનાથી જ જીવની હીનતા થાય છે.

કારણ કે–સારાં સારાં કપડાં પહેર્યાં હોય-રૂપાળી મુખ-મુદ્રા હોય, ઉત્તમ કુળનો હોય, અને આભૂષણાદિક પહેર્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય પણ જો બુદ્ધિ થોડી હોય વા [1]વિપરીત હોય વા ક્રોધ-માન-માયા-લોભાદિ કષાયસહિત હોય તો જગત તેની નિંદા જ કરે છે, તેમ જેનામાં જ્ઞાન થોડું હોય અને કષાય ઘણો હોય તો તેની નિંદા જ કરે છે. માટે વિચાર કરતાં નિંદા કરાવવાવાળા દોષ તો અજ્ઞાન-રાગાદિક જ છે અને ગુણ, સાચી વીતરાગતા જ છે, કારણ કે-પુણ્યવાનગૃહસ્થ પણ ત્યાગી-તપસ્વીની પૂજા કરે છે તેથી જણાય છે કે-સર્વ લૌકિક ઇષ્ટવસ્તુઓથી પણ ત્યાગ વૈરાગ્ય શ્રેષ્ઠ છે. ત્યાં જેને સંપૂર્ણ સત્યજ્ઞાન-વીતરાગતા પ્રગટ થઈ છે તે તો સર્વોત્કૃષ્ટ પૂજવા યોગ્ય છે અને એને જ પરમગુરુ કહીએ છીએ તથા જેને એ સત્યજ્ઞાન-વીતરાગતા પૂર્ણ થયાં નથી તે પણ એકદેશ પૂજ્ય છે એમ જાણવું.

પ્રશ્ન-તમારા દેવમાં જ જ્ઞાનની પૂર્ણતા થઇ છે અને અન્યદેવોને નથી થઈ એમ કેવીરીતે જાણવામાં આવે છે તે કહો?

ઉત્તર-અમે [2]નિરપેક્ષ થઇ કહીએ છીએ કે-જેના વચનમાં વા મતમાં [3]પ્રત્યક્ષ (પ્રમાણથી), [4]અનુમાન (પ્રમા-

---

૧ વિપરીત=ઉલટું.

૨ નિરપેક્ષ=નિસ્પૃહ

૩ પ્રમાણ=સાચા જ્ઞાનને પ્રમાણ કહે છે. પ્રત્યક્ષ પ્રમાણ=જે પદાર્થને સ્પષ્ટ જાણે તે વિશદં પ્રત્યક્ષમ્=સ્પષ્ટ જ્ઞાન તે પ્રત્યક્ષ પ્રમાણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ણથી ) [1]આગમ ( પ્રમાણથી ) તથા ન્યાયરૂપ લૌકિક સ્વ-વચનથી વિરોધ ન આવે તે જ સર્વજ્ઞવીતરાગ છે, કારણ કે-તેને સર્વજ્ઞવીતરાગપણું પ્રત્યક્ષ તો ભાસતું નથી, પ્રત્યક્ષ તો કેવલીને જ ભાસે છે તથા આગમમાં લખેલું હોવાથી જ માની લઈએ તો તેને ( પોતાના ) જ્ઞાનમાં તો એ વિષય આવ્યો નથી માત્ર અન્યના વચનથી માની લીધું, ત્યાં તેને વસ્તુનું યથાર્થજ્ઞાન તો ન થયું, કેવલ વચન શ્રવણ થયું. એવા ( માત્ર ) આજ્ઞાપ્રધાનીને અષ્ટસહસ્રી આદિ ગ્રંથોમાં અજ્ઞાની કહ્યો છે.

માટે પ્રયોજનભૂત જે વાતો આગમમાં કહી છે તેનો પ્રત્યક્ષ-અનુમાનાદિથી પોતાના જ્ઞાનમાં નિશ્ચય કરી આગમ ઉપર પ્રતીતિ લાવવા યોગ્ય છે. એ પ્રશ્નોત્તરોનું વિશેષ વ્યાખ્યાન પ્રમાણનિશ્ચયના કથનમાં લખીશું. અહીં અનુ-માનદ્વારા અર્હન્તના સ્વરૂપનો નિર્ણય થશે.

અનુમાન તો ત્યારે થાય કે જ્યારે સાધ્ય-સાધનની [2]વ્યાપ્તિરૂપ સત્ય [3]તર્ક પહેલાં થાય. હવે અહીં [4]અસિદ્ધ

---

૪ અનુમાનપ્રમાણ=સાધનાત્ સાધ્ય વિજ્ઞાનમનુમાનમ્=સાધન ( હેતુ ) થી સાધ્ય ( સિદ્ધ કરવા યોગ્ય વસ્તુ ) નું જ્ઞાન થવું તેને અનુમાન પ્રમાણ કહે છે.

૧ આગમપ્રમાણ=આપ્તના વચનાદિથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને આગમ પ્રમાણ કહે છે.

૨ વ્યાપ્તિ=એકના ( સાધનના ) હોવાથી બીજાનું ( સાધ્યનું )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિરુદ્ધ, [2]અનૈકાંતિક અને [3]અકિંચિત્કર એ ચાર દૂષણ-

---

હોવાપણું અને બીજાના ન હોવાથી એકનું ન હોવાપણું એવા સંબંધને વ્યાપ્તિ કહે છે. દા. ત. જ્યાં જ્યાં ધૂમાડો (સાધન) હોય ત્યાં ત્યાં અગ્નિ (સાધ્ય) હોય જ્યાં જ્યાં અગ્નિ ન હોય ત્યાં ત્યાં ધૂમાડો ન હોય એવા અગ્નિ અને ધૂમાડાના સંબંધને વ્યાપ્તિ કહે છે ૩. અને તે સંબંધના જ્ઞાનને તર્ક કહે છે.

૪ અસિદ્ધ=જે સાધનના અભાવનો નિશ્ચય હોય અથવા તેના સદ્‌ભાવમાં સંદેહ હોય તેને અસિદ્ધ હેત્વાભાસ કહે છે જે સાધનનો સાધ્ય સાથે સર્વથા અવિનાભાવ ન હોય તેને અસિદ્ધ સાધન કહે છે. દા. ત. ચક્ષુનો વિષય હોવાથી શબ્દ અનિત્ય છે, શબ્દ ચક્ષુનો વિષય ન હેવાથી 'ચક્ષુનો વિષય' એ સાધન ખરૂં નથી.

૧ વિરુદ્ધ=સાધ્યથી વિરુદ્ધ પદાર્થની સાથે સાધનની વ્યાપ્તિને વિરુદ્ધ હેત્વાભાસ કહે છે સત્ હોવાથી બધુંય નાશવાન છે. સાધ્ય જે નાશવાન તેનાથી વિરુદ્ધ જે નિત્ય તેની સાથે સત્‌ની વ્યાપ્તિ છે તેથી 'સત્' તે વિરુદ્ધ હેત્વાભાસ છે.

૨ અનૈકાન્તિક=વિપક્ષ (સાધ્યના અભાવવાળું સ્થળ-વસ્તુ)માં પણ જે મળી આવે તેને અનૈકાંતિક હેત્વાભાસ કહે છે. સાધન હોવા છતાં કોઈ સ્થળે સાધ્ય દેખાય અને કોઈ સ્થળે સાધ્ય ન દેખાય એવા સાધનને અનૈકાંતિક હેત્વાભાસ કહે છે દા. ત. આ ઓરડામાં ધૂમાડો છે કેમકે તેમાં અગ્નિ છે. અગ્નિ હોવા છતાં કયાંક ધૂમાડો હોય છે અને કયાંક નથી હોતો માટે અગ્નિને અનૈકાંતિક હેત્વાભાસ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહિત [૧]અન્યથાનુપપત્તિરૂપ સાધનનો પ્રથમ જ નિર્ણય કરવો. ત્યાં તમે જે અર્હંતદેવને પૂજો છો-હમેશાં દર્શન કરો છો તે માત્ર કુલબુદ્ધિથી જ કરો છો કે લૌકિકપ્રદ્ધતિ વડે જ કરો છો કે તેમની પ્રતિમા બિરાજે છે તેની આકૃતિ, નાનો મોટો આકાર વા વર્ણ ભેદ ઉપર જ તમારી દૃષ્ટિ છે? અથવા કાંઈ અર્હંતનું મૂળ સ્વરૂપ પણ ભાસ્યું છે?

ત્યારે તે કહે છે કે-'કુલપદ્ધતિમાં પણ તેનું જ નામ કહેવાય છે, શાસ્ત્રમાં પણ સાંભળ્યું છે કે-[૨]અઢારદોષ રહિત, [3]છેંતાલીસ ગુણો સહિત બિરાજમાન. ધ્યાનમુદ્રાના ધારક, અનંતચતુષ્ટય સહિત, સમવસરણાદિ લક્ષ્મીથી

---

૩ અકિંચિત્કર=જે હેતુ સાધ્યની સિદ્ધિ કરવામાં સમર્થ ન હોય તેને અકિંચિત્કર હેત્વાભાસ કહે છે.

૧ અન્યથાનુપપત્તિ=સાધ્ય વિના ન મળી આવે એવું, અવિનાભાવી.

૨ અઢારદોષ=(૧) જન્મ (૨) જરા (૩) તૃષા (૪) ક્ષુધા (૫) વિસ્મય (૬) આર્ત (૭) ખેદ (૮) રોગ (૯) શોક (૧૦) મદ (૧૧) મોહ (૧૨) ભય (૧૩) નિદ્રા (૧૪) ચિંતા (૧૫) સ્વેદ (૧૬) રાગ (૧૭) દ્વેષ (૧૮) મરણ એ અઢાર દોષ છે.

૩ ૪૬ ગુણો=અતિશય=ચમત્કાર, કોઈ વિશેષ વાત.

જન્મના ૧૦ અતિશય=(૧) મલ મૂત્ર રહિત શરીર (૨) પરસેવો ન થવો (૩) સફેદ લોહી (૪) વજ્રઋષભનારાચ સંહનન (૫) સમચતુસ્ર સંસ્થાન (૬) અદ્‌ભૂતરૂપ (૭) અતિ સુગંધ (૮) ૧૦૦૮ લક્ષણ (૯) અતુલબલ (૧૦) પ્રિયવચન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિભૂષિત, સ્વર્ગ-મોક્ષના દાતા તથા દુઃખવિઘ્નાદિના હર્તા (અર્હંત) છે. ઇત્યાદિ ગુણો શાસ્ત્રોથી સાંભળ્યા છે તથા સ્તોત્રાદિ પાઠો ભણીએ છીએ તેમાં પણ એ જ વાર્તા કહી છે, તેથી અમે તેનું પૂજન કરીએ છીએ, દર્શન કરીએ છીએ.' તેને અમે કહીએ છીએ કે—

---

કેવલજ્ઞાનના ૧૦ અતિશય=(૧) ઉન્મેષ રહિત નેત્ર (૨) નખ અને વાળનું ન વધવું (૩) ભોજનનો અભાવ (૪) વૃદ્ધ ન થવું (૫) છાયા ન પડવી (૬) ચૌમુખ દેખાવું (૭) સો જોજન સુધી સુભિક્ષ (૮) ઉપસર્ગ અથવા દુઃખ ન થવું (૯) આકાશ ગમન (૧૦) સમસ્ત વિદ્યામાં નિપુણતા.

દેવકૃત ૧૪ અતિશય=(૧) ભગવાનની અર્ધમાગધી ભાષા ખરવી (૨) જીવોમાં મિત્રતા (૩) બધાં ઋતુના ફળફૂલ ફળવા (૪) પૃથ્વી દર્પણસમ થવી (૫) સુખદાયક પવન ચાલવો (૬) સુખપ્રદ વિહાર થવો (૭) પૃથ્વી કાંકરા પત્થર વગરની થવી (૮) સુવર્ણ કમલ રચના (૯) પૃથ્વી ધાન્ય પૂર્ણ થવાં (૧૦) આકાશ નિર્મળ (૧૧) દિશાઓ નિર્મળ (૧૨) જયઘોષ (૧૩) ધર્મચક્રનું ચાલવું (૧૪) સુગંધિત જળની વર્ષા.

પ્રાતિહાર્ય ૮=વિશેષ મહિમાબોધક ચિહ્ન; અર્હંતના સમવસરણમાં આઠ પ્રાતિહાર્ય હોય છે. (૧) અશોકવૃક્ષ (૨) સિંહાસન (૩) ત્રણ-છત્ર (૪) ભામંડળ (૫) દિવ્ય ધ્વનિ (૬) પુષ્પ વૃષ્ટિ (૭) ચમર ઢોળાય (૮) દુદુંભિ વાજાં વાગવા.

અનંતચતુષ્ટય=(૧) અનંતજ્ઞાન (૨) અનંતદર્શન (૩) અનંતસુખ (૪) અનંતવીર્ય એ ચારને અનંતચતુષ્ટય કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તમે એ વાતો કહી તે તો બધી સત્ય છે પરંતુ તમને તો એ વાતોનું યુક્તિપૂર્વક જ્ઞાન, આસ્તિકયતા વા રસરૂપ સેવકપણું થયું ભાસતું નથી, કારણ કે-તમે કુલપદ્ધતિમાં તેના જ કહેવાઓ છો તે તો સાચું પણ તમે જૈની કહેવાઓ છો તેનો તો આજ અર્થ છે કે-જેને જિનદેવનું જ સેવકપણું હોય તે જૈની, જેમ પતિવ્રતા સ્ત્રી સુખ-દુઃખાદિ સર્વ અવસ્થામાં પોતાના પતિના નામની જ કહેવાય છે અને પુત્ર છે તે સુખ-દુઃખાદિ સર્વ અવસ્થામાં પોતાનો જે જાતિનો પિતા છે તે જ જાતિનો કહેવાય છે તેમ તમને તો 'જિનદેવ જ મારા સ્વામી છે' એવો તેનો આસ્તિકયભાવ પણ સાચો ભાસતો નથી; કારણ કે-સર્વ મતવાળા પોત-પોતાના ઈષ્ટદેવના સેવક થઈ પ્રવર્તે છે. પરંતુ તમારામાં તો એ પણ નથી તે તમે શાંતદૃષ્ટિપૂર્વક વિચારી જુઓ. વળી (તમે કહ્યું કે-) 'શાસ્ત્રમાં સાંભળ્યું છે.' પણ અમે પૂછીએ છીએ કે-શાસ્ત્રમાં તો લખ્યું જ છે પરંતુ તમને ક્યાં ભાસ્યું છે કે-'દેવ, અઢારદોષ રહિત છે?' અહીં કોઇ તર્ક કરે કે-શ્વેતામ્બરાદિક તો યુક્તિપૂર્વક ઉત્તર આપવાને સમર્થ છે અથવા દોષ રહિત છે તો તેને (દેવને) ફુલમાળા પહેરાવવી વા શરદપૂર્ણિમાના ઉત્સવ કરવા ઇત્યાદિ દોષનાં કાર્યો શા માટે બનાવો છો! વળી એ અઢાર દોષોમાં કેટલા દોષો પુદ્ગલાશ્રિત છે એનો નિશ્ચય કર્યો હોત વા અઢારદોષ રહિતપણું થતાં જ દેવપણું આવે છે એવો નિશ્ચય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્યો હોત વા આમના અઢારદોષ કેવી રીતે ગયા છે તેનો યુક્તિપૂર્વક નિશ્ચય કર્યો હોત અને ત્યાર પછી દોષસહિતમાં દેવપણું નહિ માનતાં આમાં જ (દેવપણું) માનતા હોત ત્યારે તો 'અઢાર દોષરહિત અર્હંત છે' એવાં વાકયો બોલવાં તમારાં સાચાં હોય.

વળી તમે કહ્યું કે-'છેતાલીસગુણ બિરાજમાન છે' પણ તે બધાય અર્હંતોમાં તો છે જ નહિ, તમે કાંઈ નિર્ણય પણ કર્યો છે કે એમ કહે જ જાઓ છો? ત્યાં છેતાલીસ ગુણ તો આ છે-જન્મના દશ અતિશય, કેવલજ્ઞાનના દશ અતિશય, દેવકૃત ચૌદ અતિશય, આઠ પ્રાતિહાર્ય અને ચાર અનંતચતુષ્ટય. પણ અર્હંતદેવ તો સાત પ્રકારના છે- [1]પંચકલ્યાણયુક્ત તીર્થંકર, ત્રણ કલ્યાણયુક્ત તીર્થંકર, બે કલ્યાણયુક્ત તીર્થંકર, સાતિશય કેવલી, સામાન્ય-કેવલી, ઉપસર્ગકેવલી તથા અંતકૃતકેવલી. હવે એ સર્વને વિષે છેતાલીશ ગુણ કેવી રીતે સંભવે? એ તો કેવલ એક પંચકલ્યાણકયુક્ત તીર્થંકરમાં જ એ બધા હોય છે. એ સાત પ્રકારના અર્હંતોનું સ્વરૂપ આ પ્રમાણે છે:—

૧ જે પૂર્વભવમાં તીર્થંકરપ્રકૃતિ બાંધી તીર્થંકર થાય

---

૧ પંચકલ્યાણ=(૧) ગર્ભ (૨) જન્મ (૩) તપ (૪) જ્ઞાન (૫) નિર્વાણ આ પાંચ માંગલિક પ્રસંગો ઉપર તીર્થંકરોની વિશેષ ભક્તિ ઈંદ્રાદિ દેવો કરે છે. આ દરેક માંગલિક કલ્યાણકારક પ્રસંગને કલ્યાણક કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેમને તો નિયમથી ગર્ભ, જન્મ, તપ. જ્ઞાન અને નિર્વાણ એ પાંચે કલ્યાણક થાય છે, તેમને તો છેતાલીશ ગુણો હોવા સંભવે છે.

૨ જે આ મનુષ્યપર્યાયના જ ભવમાં ગૃહસ્થાવસ્થામાં જ તીર્થંકરપ્રકૃતિ બાંધે છે તેમને તપ, જ્ઞાન અને નિર્વાણ એ ત્રણ કલ્યાણક જ થાય છે એટલે તેમને જન્મકલ્યાણકના દશ અતિશય હોતા નથી માત્ર છત્રીસ ગુણો જ હોય છે.

૩ જે આ મનુષ્યપર્યાયમાં જ મુનિદીક્ષા લીધા પછી તીર્થંકરપ્રકૃતિ બાંધે છે તેમને જ્ઞાન અને નિર્વાણ એ બે જ કલ્યાણક થાય છે એટલે તેમને પણ જન્મના દશ અતિશય વિના છત્રીસ ગુણો હોય છે.

૪ જેમને તીર્થંકરપ્રકૃતિનો ઉદય નથી હોતો પણ જે ગંધકુટીઆદિ સહિત હોય છે તેને સાતિશયકેવલી કહીએ છીએ.

૫ જેમને કેવલજ્ઞાન તો ઉત્પન્ન થયું હોય પણ ગંધકુટીઆદિ ન હોય તેને સામાન્યકેવલી કહીએ છીએ.

૬ જે કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં જ લઘુઅંતર્મુહૂર્તકાળમાં નિર્વાણ પ્રાપ્ત કરી લે છે તેને અંતકૃતકેવલી કહીએ છીએ તથા—

૭ જેમને ઉપસર્ગઅવસ્થામાં જ કેવલજ્ઞાન થયું હોય તેમને ઉપસર્ગકેવલી કહીએ છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે અતિશયકેવલીને જન્મના અતિશય તો હોતા નથી માત્ર આઠ પ્રાતિહાર્ય, ચૌદ દેવકૃતઅતિશય, દશ કેવલજ્ઞાનના અતિશય તથા ચાર અનંત ચતુષ્ટય હોય છે. સામાન્યકેવલી, ઉપસર્ગકેવલી, અને અંતકૃતકેવલીને પણ જન્માદિકના અતિશય સંભવતા નથી માટે નિર્ણય કર્યા વિના જ 'છેતાલીસ ગુણસંયુક્ત અર્હંતદેવ છે' એ પ્રમાણે કહેવું (ઠીક) સંભવતું નથી, કારણ છેતાલીસ ગુણ તો પંચકલ્યાણકસહિત તીર્થંકર હોય તેમને જ હોય છે.

વળી ધ્યાનમુદ્રા જોઈને પૂજો છો તો તેમાં આટલી વાત પણ અન્ય જાણવી જોઈએ કે-ધ્યાનમુદ્રા આવી પૂજ્ય કેમ છે? વા ધ્યાનમુદ્રા આવી જ છે, વા આવી ધ્યાનમુદ્રા જ શુદ્ધ વા શુભ ચિંતવનનો આધાર છે, વા આવી સાચી ધ્યાનમુદ્રા આમને આવી જ સંભવે છે-અન્યને સંભવતી નથી તથા આવી ધ્યાનમુદ્રાને હું શા માટે પૂજું છું? એ પ્રયોજન વિચારવું જોઈએ. એ પ્રમાણે યુક્તિપૂર્વક નિશ્ચય કરી જે પૂજે છે-દર્શન કરે છે તેને જ સાચા પ્રયોજનની સિદ્ધિ થાય છે.

વળી તમે કહ્યું કે-'અનંતચતુષ્ટય સહિત બિરાજમાન છે તેથી તેને પૂજીએ છીએ-દર્શન કરીએ છીએ.' એ તો સત્ય છે, તે તો અનંતચતુષ્ટયસહિત બિરાજમાન છે જ તથા શાસ્ત્રોમાં પણ લખેલ છે જ, પરંતુ તમારે તો તેનો તમારા પોતાના જ્ઞાનમાં નિર્ણય કરવો હતો? અનંતચતુષ્ટયનું સ્વરૂપ શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે? તથા તેને વિષે પૂજ્યપણું કેવી રીતે આવે છે અને તેમને વિષે કેવી રીતે પ્રાપ્ત થાય છે? વા અનંતચતુષ્ટય-સહિતને અમે શા સારૂ પૂજીએ છીએ? એવો પણ તમે કદી નિશ્ચય કર્યો છે? કે માત્ર લૌકિકપદ્ધતિથી જ એ વચનો કહીને પૂજો છો? તે તમે સારી રીતે વિચાર કરી જુઓ કે તેનું તમને કાંઈ જ્ઞાન થયું છે કે નહિ?

વળી તમે કહ્યું કે–'સમવસરણાદિ લક્ષ્મીસંયુક્ત છે' પણ ત્યાં પ્રથમ તો સમવસરણાદિ લક્ષ્મી તેમને (પ્રાપ્ત) થઇ છે કે નહિ એવું પ્રમાણ જોઈએ. તથા [1]સમવસરણમાં શું રચના છે તે વિશેષ જાણવું જોઈએ વા તે રચના, વીત-રાગદેવની નિકટમાં ઇંદ્રે શા માટે બનાવી? એ રચનાથી સંસાર કેવી રીતે પોષી શકાય? સમવસરણલક્ષ્મીથી તેમ-નામાં પૂજ્યપણું કેવી રીતે આવ્યું? તથા સમવસરણાદિ-લક્ષ્મી સહિત જાણી અમે તેમને શા માટે પૂજીએ છીએ? એનો નિશ્ચય કરી પૂજવા યોગ્ય છે.

વળી સ્વર્ગ-મોક્ષના દાતાર જાણી પૂજાદિક કરો છો પણ એ સ્વર્ગ-મોક્ષના દાતાર કેવી રીતે છે? જેમ કોઇ દાતાર કોઇને કાંઈ વસ્તુ આપે છે વા જેમ કોઇને ધનાદિક પેદા કરવાની સલાહ આપે છે અને તે પોતે તે કાર્યરૂપ પ્રવર્તે ત્યારે તો તેને ધનાદિકની પ્રાપ્તિ થાય અને ત્યારે જ તે તેમનો ઉપકાર માનીને કહે કે–આ ધન આપે જ મને આપ્યું;

---

૧ સમવસરણ=કેવલજ્ઞાનીની ધર્મસભા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજો એક પ્રકાર આ છે કે-તે જીવ તો અયથાકાર્ય-રૂપ ઇચ્છે જેમકે મિથ્યાત્વ અભક્ષ્ય અને અન્યાયાદિ કાર્યોમાં પ્રવર્તે અને તે મંદિરાદિમાં આવે તથા જૂઠાં પૂજા, જાપ, નમસ્કારાદિ લૌકિકપદ્ધતિરૂપ કાર્યો કરે તેને જ સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ કરી દે છે?

વળી એક વિવક્ષા આ છે કે-આ જીવ તો અજ્ઞાની છે પણ તેનાં (જિનદેવનાં) વચનોથી સ્વર્ગ-મોક્ષનો માર્ગ પ્રગટ થયો તેને જાણી ભવ્યજીવને તે માર્ગ ગ્રહણ કરતાં સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ થઈ તેથી તેમને મોક્ષમાર્ગના દર્શાવવાવાળા ઉપકારી જાણી સ્વર્ગ-મોક્ષના દાતા કહીએ છીએ.

ત્યાં તમે નયવિવક્ષા સમજી તમને માર્ગોપદેશક જાણી પછી "તેમના કહેલા સાચા મોક્ષમાર્ગને જે ગ્રહણ કરશે તેને સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ થશે," એવું જાણી ઉપદેશકનો ઉપકાર સ્મરણ કરી, તેને સ્વર્ગ-મોક્ષના દાતાર કહો તો તો તમારૂં કહેવું સત્ય જ છે. પણ તેમને જ સ્વર્ગ-મોક્ષના દાતાર જાણી પોતે નિશ્ચિત થઈ સ્વછંદી બની જે પ્રવર્તે છે તેને શ્રીગોમટ્ટસારજીમાં [1]વિનયમિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

વળી તમે કહો છો કે-'અમે તો ભગવાનને સુખસ્વરૂપ નિર્ણય કર્યા છે.' પણ તમે તો સુખનું સ્વરૂપ ભોગસા-

---

૧ વિનયમિથ્યાદૃષ્ટિ=સાચા તથા ખોટા દેવ-ગુરુ તથા તેમના કહેલા શાસ્ત્રોમાં સમાનબુદ્ધિ રાખવાવાળાને વિનય મિથ્યાદૃષ્ટિ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મગ્રીનું મળવું, નીરોગતા અને ધનાદિકની પ્રાપ્તિ થવી એને માનો છો પણ એ સુખ તો ભોજનાદિક, સ્ત્રીઆદિક, અન્ય કુદેવાદિક, રાજ્યાદિક તથા ઔષધિઆદિકથી એ થાય છે પરંતુ વિચાર કરતાં આકુળતા નહિ મટવાથી એ દુઃખ જ છે પણ જે સમ્યગ્જ્ઞાનપૂર્વક નિરાકુળતાજન્ય સુખ તેમ-નાથી થાય છે તે તમને પ્રતિભાસિત થયું નથી વા તમને તેની ઈચ્છા નથી.

તમે એ દેવની પાસે કેવું સુખ ઈચ્છો છો કે જેથી તેને કર્તા માની પૂજો છો? જેને તમે સુખ માનો છો તે લૌકિક-સુખ તો તેમના દર્શન કરવાથી-સેવક થવાથી તથા વચનો સાંભળવાથી થોડું ઘણું તો અવશ્ય પ્રાપ્ત થશે જ. માટે તમારે સુખનો વા જે સુખના તેઓ દાતાર છે તેનો નિર્ણય કરી પૂજવા યોગ્ય છે.

જેઓ તેમના કહેલા માર્ગને પૂર્ણ પ્રકારથી ગ્રહણ કરે છે તે તો સાક્ષાત મોક્ષને પ્રાપ્ત થાય છે તથા જેઓ એક-દેશથી એ સાચામાર્ગને ગ્રહણ કરે છે તેમને પુણ્યબંધ થવાથી એ પુણ્યોદયથી સ્વર્ગને પામે છે.

એ પ્રમાણે જિનદેવ, નિઃશ્રેયસ (મોક્ષ) વા અભ્યુદય-રૂપ (સ્વર્ગાદિરૂપ) સુખને આપવાવાળા છે. વળી તમે દુઃખના હર્તા વા વિઘ્નના નાશક જાણી જિનદેવને પૂજો છો પણ તમે દુઃખ વા વિઘ્નનું સ્વરૂપ કેવું માનો છો તે કહો! જો તમે અનિષ્ટસામગ્રીને દુઃખનું કારણ માન્યું છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો એવો નિયમ બતાવો કે-'આ સામગ્રી સુખનું કારણ છે તથા આ સામગ્રી દુઃખનું કારણ છે" કે જેથી અમે સામગ્રીને જ આધીન સુખ-દુઃખ માનીએ, પણ વિચાર કરતાં તો એવો નિયમ સર્વથા ભાસશે નહિ; કારણ કે-

જે સામગ્રી કોઈ કાળમાં, કોઈ જીવને, કોઈ ક્ષેત્રમાં, કોઈ અવસ્થામાં ઈષ્ટ લાગે છે તે જ સામગ્રી અન્ય કાલાદિકમાં અનિષ્ટ લાગતી જોવામાં આવે છે, તેથી બાહ્ય સામગ્રીને આધીન સુખ-દુઃખ માનવું એ ભ્રમ છે. જેમ કોઈ પુણ્યવાનને અનેક ઈષ્ટસામગ્રી મળી છે છતાં મૂળ દુઃખ ટળતું નથી, જો એ સામગ્રી મળતાં દુઃખ દૂર થઈ ગયું હોય તો તે અન્ય સામગ્રી શા માટે અંગીકાર કરે છે? માટે તમે દુઃખનું સ્વરૂપ અસત્ય માની રાખ્યું છે. સત્યસ્વરૂપ આ પ્રમાણે છેઃ—

અજ્ઞાનથી ઉત્પન્ન થવાવાળી ઈચ્છા જ નિશ્ચયથી દુઃખ છે, તે તમને દર્શાવીએ છીએ. આ સંસારી જીવ અનાદિથી આઠકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી જે અવસ્થા તે રૂપ પરિણમે છે. ત્યાં ભિન્ન પરદ્રવ્ય, સંભોગરૂપ પરદ્રવ્ય, વિભાવ પરિણામ તથા જ્ઞેય-શ્રુતના જ્ઞાનના ષટ્રૂપ (છ પ્રકારના) ભાવપર્યાયના ધર્મ તેની સાથે અહંકાર-મમકાર-રૂપ કલ્પના કરી પરદ્રવ્યોને મિથ્યા ઈષ્ટ-અનિષ્ટરૂપ કલ્પી મોહ-રાગ-દ્વેષને વશીભૂત થઈ કોઈ પરદ્રવ્યને તો પોતારૂપ માની લે છે. (તથા કોઈ પરદ્રવ્યને પરરૂપ માની લે છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને ઇષ્ટરૂપ માની લે છે તેને ગ્રહણ કરવા ઈચ્છે છે તથા જેને પરરૂપ-અનિષ્ટ માની લે છે તેને દૂર કરવા ઇચ્છે છે, એ પ્રમાણે આ જીવને અનાદિકાળથી એક ઈચ્છારૂપ રોગ અંતરંગમાં શક્તિરૂપ ઉત્પન્ન થયો છે, તેના ચાર ભેદ છે. ૧ મોહઈચ્છા, ૨ કષાયઈચ્છા, ૩ ભોગઈચ્છા, ૪ રોગાભાવ-ઈચ્છા. ત્યાં એ ચારેમાંથી પ્રવૃત્તિ તો એક કાળમાં એકની જ થાય છે, કોઈ સમયે કોઈ ઈચ્છાની તથા કોઈ સમયે કોઈ ઈચ્છાની થયા જ કરે છે.

ત્યાં મૂળ તો મિથ્યાત્વરૂપ મોહભાવ એક સાચાજૈની વિના સર્વ સંસારી જીવોને હોય છે, એ પ્રવૃત્તિરૂપ ચાર પ્રકારની ઇચ્છાનું કાર્ય આ પ્રમાણે થાય છે:—

પ્રથમ મોહઈચ્છાનું કાર્ય આ પ્રકારથી છે-પોતે તો કર્મ-જનિત પર્યાયરૂપ બન્યો રહે, તેમાં જ અહંકાર લાવતો રહે કે-હું મનુષ્ય છું, તિર્યંચ છું આદિ, એ પ્રમાણે જેવી જેવી પર્યાય થાય તે તે રૂપ જ પોતે થયો પ્રવર્તે છે, તથા જે પર્યાયમાં પોતે ઉત્પન્ન થાય છે તે સંબંધી સંયોગરૂપ વા ભિન્નરૂપ પરદ્રવ્ય જે હસ્તાદિ અંગરૂપ વા ધન કુટુંબ મંદિર ગામ આદિને પોતાનાં માની તેને ઉત્પન્ન કરવા માટે વા સંબંધ કાયમ બન્યો રાખવા માટે ઉપાય કરવા ઈચ્છે છે તથા એ સંબંધ થઈ જતાં સુખી થઈ મગ્ન થવું વા તેના વિયોગમાં દુ:ખી થવું-શોક કરવો અથવા એવો વિચાર આવે કે મારે કોઈ આગળ પાછળ નથી, ઈત્યાદિરૂપ આ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કુલતા થવી તેનું નામ મોહઈચ્છા છે.

વળી કોઈ પરદ્રવ્યને અનિષ્ટ માની તેને અન્યથા પરિણમાવવાની, તેને બગાડવાની તથા તેની સત્તાને નાશ કરવાની ઈચ્છા તે ક્રોધ છે. કોઈ પરદ્રવ્યનું ઉચ્ચપણું અણગમતું લાગે વા પોતાનું ઉચ્ચપણું પ્રગટ થવા માટે પરદ્રવ્યની સાથે દ્વેષ કરીને તેને અન્યથા પરિણમાવવાની ઈચ્છા થાય તેનું નામ માન છે. કોઈ પરદ્રવ્યને ઈષ્ટ માનીને તેને ઉત્પન્ન કરવા અર્થે સંબંધ બન્યો રાખવા અર્થે વા વિઘ્ન દૂર કરવા અર્થે જે છલકપટરૂપ ગુપ્ત કાર્ય કરવાની ઈચ્છા થવી તેને માયા કહે છે તથા અન્ય કોઇ પરદ્રવ્યને ઇષ્ટ કલ્પી તેનાથી સંબંધ મેળવવાની વા તેનો સંબંધ રાખવાની ઇચ્છા થવી તે લોભ છે. એ ચારે પ્રકારની પ્રવૃત્તિનું નામ કષાયઇચ્છા છે.

પાંચઇંદ્રિયોને વ્હાલા લાગવાવાળાં જે પરદ્રવ્યો, તેને રતિરૂપ ભોગવવાની ઈચ્છા થવી તેનું નામ ભોગઇચ્છા છે તથાઃ—

ભૂખ-તરસ, શીત-ઉષ્ણ આદિ વા કામવિકારઆદિને મટાડવા માટે અન્ય પરદ્રવ્યોના સંબંધની ઈચ્છા થવી તેનું નામ રોગાભાવઈચ્છા છે.

એ પ્રમાણે ચાર પ્રકારની ઈચ્છા છે, તેમાં (એક કાળમાં) કોઈ એક જ ઇચ્છાની પ્રબલતા રહે છે અને બાકીની ત્રણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઇચ્છાઓની ગૌણતા રહે છે. જેમ–મોહ ઇચ્છા પ્રબલ થાય તો પુત્રાદિકના માટે પોતે પરદેશ જાય, ત્યાં ભૂખ–તરસ અને ટાઢ–તાપ આદિનું દુઃખ સહન કરે, પોતે ભૂખ્યો રહે, પોતાનું માન–મદ ગુમાવીને પણ કાર્ય કરે છે, પોતાનાં અપમાનાદિક કરાવે છે, છલ આદિ કરે છે તથા ધનઆદિ ખર્ચ કરે છે, એ પ્રમાણે મોહઇચ્છા પ્રબલ રહેતાં કષાયઇચ્છા ગૌણ રહે છે.

પોતાના હિસ્સાનું ભોજન, વસ્ત્રાદિક પુત્રાદિક કુટુંબીઓને સારાં સારાં લાવીને આપે છે, પોતાને સૂકો–વાસી ખોરાક મળે તો પણ ખુશ રહે છે તથા જે તે પ્રકારથી પોતાના ભાગને પણ જબરજસ્તીથી આપીને તેમને ખુશ રાખવા ઇચ્છે છે, એ પ્રમાણે ભોગઇચ્છાની પણ ગૌણતા રહે છે.

વળી પોતાના શરીરાદિમાં રોગાદિ કષ્ટ આવતાં પણ પુત્રાદિકના માટે પરદેશ જાય છે ત્યાં ભૂખ–તરસ–ટાઢ–તાપ આદિની અનેક બાધાઓ સહન કરે છે, પોતે ભૂખ્યો રહીને પણ તેમને ભોજનાદિક ખવડાવે છે, પોતે શીતકાલમાં પણ ભીનાં–ખરડાયેલામાં શયન કરીને પણ તેમને સુકા અને કોમલ બિસ્ત્રામાં (પથારીમાં) સુવાડે છે, એ પ્રમાણે રોગાભાવઇચ્છા ગૌણ રહે છે. એ પ્રમાણે મોહઇચ્છાની પ્રબલતા થાય છે.

કષાયઇચ્છાની પ્રબલતા થતાં પિતાઆદિ ગુરુજનોને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારવા લાગી જાય છે, કુવચન કહેવા લાગે છે, તેમને નીચા પાડી દે છે, પુત્રાદિકને મારે છે, બડાઈ કરે છે, તેમને વેચી દે છે, અપમાનાદિક કરે છે, પોતાના શરીરને પણ કષ્ટ આપીને ધનાદિકનો સંગ્રહ કરે છે તથા કષાયના વશીભૂત થઈને પોતાના પ્રાણ સુધી પણ આપી દે છે, ઈત્યાદિ એ પ્રમાણે કષાયઈચ્છા પ્રબલ થતાં મોહઈચ્છા ગૌણ થઇ જાય છે.

ક્રોધકષાય પ્રબલ થતાં-સારાં ભોજનાદિક ખાતો નથી, વસ્ત્રાભરણાદિ પહેરતો નથી, સુગંધઆદિ સુંઘતો નથી, સુંદર વર્ણાદિક દેખતો નથી, [1]સુરીલા રાગરાગણી આદિ સાંભળતો નથી, ઈત્યાદિ વિષયસામગ્રીઓને બગાડી દે છે-નષ્ટ કરી દે છે, અન્યનો ઘાત કરી દે છે તથા ન બોલવાયોગ્ય નિંદ્યવાક્યો પણ બોલે છે, ઈત્યાદિ કાર્ય કરે છે. માનકષાય તીવ્ર થતાં-પોતાને ઉચ્ચ થવાનો તથા અન્યને નીચા પાડવાનો ઉપાય હમેશાં બન્યો રાખે છે, પોતે સારાં ખાણાં લેવા છતાં, સુંદર વસ્ત્રો પહેરવા છતાં, સુગંધ સુંઘવા છતાં, સારા વર્ણો જોવા છતાં, સુરીલા રાગ સાંભળવા છતાં તેમાં પોતાના ઉપયોગને લગાવતો નથી, તેનું કદી ચિંત્વન કરતો નથી તથા પોતાને તે ચીજો કદી વ્હાલી પણ લાગતી નથી, માત્ર વિવાહાદિ આવતાં વા મોસાળાદિકના સમયમાં પોતાને એક ઉંચો રાખવા માટે અનેક ઉપાય કરે છે. લોભકષાય તીવ્ર થતાં-સારાં ભોજન ખાતો નથી, સારાં વસ્ત્રો

૧ સુરીલા=મધુર સુરવાળા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેરતો નથી, સુગંધવિલેપનાદિક લગાવતો નથી, સુંદર રૂપને દેખતો નથી તથા સારા રાગ સાંભળતો નથી, માત્ર એક ધનાદિકસામગ્રી ઉપજાવવાની વાત કરવાની જ બુદ્ધિ રહે છે—કંજુસ જેવો સ્વભાવ બની જાય છે. માયાકષાય તીવ્ર થતાં સારૂં-સારૂં ખાતો નથી, સારાં વસ્ત્રાદિક પહેરતો નથી, સુગંધિતવસ્તુને સુંઘતો નથી, સુંદર રૂપાદિકને જોતો નથી, અને સુંદર રાગાદિકને સાંભળતો નથી; કેવલ અનેકપ્રકારના છલકપટાદિ માયાચારના વ્યવહાર કરીને અન્યને ઠગવાનાં જ કાર્ય કર્યા કરે છે ઈત્યાદિ પ્રકારથી ક્રોધ-માન-માયા-લોભકષાયની પ્રબલતા થતાં ભોગઈચ્છા ગૌણ થઈ જાય છે તથા રોગાભાવઈચ્છા પણ મંદ પડી જાય છે.

વળી જ્યારે ભોગઈચ્છા પ્રબલ થઈ જાય છે ત્યારે પોતાના પિતા આદિને પણ સારૂં ખવડાવતો નથી, સુંદર વસ્ત્રાદિક પહેરાવતો નથી, ઈત્યાદિ માત્ર પોતે જ સારી સારી મીઠાઈ બરફીઆદિ ખાવાની ઇચ્છા કરે છે, ખાય છે, સુંદર બારીક બહુમુલ્યનાં વસ્ત્રાદિક પહેરે છે અને ઘરનાં વા અન્ય કુટુંબાદિકજનો ભૂખે મરતાં રહે છે, એ પ્રમાણે ભોગઇચ્છા પ્રબલ થતાં મોહઈચ્છા ગૌણ થઇ જાય છે.

સારૂં ખાવું, પહેરવું, સૂંઘવું, જોવું, સાંભળવું વાંછે છે ત્યાં કોઇ બૂરૂં કહે તો પણ ક્રોધ કરતો નથી, પોતાના માનાદિક કોઈ ન કરે તો પણ તેને ગણતો નથી, અનેક પ્રકારની કપટાઇ કરીને પણ, દુઃખો ભોગવીને પણ કાર્ય સિદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરવા ઇચ્છે છે તથા ભોગઇચ્છાની પ્રાપ્તિ માટે ધનાદિક પણ ખર્ચે છે, એ પ્રમાણે ભોગઇચ્છા પ્રબલ થતાં કષાયઇચ્છા ગૌણ થઈ જાય છે.

સારૂં ખાવું, પહેરવું સુંઘવું, દેખવું અને સાંભળવુ આદિ કાર્ય હોવા છતાં રોગાદિકનું થવું ભૂખ-તરસ આદિ કાર્યો પ્રત્યક્ષ ઉત્પન્ન થતાં જાણવા છતાં પણ તે વિષય સામગ્રીથી અરુચિ થતી નથી; જેમકે–સ્પર્શન-ઇંદ્રિયની પ્રબલ ઈચ્છાના વશ થઈ હાથી ખાડામાં પડે છે, રસનાઇંદ્રિયના વશ થઈ માછલી કાંટામાં ભરાઈ મરે છે, ઘ્રાણઇંદ્રિયના વશ થઈ ભમરો કમળમાં જીવન ગુમાવે છે, કર્ણઇંદ્રિયના વશ થઈ મૃગ શિકારીની ગોળીથી મરે છે તથા નેત્રઇંદ્રિયના વશ થઈ પતંગ દીપકમાં પ્રાણ હોમે છે. એ પ્રમાણે ભોગઇચ્છા પ્રબલ થતાં રોગાભાવઇચ્છા ગૌણ થઈ જાય છે.

વળી જ્યારે રોગાભાવઇચ્છા પ્રબલ થાય છે ત્યારે કુટું-બાદિકને છોડી દે છે, મંદિર–મકાન, પુત્રઆદિને પણ વેચી દે છે, ઈત્યાદિ રોગની તીવ્રતા થતાં મોહ ઉત્પન્ન થવાથી કુટુંબાદિ સંબંધીઓમાંથી પણ મોહનો સંબંધ છૂટી જાય છે તથા અન્યથા પરિણમે છે. એ પ્રમાણે રોગાભાવઇચ્છા પ્રબલ થતાં મોહઈચ્છા ગૌણ થઈ જાય છે. તથા:—

કોઈ બૂરા કહો અને અપમાનાદિક કરો છતાં પણ અનેક છલપાખંડ કરીને વા ધનનું ખર્ચ કરીને પણ પોતાના રોગને મટાડવા ઇચ્છે છે, એ પ્રમાણે રોગાભાવઇચ્છા પ્રબલ થતાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કષાયઇચ્છા ગૌણ થઈ જાય છે.

વળી ભૂખ લાગે, તરસ લાગે, શીતતા લાગે, ગરમી લાગે તથા પીડા ઇત્યાદિ રોગ ઉત્પન્ન થઈ જાય ત્યારે સારી-નરસી, મીઠી-ખારી અને ખાદ્ય-અખાદ્યનો પણ વિચાર કરતો નથી, બૂરી અખાદ્યવસ્તુને ભક્ષણ કરીને પણ રોગ મટાડવા ઇચ્છે છે. જેમ પત્થર વા વાડના કાંટા વગેરે ખાઇને પણ ભૂખ મટાડવા ઇચ્છે છે, એ પ્રમાણે રોગાભાવઇચ્છા થતાં ભોગઇચ્છા ગૌણ થઈ જાય છે.

એવી રીતે એક કાળમાં એક ઇચ્છાની મુખ્યતા રહે છે અને અન્ય ઇચ્છાની ગૌણતા થઈ જાય છે, પરંતુ મૂળમાં તો ઇચ્છા નામનો રોગ સદાય કાયમ રહે છે.

જેને નવીન નવીન વિષયોની ઇચ્છા છે તેને દુ:ખ, સ્વભાવથી જ થાય છે, જો દુ:ખ મટી ગયું હોય તો તે નવીન વિષયો અર્થે વ્યાપાર શા સારૂં કરે? એજ વાત શ્રીપ્રવચનસારમાં કહી છે કે:—

**जेसिं विसयेसु रदी तेसिं दुक्खं वियाण सब्भावं ।**
**जइ तं ण हि सब्भावं वावारो णत्थि विसयत्थं ॥६४॥**

(શ્રી પ્રવચનસાર–અધિ–૧)

---

અર્થ:–જે જીવોને ઇન્દ્રિયવિષયોમાં પ્રીતિ છે તેમને દુ:ખ સ્વાભાવિક જ જાણ; કારણ કે જો તેમને સ્વભાવિક દુ:ખ ન હોય તો તેમને વિષય સેવન અર્થે વ્યાપાર પણ ન હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ—જેમ રોગીને એક ઔષધિ ખાવાથી આરામ થઈ જાય તો તે બીજી ઔષધિનું સેવન શા માટે કરે? તે જ પ્રમાણે એક વિષયસામગ્રી પ્રાપ્ત થતાં જ દુ:ખી મટી જાય તો તે બીજી વિષયસામગ્રી શા માટે ઇચ્છે? કારણ કે ઇચ્છા તો રોગ છે અને એ ઇચ્છા મટાડવાનો ઇલાજ વિષયસામગ્રી છે, હવે એક પ્રકારની વિષયસામગ્રીની પ્રાપ્તિથી એક પ્રકારની ઇચ્છા દબાય છે પરંતુ તૃષ્ણા-ઇચ્છાનામનો રોગ તો અંતરંગમાંથી મટતો જ નથી તેથી બીજી અન્ય પ્રકારની ઇચ્છા વળી ઉપજી આવે છે. એ પ્રમાણે સામગ્રી મળતાં મળતાં આયુષ્ય પૂર્ણ થઈ જાય છે અને ઇચ્છા તો બરાબર ત્યાં સુધી કાયમ જ લાગી રહે છે. ત્યાર પછી બીજી પર્યાય પામે છે ત્યારે તે પર્યાય સંબંધી ત્યાંનાં કાર્યોની નવીન ઇચ્છા ઉત્પન્ન થાય છે એ પ્રમાણે સંસારમાં દુ:ખી થયો થકો ભ્રમણ કરે છે.

વળી અનિષ્ટસામગ્રીના સંયોગના કારણોને તથા ઇષ્ટસામગ્રીના વિયોગના કારણોને વિઘ્ન માનો છો પણ તમે કાંઈ (એનો) વિચાર સન્મુખ થઇને કર્યો છે? જો એજ વિઘ્ન હોય તો મુનિ આદિ ત્યાગીતપસ્વી તો એ કાર્યોને અંગીકાર કરે છે, માટે વિઘ્નનું મૂળ કારણ અજ્ઞાન-રાગાદિક જ છે; એ પ્રમાણે દુ:ખ વા વિઘ્નનું સ્વરૂપ જાણ. તથા તેનો ઈલાજ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તેના સ્વરૂપનો ઉપદેશ આપી પ્રવૃત્તિ કરાવવાવાળા શ્રીઅર્હંતદેવાધિદેવ છે. એ પ્રમાણે દુ:ખ વા વિઘ્નના હર્તા જાણી તેમને પૂજવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યોગ્ય છે. પણ કદાચિત્ તમે તેમને વિષયસુખના કર્તા તથા રોગાદિક વિઘ્નના હર્તા જાણી પૂજશો તો એ કાર્યો તો પૂર્વોપાર્જિત કર્મોને આધીન છે તેથી તમને જિનદેવને પૂજવા છતાં પણ એ લૌકિક દુઃખ-વિઘ્ન આદિ અશાતાના ઉદયથી તો થાય છે, હવે એવી હાલતમાં તમને જિનદેવની આસ્તિક્યતા કયા પ્રયોજનના આશ્રયે ટકશે તે બતાવો? માટે સર્વથી પહેલાં દુઃખ વા વિઘ્નનું સ્વરૂપ નિશ્ચય કરી પછી એ પ્રયોજનના અર્થે પૂજવા યોગ્ય છે, એમ તમે શાસ્ત્ર અનુસાર ગુણનું વર્ણન કરો છો પરંતુ તમને ગુણોનું વા ગુણધારક ગુણીનું સાચું સ્વરૂપ જ્ઞાનમાં તો નિશ્ચય થયું નથી માટે પહેલાં તેનું સ્વરૂપ નિશ્ચય કરી સેવક બનવું યોગ્ય છે.

પ્રશ્ન—અર્હંતદેવનું સાચું સ્વરૂપ શું છે તે કહો?

ઉત્તર—નિશ્ચયરૂપ અંતરંગલક્ષણ તો કેવલજ્ઞાન-વીતરાગતાદિપણું છે તથા બાહ્યલક્ષણ સ્વયં જીવાદિપદાર્થોનું સાચું મૂળ વક્તાપણું છે એ કેવલજ્ઞાન-વીતરાગપણાનું આ સામર્થ્ય છે. વળી સાચું મૂળ વક્તાપણું છે તે કેવલજ્ઞાન-વીતરાગપણાનું સામર્થ્ય છે તથા સાચા મૂળ વક્તાપણાનું યુક્તિથી પ્રત્યક્ષથી અને વચનના અવિરુદ્ધપણાથી સમર્થન થાય છે, માટે જેને તેમના વચનમાં યુક્તિથી, પ્રત્યક્ષથી અવિરુદ્ધપણું સાચું ભાસ્યું છે તેને જ તેમનું કેવલજ્ઞાનપણું તથા વીતરાગપણું નિર્દોષ ભાસ્યું છે એમ જાણવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં અહીં સંયોગરૂપ-કાર્યરૂપ સાધન જે સત્યવચન તેનાથી સર્વજ્ઞનો સ્વરૂપનિશ્ચય થયો છે તથા દ્રવ્યરૂપ અર્હંતદેવનું સ્વરૂપ પરમ ઔદારિક શરીરને ધારનાર, અઢારદોષોથી રહીત, દીગંબર, આભરણાદિ રહિત અને શાંતમુદ્રાના ધારક ઇત્યાદિરૂપ છે.

ઇતિ સત્તાસ્વરૂપ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સર્વજ્ઞ સત્તાસ્વરૂપ

હવે શ્રી અર્હંતદેવનો નિશ્ચય, પોતાના જ્ઞાનમાં થવાનો ઉપાય લખીએ છીએ:–આ જીવ અનાદિથી મિથ્યાદર્શન-અજ્ઞાન–કુચારિત્રભાવથી પ્રવર્તતો થકો ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે, ત્યાં કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી જે [1]અસમાનજાતિયદ્રવ્યપર્યાયમાં અહંબુદ્ધિ ધારી ઉન્મત્ત બની વિષય-કષાયઆદિ કાર્યરૂપ પ્રવર્તે છે. તેમાં અનાદિથી ઘણો કાળ તો [2]નિત્યનિગોદમાં જ વ્યતીત થયો વા પૃથ્વી-આદિ પર્યાયોમાં વા ઇતરનિગોદમાં વ્યતીત થયો. એ નિત્ય-નિગોદમાંથી નીકળ્યા પછી પાંચ [3]સ્થાવરમાં ઉત્કૃષ્ટ રહે-

---

૧ અસમાનજાતિદ્રવ્યપર્યાય=ભિન્ન જાતિવાળા દ્રવ્યો મળીને જે એકરૂપ સંયોગ બને છે તેને અસમાનજાતિદ્રવ્યપર્યાય કહે છે, દા, ત. જીવ અને પુદ્ગલો મળીને મનુષ્યદેવાદિ અવસ્થારૂપે એકરૂપ વ્યવહાર થાય છે તે.

૨ નિગોદ=જે શરીરમાં અનંતાનંત જીવો એકી સાથે રહે છે, જન્મે છે અને મરે છે તે શરીરને સાધારણ કહે છે અને તેમાં રહેતા જીવોને નિગોદ કે સાધારણ વનસ્પતિકાય કહે છે.

૩ સ્થાવર=(૧) પૃથ્વીકાય (૨) અપકાય (૩) તેઉકાય (૪) વાઉકાય (૫) વનસ્પતિકાય એ પાંચ સ્થાવરના ભેદ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાનો કાલ અસંખ્યાત કલ્પકાલ પ્રમાણ છે ત્યાં તો એક સ્પર્શનઈંદ્રિયનું જ કિંચિત્ જ્ઞાન હોય છે, હવે એ પર્યાયોમાં જે દુઃખ આ જીવ ભોગવે છે તેને તો જે ભોગવવાવાળો જીવ છે તે જ જાણે છે વા કેવલીભગવાન જાણે છે. કોઈ પ્રકારથી કર્મનો ક્ષયોપશમ કરી વા ત્રસઆદિ પ્રકૃતિના ઉદયથી બેઈંદ્રિય, ત્રણઈંદ્રિય,ચારઈંદ્રિય, અસંજ્ઞીપંચેંદ્રિય તથા લબ્ધ્યપ્રર્યાપ્તક પર્યાયોમાં ઉત્પન્ન થાય છે ત્યાં વિશેષરૂપથી દુઃખની જ સામગ્રી હોય છે. ત્યાં પણ જ્ઞાનની મંદતા જ છે એટલે એ પર્યાયોમાં તો આત્મહિતકારી ધર્મનો વિચાર થવાનો પણ સર્વથા અભાવ છે. બાકી તિર્યંચપર્યાય રહી, તેમાં નાની [1]અવગાહના અને અલ્પઆયુષ્યવાળા જીવો તો ઘણા છે તથા મોટી અવગાહના અને દીર્ઘઆયુવાળા જીવો થોડા છે, તેમાં સિંહ, વાઘ અને સર્પ આદિ ક્રૂર જીવોમાં તો ધર્મની વાસના જ હોતી નથી, અને કદાચિત્ કોઈ તિર્યંચને એ વાસના હોય તો ઘણું કરીને પૂર્વની દેવમનુષ્યોમાંની ધર્મવાસનાના બલથી થાય છે. વળી કોઈ જીવને લબ્ધિના બલથી ઉપદેશાદિકનું [2]નિમિત્ત પામતાં વર્તમાન તિર્યંચ સંજ્ઞીપર્યાપ્તક ગર્ભજ મોટી અવગાહના વા દીર્ઘઆયુના ધારક બળદ અને હરણાદિ જીવોને ઉત્પન્ન થાય છે, પરંતુ એવા જીવ ઘણા થોડા છે.

---

૧ અવગાહના=શરીરની ઊંચાઈ.

૨ નિમિત્ત=હાજરીરૂપ બાહ્યસંયોગ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નરકપર્યાય દુઃખમય જ છે ત્યાં ધર્માવાસનાદિનું ઉત્પન્ન થવું મહા દુર્લભ છે, કોઈ જીવને મનુષ્ય-તિર્યંચપર્યાયોમાં થયેલી વાસના કિંચિત્ રહી જાય તો તે બની રહે છે.

દેવપર્યાયમાં ઘણા દેવ તો ભવનત્રય અર્થાત્-ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષિઓમાં હલકા પદના ધારક છે, તેમને તો મિથ્યાત્વ, વિષયકષાય અને ભોગોપભોગસામગ્રી આદિનો વિષયરૂપથી અનુરાગ હોય છે, તેથી ઘણા જીવ તો ત્યાંથી મરીને એકેંદ્રિય થાય છે, તથા કોઈ ઉચ્ચપદના ધારક જીવ તો પ્રથમ મનુષ્યપર્યાયમાં ધર્મ સાધ્યો છે તેના જ ફલથી થાય છે, પણ એવા જીવ થોડા હોય છે.

મનુષ્યપર્યાયમાં ઘણા જીવ તો લબ્ધ્યપર્યાપ્તક છે તેમનું શ્વાસના અઢારમા ભાગપ્રમાણ આયુષ્ય છે કારણ કે સંસારી જીવરાશિમાં સર્વ મનુષ્ય ઓગણત્રીસ અંકપ્રમાણ છે તેથી એકેંદ્રિયાદિ સર્વ જીવરાશિથી (તેઓ) અત્યંત થોડી સંખ્યામાત્ર છે. ત્યાં પણ ઘણા જીવ તો ભોગભૂમિયા છે. એટલે ત્યાં તો દેવઆદિનો વા ધર્મકાર્યોનો સંબંધ જ નથી. વળી કર્મભૂમિમાં ઘણા જીવ તો ગર્ભમાં જ અલ્પઆયુના ધારક મરતા જોઈએ છીએ તથા કદાચિત ગર્ભમાં પૂર્ણ અવસ્થા થાય તો જન્મ થયા પછી ઘણા જીવ અલ્પઆ-યુના ધારક મરતા જોઈએ છીએ વળી કોઈ દીર્ઘઆયુષ્ય પામે તો ઉચ્ચકુલ પામવું મહા દુર્લભ છે, તેનાથી પાંચે ઇંદ્રિયોની પૂર્ણતા પામવી વા શરીરાદિ સર્વ સામગ્રી ઉત્તમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામવી મહા દુર્લભ છે, તેનાથી ઉત્તમ સંગતિનો સંબંધ મળવો વા વ્યસનાદિકથી બચ્યા રહેવું મહા દુર્લભ છે, તેનાથી અંતરંગમાં ધર્મવાસના થવી વા પરલોકથી અને પાપથી ભયભીત થવું ઉત્તરોત્તર મહા દુર્લભ છે, કદાચિત્ તેની પણ પ્રાપ્તિ થઈ જાય તો મિથ્યાધર્મવાસનાનો અભાવ તથા તેનાથી બચ્યા રહેવારૂપ કાર્ય અત્યંત દુર્લભ છે, વળી તેનાથી પણ બચી જાય તો [1]જૈનાભાસી જે શ્વેતામ્બરસંવેગી, રક્તામ્બર, પીતામ્બર, કાષ્ટાસંઘી તથા આ કળિકાળમાં ઉત્પન્ન થયેલી મિથ્યાધર્મ સમાન જૈનધર્મમાં પણ પ્રતીતિ તેનાથી બચવું મહા દુર્લભ છે, કદાપિ તેનાથી બચવું બની જાય તો કુલક્રમથી અને પંચાયતના ભયથી મિથ્યાદેવાદિકોથી બચવું બની જાય તો મોટું ભાગ્ય! પરંતુ સાચાદેવાદિકની તેવી યથાવત્ વિનયાદિરૂપ પ્રવૃત્તિ ન થઇ. વળી ત્યાં પણ કોઇ જીવ તો પોતાના જ્ઞાનમાં નિર્ણય કર્યા વિના જ અજ્ઞાનીસાધર્મીના સંગમાં મગ્ન બની (તેનો) વિનય વા ઉજ્જવલતા વધારવાવાળી દ્રવ્યરૂપ પૂજાતપત્યાગઆદિ બાહ્યક્રિયામાં જ નિમગ્ન થઇ રહે છે. વળી કોઈક જીવ, વક્તાના ઉપદેશઆદિ કથનથી સ્વરૂપનિર્ણય પણ કરે છે ત્યાં પોતાના જ્ઞાનમાં આગમના આશ્રયથી તે [2]શિક્ષા યાદ રાખે છે અને પોતાને વસ્તુસ્વરૂપનો જ્ઞાની માની

---

૧ જૈનાભાસી=વાસ્તવિક જૈન નહિ પણ જૈન જેવા દેખાતા.

૨ શિક્ષા=ઉપદેશ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંતુષ્ટ થઈ રહે છે પણ યુક્તિ-હેતુપૂર્વક તેનું જ્ઞાન કરતો નથી, તથા કોઈ હેતુ-યુક્તિ પણ શીખી લે છે તો ત્યાં આગમમાં કહ્યો છે તેવો જ નિશ્ચય કરી વસ્તુસ્વરૂપનો નિર્ણય થયો માની લે છે પણ જિનમતમાં આગમ–આશ્રય-હેતુ અને સ્વાનુભવવિના, કઇ અપેક્ષા [૧]અબાધ વા [૨]સબાધ છે એવો નિર્ણય કરતો નથી. તથા કોઈ જીવ, બાહ્યગુ-ણોથી (માત્ર) વ્યવહારરૂપ વસ્તુનો યુક્તિપૂર્વક નિર્ણય પણ કરી લે છે પરંતુ નિશ્ચયાશ્રિત સાચું સ્વરૂપ ન ભાસ્યું તેથી તે મિથ્યાદ્રષ્ટિ જ છે.

એ પ્રમાણે આ સંસારમાં અનંતાનંતકાળ પરિભ્રમણ કરતાં કરતાં જ વ્યતીત થયો છે તેથી હવે તમને કહીએ છીએ કે–હવે તો આટલી વાતોનો અવશ્ય નિર્ણય કરી લ્યો કે—આગમથી યુક્તિથી વા સ્વાનુભવથી સંસારમાં પરિભ્રમણ આજ પ્રમાણે થાય છે કે નથી થતું? વા સંસા-રમાં ઉપર કહેલી સર્વ વાતો દુર્લભ છે કે નથી? હવે તમારે[૩]અનધ્યવસાયી રહેવું યોગ્ય નથી, આ મનુષ્યપ-ર્યાયરૂપ રસ પામવો મહા દુર્લભ છે, નહિ તો પછી પસ્તાશો અને કાંઈ ગરજ સરશે નહિ. અનંતાનંત જીવો આજ પ્રમાણે દુઃખી થયા થકા કાળ પૂર્ણ કરે છે પણ હવે તમે

---

૧ અબાધ=દોષ વગરની, વિરોધ વગરની.

૨ સબાધ=દોષવાળી, વિરોધવાળી.

૩ અનધ્યવસાયી=બેખબરું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો આ અવસર પામ્યા છો! મનુષ્યપર્યાય, ઉચ્ચકુલ, દીર્ઘ-આયુ, પાંચે ઇંદ્રિયોની પરિપૂર્ણતા, રૂડા ક્ષેત્રમાં વાસ, સત્સંગની પ્રાપ્તિ, પાપથી ભયભીતપણું, ધર્મબુદ્ધિની પ્રાપ્તિ, શ્રાવકકુલની પ્રાપ્તિ, સત્યશાસ્ત્રોનું શ્રવણ, સત્યઉપદેશ-દાતાનો સંબંધ મળવો, સત્યમાર્ગનો આશ્રય મળવો, સત્ય-દેવઆદિના નિકટ દર્શન-પૂજન ઇત્યાદિનું કરવું. તથા ભક્તિરૂપ વા આસ્તિક્યતારૂપ પરિણામોનું થવું, ઇત્યાદિ ઉત્તરોત્તર મહાદુર્લભ છે છતાં આ કાળમાં પણ મહાભાગ્યના ઉદયથી એ બધી વાતો પ્રાપ્ત થઈ છે.

પણ હવે તમને પૂછીએ છીએ કે—તમે હમેશાં મંદિરમાં આવો છો ત્યાં તમે મંદિરમાં જે પ્રતિમાજી બિરાજે છે તેને જ દેવ જાણી સંતુષ્ટ થઈ રહ્યા છો કે તમને પ્રતિમાજીનો નાનો-મોટો આકાર, વર્ણ વા પદ્માસન-કાયોત્સર્ગાસન આદિ જ દેખાય છે કે જેની આ પ્રતિમા છે તેનું પણ (કાંઈ) સ્વરૂપ ભાસ્યું છે? તે તમે તમારા ચિત્તમાં વિચારી જુઓ. જો નથી ભાસ્યું તો જ્ઞાન વિના કોનું સેવન કરો છો? તેથી તમારે જો પોતાનું ભલું કરવું છે તો સર્વ આત્મ-હિતનું મૂળ કારણ જે 'આપ્ત' તેનો સાચો સ્વરૂપનિર્ણય કરી જ્ઞાનમાં લાવો. કારણ કે-સર્વ જીવોને સુખ પ્રિય છે, સુખ કર્મોના નાશથી થાય છે, કર્મનો નાશ સમ્યક્ચારિ-ત્રથી થાય છે, સમ્યક્ચારિત્ર, સમ્યગ્દર્શન-જ્ઞાન પૂર્વક થાય છે, સમ્યગ્જ્ઞાન આગમથી થાય છે, આગમ કોઇ વીતરાગ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુરુષની વાણીથી ઉપજે છે અને એ વાણી કોઈ વીતરાગ-પુરુષના આશ્રયે છે, માટે જે સત્પુરુષ છે તેમણે પોતાના કલ્યાણ અર્થે સર્વ સુખનું મૂળકારણ જે આપ્તઅર્હંત સર્વજ્ઞ તેનો યુક્તિપૂર્વક સારીરીતે સર્વથી પ્રથમ નિર્ણય કરી (તેમનો) આશ્રય લેવો યોગ્ય છે. કહ્યું છે કે:—

*सर्वः प्रेप्सति सत्सुखाप्तिमचिरात् सा सर्वकर्मक्षयात् ।
सद्वृतात्स च तच्च बोधनियतं सोप्यागमात् स श्रुतेः ॥
सा चाप्तात् स च सर्वदोषरहितो रागादयस्तेऽप्यत् ।
स्तं युक्त्या सुविचार्य सर्वसुखदं सन्तः श्रयन्तु श्रियै ॥९॥

(આત્માનુશાસન)

એ પ્રમાણે રાગાદિ સર્વ દોષરહિત જે આપ્ત, તેનું નિશ્ચયપણું જ્ઞાનમાં કરવું. ત્યાં તે તો અજ્ઞાન-રાગાદિ દોષ-રહિત છે જ, પ્રતિમા પણ તેમની જ છે વા શાસ્ત્રોમાં નિર્બાધરૂપથી તેમનું સ્વરૂપ લખ્યું છે જ પણ હવે જેનો

---

*અર્થ:—સર્વ જીવો ભલા સુખની પ્રાપ્તિને ઈચ્છે છે: તે પ્રાપ્તિ સર્વ કર્મના ક્ષયથી થાય છે, સર્વ કર્મનો ક્ષય ચારિત્રથી થાય છે; ચારિત્ર જ્ઞાનમાં નિયત છે; જ્ઞાન આગમથી થાય છે; આગમ યથાર્થ ઉપદેશમાંથી પ્રવર્તે છે; યથાર્થ ઉપદેશ આપ્તપુરુષ દ્વારા હોય છે; અને આપ્ત રાગાદિ સર્વ દોષથી રહિત છે માટે સત્પુરુષો તે સર્વ સુખના દાતા આપ્તને યુક્તિથી ભલી રીતે વિચારીને કલ્યાણને માટે તેનો આશ્રય કરો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપદેશ સાંભળીએ છીએ, જેના કહેલા માર્ગ ઉપર ચાલીએ છીએ, વા જેની સેવા, પૂજા આસ્તિકયતા, જાપ, સ્મરણ, સ્તોત્ર, નમસ્કાર અને ધ્યાન કરીએ છીએ એવા જે અર્હંત-સર્વજ્ઞ, તેમનું પ્રથમ પોતાના જ્ઞાનમાં સ્વરૂપ તો ભાસ્યું જ નથી તો તમે નિશ્ચય કર્યા વિના કોનું સેવન કરો છો? લોકમાં પણ આ પ્રમાણે છે કે અત્યંત નિષ્પ્રયોજનવાતનો પણ નિર્ણય કરી પ્રવર્તે છે અને આત્મહિતના મૂળ આધારભૂત જે અર્હંતદેવ, તેનો નિર્ણય કર્યા વિના જ તમે પ્રવર્તો છો એ મોટું આશ્ચર્ય છે! વળી તમને નિર્ણય કરવા યોગ્ય જ્ઞાન પણ ભાગ્યથી પ્રાપ્ત થયું છે માટે તમે આ અવસરને વૃથા ન ગુમાવો. આળસઆદિ છોડી તેના નિર્ણયમાં પોતાને લગાવો કે જેથી તમને વસ્તુનું સ્વરૂપ, જીવાદિકનું સ્વરૂપ, સ્વ-પરનું [1]ભેદવિજ્ઞાન, આત્માનું સ્વરૂપ, હેય-ઉપાદેય, અને શુભ-અશુભ શુદ્ધઅવસ્થારૂપ પોતાના પદ-અપદનું સ્વરૂપ એ બધાનું સર્વ પ્રકારથી યથાર્થજ્ઞાન થાય. માટે સર્વ મનોરથ સિદ્ધ થવાનો ઉપાય જે અર્હંતસર્વજ્ઞનું યથાર્થજ્ઞાન જે પ્રકારથી થાય તે પ્રથમ કરવા યોગ્ય છે. કહ્યું છે કે:—

***जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्य लयं ॥८०॥**

---

૧ ભેદવિજ્ઞાન=આત્મા અને જડની જુદાઈનું ભાન.

* અર્થ:—જે જીવ અર્હંત ભગવાનને દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાય–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ—જે દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે અર્હંતને જાણે છે તે જ આત્માને યથાર્થ જાણે છે અને તેનાજ મોહનો નાશ થાય છે. કારણ કે-જે અર્હંતનું સ્વરૂપ છે તે જ પોતાનું સ્વરૂપ છે પણ વિશેષતા એટલી છે કે તેઓ પહેલા અશુદ્ધ હતા અને રત્નત્રયના સાધનથી વિભાવોને નાશ કરી શુદ્ધ થયા છે અને તમને રત્નત્રયનું સાધન નથી થયું તેથી [1]બહિરાત્મપણું બની રહ્યું છે.

એ પ્રમાણે શ્રીગુરુ પરમ દયાળુ છે તેથી તમને આ વાતમાં ચિત્ત લગાવવાની પ્રેરણા કરે છે. તમે પણ દર્શનાદિક કાર્ય તો કરો છો જ પણ તેમાં આટલું વિશેષ કરવું કે-અનધ્યવસાયી ઘેલી પાગલપણાની આદત છોડી પ્રથમ નિર્ણય કરી દર્શનાદિક કરો. જેમાં ચિત્ત પણ સારી રીતે સ્થિર થાય, સુખ પણ વર્તમાનમાં ઉપજે તથા આસ્થા પણ કાયમ રહે ત્યારે પોતે અન્યનો ચલિત કર્યો ચલિત થાય નહિ. માટે સર્વથી પ્રથમ અર્હંતસર્વજ્ઞનો નિર્ણય કરવારૂપ કાર્ય કરવું એજ શ્રીગુરુની મૂળ શિક્ષા છે.

ત્યાં જે જીવ, પ્રમાણજ્ઞાનદ્વારા અર્હંતદેવના આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરાગુરુઓનો ઉપદેશ તથા

---

પણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે; અને તેનો મોહ ખરેખર નાશ પામે છે.

૧ બહિરાત્મપણું=આત્માના સ્વભાવથી વિમુખપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાનુભવ વડે નિર્ણય કરીને જૈની થશે તેજ મોક્ષમાર્ગરૂપ સાચું ફળ પામશે તથા સાતિશય પુણ્યબંધ કરશે. તથા જે આ વાતો દ્વારા નિર્ણય તો નહિ કરે અને કુલક્રમથી, વ્યવહારરૂપ વા બાહ્યગુણોના આશ્રયથી, શાસ્ત્રોથી સાંભળીને તેનાથી પોતાનું ભલું થવું જાણીને તથા પંચાયત સંબંધના આશ્રયથી તેમનો સેવક થઈ અજ્ઞાનવિનયાદિરૂપ પ્રવર્તશે તેને સાચું નિશ્ચયસ્વરૂપ ફળ તો આવશે નહિ પણ માત્ર પુણ્યબંધ થઈ જશે. વળી જે કુલાદિ પ્રવૃત્તિવડે, પંચાયતપદ્ધતિથી, રોગાદિ મટાડવા અર્થે અવિનયાદિરૂપ અયથાર્થ પ્રવર્તે છે વા લૌકિકપ્રયોજનની વાંછા પૂર્વક યથાર્થ કે અયથાર્થ પ્રવર્તે છે અને (ઉપરથી) આત્મકલ્યાણનું સમર્થન કરે છે તેને તો પાપબંધ જ થાય છે. માટે જેને આત્મકલ્યાણ કરવું છે તેણે તો આ દશ વાતો દ્વારા નિર્ણય કરીને જે સાચા દેવ ભાસે તેમના, આસ્તિક્યતા લાવી સેવક થવું યોગ્ય છે. એ દશ વાતો કઈ છે તે કહીએ છીએ—[૧]સત્તા, [૨]સ્વરૂપ, [૩]સ્થાન, [૪]ફળ, [૫]પ્રમાણ, [૬]નય, [૭]નિક્ષેપ-સંસ્થાપના, [૮]અનુયોગ, [૯]આકારભેદ અને [૧૦]વર્ણભેદ. હવે તેનું સામાન્ય સ્વરૂપ કહીએ છીએઃ—

૧ અન્ય કોઈ કહે કે અર્હંતદેવ નથી વા પોતાના દિલમાં જ એવો સંદેહ ઊપજી આવે તો યુક્તિ આદિથી વા અન્યના ઉપદેશ આદિથી અર્હંતદેવના અસ્તિત્વની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આસ્થા લાવવાનું બળ પોતાના ચિત્તમાં પ્રાપ્ત થવું અથવા અર્હંતના અસ્તિત્વની સ્પષ્ટ ભાવના થઈ જવી તેનું નામ સત્તાનિશ્ચય છે.

૨ અર્હંતદેવનું બાહ્ય-અભ્યંતર સ્વરૂપ જેવું છે તેવો જ તેનો સાચો નિશ્ચય થવો તેનું નામ સ્વરૂપનિશ્ચય છે.

૩ વળી સાંખ્ય, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક, નાસ્તિક, મીમાંસક, ચાર્વાક અને જૈન એ મતોમાં વા વર્તમાન-કાળમાં શ્વેતામ્બર, રક્તામ્બર, પીતામ્બર, ઢુંઢિયા અને સંવેગી આદિ જૈનાભાસોમાં વા અન્ય પણ જેટલા મતો છે તેમાં એવા સર્વજ્ઞદેવ કયા મતમાં હોય છે? એવો સત્ય સ્થાનનિર્ણય કરવો તે સ્થાનનિર્ણય છે.

૪ એવા સત્યદેવને સેવન કરવાથી કયા ફળની પ્રાપ્તિ થશે? તેનો નિર્ણય કરવો તે ફળનિશ્ચય છે.

૫ વળી એવા દેવનો નિશ્ચય કઈ જાતના જ્ઞાનથી થશે તેનો નિર્ણય કરવો તે પ્રમાણનિશ્ચય છે.

૬ તથા ભગવાનનાં એકહજાર આઠ નામ છે તે કયા નયની વિવક્ષાથી કહ્યાં છે તેનો નિશ્ચય કરવો તે નયનિશ્ચય છે.

૭ ભાવનાની અપેક્ષા કરીએ કે તેમની પ્રતિમાનાં દર્શનઆદિ શા માટે કરવામાં આવે છે-કયા પ્રયોજનથી કરવામાં આવે છે? તેનો નિશ્ચય કરવો તે (નિક્ષેપ) સંસ્થાપનાનિશ્ચય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૮ પ્રથમાનુયોગ કરણાનુયોગ ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગનું સ્વરૂપ ક્યાં ક્યાં કહ્યું છે? તેનો નિશ્ચય કરવો તે અનુયોગનિશ્ચય છે.

૯ મૂળ ભાવોથી પ્રતિમાજીનો આકાર નાનો-મોટો શા માટે હોય છે? તેનો નિશ્ચય કરવો તે આકારનિશ્ચય છે તથા:—

૧૦ મૂળ ભાવોની અપેક્ષાએ પ્રતિમાજીનો વર્ણ અને અનેક પ્રકારની કાય કેવી હોય છે તેનો વિચાર કરવો તે વર્ણનિશ્ચય છે.

એ પ્રમાણે પોતાને પ્રથમ સ્વરૂપનિશ્ચય થયો હોય તો પ્રતિપક્ષીને[1] સમજાવવાનું બળ રહે તથા પોતાની આસ્તિક્યબુદ્ધિ પણ ટકી રહે. પણ જો એ પ્રમાણે ન હોય તો પ્રતિપક્ષીની યુક્તિનું ખંડન પણ ન કરી શકાય તથા (પોતાને) સંશયાદિક કાયમ રહે ત્યારે તેને આસ્તિક્યતા ક્યાં રહી? માટે પહેલાં ઉપરની વાતો દ્વારા અવશ્ય નિર્ણય કરવો એજ ધર્મનું મૂળ છે.

હવે એ વડે અર્હંતસર્વજ્ઞનો નિશ્ચય કેવી રીતે કરી શકાય તેનો ઉપાય દર્શાવીએ છીએ:—ત્યાં પ્રથમ જ સત્તા નિશ્ચય જો 'અર્હંતદેવ છે જ' એવો નિશ્ચય થવાનો પ્રબંધ આ પ્રમાણે કરીએ છીએ:—કોઈ વાદી કહે વા પોતાના

૧ પ્રતિપક્ષી=વિરુદ્ધ અભિપ્રાયવાળા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મનમાં જ સંશય ઉપજી આવે કે-તમે સર્વજ્ઞ કહો છો પણ એ સર્વજ્ઞ જ નથી. તેને ઉત્તર-જો તમે સર્વજ્ઞની નાસ્તિ કહો છો તો શા ઉપરથી કહો છો? ત્યારે તે કહે છે કે-હું સર્વજ્ઞને શા ઉપરથી જાણું, કોઈ એવું પ્રમાણ ભાસતું નથી કે જેથી સર્વજ્ઞ જાણી શકાય. માટે નિશ્ચય વિના વસ્તુનું સંસ્થાપન કરવું તે આકાશના ફૂલ સમાન છે. તેનો ઉત્તર-તેમને અજ્ઞાન અંધકારનો સમૂહ ફેલાયલો છે જેથી પ્રમાણથી સિદ્ધ જે સર્વજ્ઞ તે પણ તમને ન ભાસ્યા અને તમે (એકાએક) [1]નાસ્તિકપણાનું વચન કહ્યું. એજ શ્રીશ્લોકવાર્તિકમાં કહ્યું છે. યથાઃ—

*तत्र नास्त्येव सर्वज्ञो ज्ञापकानुपलंभनात् ।
व्योमांभोजवदित्येतत्तमस्तोगविजृंभितम् ॥८॥

(પ્રથમ અધ્યાય-પાનું-૧૧)

ત્યાં તેને અમે આ પ્રમાણે પૂછીએ છીએ કે-સર્વજ્ઞને જાણવાવાળું પ્રમાણજ્ઞાન તમને નથી જ તેથી તમે સર્વજ્ઞની નાસ્તિ કહો છો? કે અન્યમાં સર્વજ્ઞ નથી તેથી કહો છો? કે સર્વ મતવાળાઓમાં સર્વજ્ઞ નથી તેથી કહો છો?

---

૧ નાસ્તિકપણું=સર્વજ્ઞનું ન માનવાપણું.

*અર્થ :-જેમ આકાશના ફૂલનાં અસ્તિત્વને જણાવનારું કોઈ પ્રમાણ પ્રાપ્ત નહિ હોવાથી આકાશનું ફૂલ નથી તેમ સર્વજ્ઞના અસ્તિત્વને જણાવનારું કોઈ પ્રમાણ પ્રાપ્ત નહિ હોવાથી સર્વજ્ઞ પણ નથી આમ માનવું તે અંધકારના સમૂહનો ફેલાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે તે કહે છે કે–'મને (તેનું જ્ઞાન) નથી, કારણ કે મેં સર્વજ્ઞ દીઠા નથી તેથી નાસ્તિ કહું છું' ત્યારે તેને ઉત્તર આપીએ છીએ કે–તમને ન દેખવાથી સર્વજ્ઞની નાસ્તિ કહો છો તો હવે જે જે વસ્તુ તમને ન ભાસે તે બધાની નાસ્તિ કહો ત્યારે તો તમારો હેતુ સિદ્ધ થાય ત્યાં સમુદ્રમાં જળ કેટલા ઘડા પ્રમાણ છે?' હવે એ ઘડાની ગણત્રી તમારા જ્ઞાનમાં તો આવી નથી પરંતુ સમુદ્રમાં જળ તો સંખ્યાની મર્યાદાસહિત અવશ્ય છે, તથા તમારાથી ઘણા ચતુર વા જ્ઞાનીના જ્ઞાનમાં એ સમુદ્રના જળની પ્રમાણતા આવી જ હશે કે 'આમાં આટલા ઘડાપ્રમાણ જળ છે.' હવે એ પ્રકારે તો તમારામાં સ્વસમ્બંધી જ્ઞાપકાનુપલંભ નામનો હેતુવ્યભિચાર આવ્યો.

જેમ કોઈ પુરુષે દિલ્લી ન દેખી તો તેના ન દેખાવાથી કાંઈ દિલ્લીનો અભાવ તો કહી શકાય નહિ, અર્થાત્ દિલ્લી તો છે જ. તેજ પ્રમાણે તમને સર્વજ્ઞને દેખવાનો ઉપાય તો ન ભાસ્યો વા સર્વજ્ઞ ન દેખ્યા તો તમે અજ્ઞાની છો, તમને ન ભાસવાથી કાંઈ સર્વજ્ઞનો અભાવ તો કહી શકાય નહિ. સર્વજ્ઞ તો છે જ. એ પ્રમાણે શ્રીશ્લોકવાર્તિકમાં પણ કહ્યું છે. યથાઃ—

* स्वसंबंधि यदीदं स्याद्व्यभिचारि पयोनिधेः ।
अंभः कुंभादिसंख्यानैः सद्भिरज्ञायमानकैः ॥१४॥

(પ્ર. અ. પાનું–૧૩)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી જે પરસંબંધિ જ્ઞાપકાનુપલંભ નામના હેતુને ગ્રહણ કરે અર્થાત્ પર જે અન્ય, તેમને સર્વજ્ઞ જાણવાનો ઉપાય ન ભાસ્યો વા તેણે સર્વજ્ઞ ન દીઠા તેથી એ પરની અપેક્ષાએ સર્વજ્ઞની નાસ્તિ કહે છે. ત્યાં તેને પૂછીએ છીએ કે-તમારાથી પર તો અમે પણ છીએ, હવે અમે કહીએ છીએ કે 'અમને સર્વજ્ઞને જાણવાના ઉપાયરૂપ જ્ઞાન ભાસ્યું છે તેનાથી સર્વજ્ઞને અમે જાણ્યા છે તેથી તમે પરઅપેક્ષાએ સર્વજ્ઞની નાસ્તિ કેવી રીતે કહો છો? કારણ કે અમે તમને તમારા વચનથી સર્વજ્ઞનો આસ્તિકયતારૂપ નિર્ણય કરાવી આપશું અને ફરી તમે વિરુદ્ધવચન કહેતા જશો અને ન્યાય થયેલ જો અમારી વાત સાચી રહી જાશે તો એમાં મતપક્ષરૂપ પરસ્પર વ્યાઘાત થશે, તથા જો ન્યાયમાં પ્રમાણદ્વારા તેનાથી સિદ્ધ ન કરવામાં આવે તો અમારી સિદ્ધિ જુઠ પડી, માટે અમને જેમ (તેની સિદ્ધિ) ભાસી છે તેવી તમને પ્રમાણદ્વારા સિદ્ધ કરાવી આપશું ત્યારે તમારો પરસંબંધિ જ્ઞાપકાનુપલંભ નામનો હેતુ સર્વજ્ઞની નાસ્તિ સાધવામાં જૂઠો પડયો. માટે તમારે પરની અપેક્ષાએ સર્વજ્ઞની નાસ્તિ માનવી યોગ્ય નથી. એજ

---

*અર્થ:–' સર્વજ્ઞને જણાવનારું પ્રમાણ મને પોતાને ઉપલબ્ધ નથી તેથી સર્વજ્ઞ નથી' એમ માનવામાં આવે તો સમુદ્રના જળની (ચોક્કસ) ઘટસંખ્યા જે તને પોતાને અજ્ઞાત હોવા છતાં વિદ્યમાન છે તેની સાથે વ્યભિચાર આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાત શ્રીશ્લોકવાર્તિકજીમાં કહી છે. યથાઃ—

*परोपगमतः सिद्धस्स चेन्नास्तीति गम्यते ।
व्याघातस्तत्प्रमाणत्वेऽन्योन्यं सिद्धो न सोऽन्यथा ॥२७॥

(પ્ર. અ. પાનું-૪૧-ફૂટનોટ)

વળી તમે કહેશો કે-'જગતમાં સર્વને જ સર્વજ્ઞ દેખવાનો ઉપાય ભાસ્યો નથી વા સર્વજ્ઞ દીઠા નથી તેથી સર્વસંબંધી સર્વજ્ઞની નાસ્તિ કહીએ છીએ' તેને પૂછીએ છીએ કે-તમને સર્વને સર્વજ્ઞ ન દેખવાનો નિશ્ચય કેવીરીતે થયો? ત્યારે તે કહે છે કે-'હું સર્વના ચિત્તનો નિર્ણય કરીને કહું છું' ત્યાં અમે કહીએ છીએ કે-જે સર્વના ચિત્તની જાણે તે જ સર્વજ્ઞ, તો તમે સર્વના ચિત્તની જાણી!

હવે તમારી સર્વના ચિત્તને જાણવાની શક્તિની પરીક્ષા કરી લઈશું. જો તમે દૂરક્ષેત્રની તથા ઘણા કાળની જો તમે દેખ્યા વગરની સ્થૂલ વાત પણ બતાવી દેશો તો તમારૂં સર્વના ચિત્તનું જાણવાપણું સાચું માની લેશું. જો તમા-

---

*અર્થઃ—'સર્વજ્ઞને જણાવનારું પ્રમાણ પરને (-મારાથી અન્ય વ્યક્તિને) ઉપલબ્ધ નથી માટે સર્વજ્ઞ નથી' એમ કારણ આપવામાં આવે તો તારાથી અન્ય વ્યક્તિ તો હું પણ છું કે જેને સર્વજ્ઞને જણાવનારૂં પ્રમાણ ઉપલબ્ધ છે. એ રીતે અન્ય વ્યક્તિઓની માન્યતામાં પરસ્પર વ્યાઘાત થતો હોવાથી અન્ય વ્યક્તિની માન્યતા દ્વારા પણ સર્વજ્ઞનો અભાવ થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શથી દૂર ક્ષેત્રની તથા ઘણા કાળની વાત બતાવી શકાતી નથી તો તમને સર્વના ચિત્તનું જ્ઞાન થયું છે એમ કેવી-રીતે માનીએ? અને જો થયું છે તો તમારો સર્વસંબંધિ-જ્ઞાપકાનુલંભ નામનો હેતુ તો સદોષ થયો. કહ્યું છે કે–

×सर्वसम्बंधि तद्बोद्धं किंचिद्बोधैर्न शक्यते।
सर्वबोद्धास्तिचेत्कश्चित्तद्वोद्धा किं निषिध्यते ॥१५॥

(શ્લોકવાર્તિક પ્ર. અ. પાનું–૧૪)

એ પ્રમાણે તમારા સર્વ સંબંધિજ્ઞાપકાનુપલંભ નામના હેતુને જૂઠ ઠરાવ્યો. ત્યારે તે કહે છે કે–'એ તો જાણ્યું પરંતુ પરસબંધિજ્ઞાપકાનુપલંભ તો ત્યારે જૂઠ થાય કે જ્યારે તમને જે પ્રકારના પ્રમાણદ્વારા સર્વજ્ઞનું અસ્તિત્વ ભાસ્યું છે, તે પ્રકારથી અમને પણ દર્શાવો. જ્યારે અમને અસ્તિત્વનો સાચો નિશ્ચય થઈ જશે ત્યારે અમે શા માટે પરસંબંધિજ્ઞા-પકાનુપલંભ નામના હેતુને સાચો માનીશું? એ તો સહજ જ પોતાની મેળે જૂઠ થઈ જશે.' ત્યારે તેને કહીએ છીએ કે:–જો તમને સર્વજ્ઞના અસ્તિત્વનો નિશ્ચય કરવાની અભિ-

---

×અર્થ:–જો સર્વજ્ઞના અસ્તિત્વને જણાવનારું પ્રમાણ સર્વને પ્રાપ્ત નથી એમ કહો તો તે સર્વ સંબંધી જાણવું અલ્પજ્ઞાનથી થઇ શકે નહિ; અને જો તે સર્વ સંબંધી જાણવું થઇ શકે, તો પછી કોઈ સર્વજ્ઞ હોઈ શકે એ વાતનો નિષેધ કેમ કરવામાં આવે છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**લાષા છે તો તમને જે અપ્રમાણનાં ચસ્મા લાગી રહ્યાં છે તેને ઉતારીને પ્રમાણનાં ચસ્મા લગાવો; કારણ કે-અપ્રમાણ-જ્ઞાનમાં વસ્તુનો સાચો નિર્ણય સર્વથા થાય જ નહિ પણ પ્રમાણજ્ઞાનથી જ યથાર્થનિર્ણય થવો કહ્યો છે, શાસ્ત્રમા એજ કહ્યું છે કે:—**

***' प्रमाणादिष्टसंसिद्धिरन्यथातिप्रसंगतः ।**

( પ્રમાણપરીક્ષા પાનું-૬૩ )

**અર્થાત્-પ્રમાણથી જ પોતાના ઈષ્ટની ભલા પ્રકારથી સિદ્ધિ થાય છે, તથા જો એમ ન માનીએ તો પ્રમાણ અને અપ્રમાણનો વિભાગ ન રહે અને તેથી સર્વને ઈષ્ટની સાચી સિદ્ધિ થવાથી અતિપ્રસંગ (અતિવ્યાપ્તિ) નામનો દોષ આવે, માટે વસ્તુની સાચી સિદ્ધિ પ્રમાણથી જ થવી માની અપ્રમાણનાં ચશ્મા દૂર કરવા યોગ્ય છે. ત્યારે તેણે કહ્યું કે-મને અપ્રમાણજ્ઞાનનું સ્વરૂપ બતાવો કે જેને જાણીને હું દૂર કરું! ત્યારે તેને ઉત્તર આપીએ છીએ કે—**

**જે જ્ઞાનદ્વારા વસ્તુનું સ્વરૂપ અયથાર્થ ભાસે તે જ્ઞાનનુ નામ જ અપ્રમાણજ્ઞાન છે, તેના ત્રણ ભેદ છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાય. ત્યાં વસ્તુનો નિર્ણય કરવામાં**

---

***અર્થ**:-પ્રમાણથી જ ઇષ્ટની ભલા પ્રકારે સિદ્ધિ થાય છે. બીજી રીતે ( અનિષ્ટની પણ સિદ્ધિ થવાથા અતિપ્રસંગ દોષ આવશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાચા લક્ષણનો આશ્રય તો ન આવે અને [1]સપક્ષ તથા [2]પરપક્ષમાં [3]નિયત જે [4]સાધારણધર્મ તેના આશ્રયથી નિર્ણય કરે તો ત્યાં બંને પક્ષ પ્રબલ ભાસે ત્યારે શિથિલ અર્થાંક્તિ થઈ બેતરફી જ્ઞાનનું રહેવું તેનું નામ સંશયજ્ઞાન છે. વળી વિપરીત એટલે ઉલટા લક્ષણના આશ્રયથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરવો અર્થાત્ અન્યથા ગુણોમાં યથાર્થબુદ્ધિ કરવી તેનું નામ વિપર્યયજ્ઞાન છે. તથા જ્ઞેય, જ્ઞાનમાં તો આવે પણ પછી અભિપ્રાય, સ્વરૂપ ઈત્યાદિનો નિર્ણય ન કરવો તેનુ નામ અનધ્યવસાયજ્ઞાન છે. એવા દોષસહિત જ્ઞાન વડે વસ્તુના સાચા સ્વરૂપનો નિશ્ચય ન થાય.

ત્યારે તે કહે છે કે-સર્વ વસ્તુઓનું સાચું સ્વરૂપ તો કેવલજ્ઞાન વિના સર્વથા ન ભાસે, તો કેવલી વિના બધાનું જ્ઞાન શું મિથ્યા જ છે? તેનો ઉત્તર શ્રી શ્લોકવાર્તિકજીમાં આ પ્રમાણે કહ્યો છે કે-

---

૧ સપક્ષ=જ્યાં સાધ્ય રહેવાનો નિશ્ચય હોય તેને સપક્ષ કહે છે દા. ત. લીલા બળતણથી મળેલો અગ્નિવાળું રસોઈઘર (જ્યાં સાધ્ય ધૂમાડો હોવાની ચોકસતા છે).

૨ વિપક્ષ=જ્યાં સાધ્ય ન હોવાનો નિશ્ચય હોય દા. ત. અગ્નિથી તપેલો લોઢાનો ગોળો (જ્યાં સાધ્ય ધૂમાડો ન હોવાનો નિશ્ચય છે.)

૩ નિયત=રહેનાર.

૪ સાધારણધર્મ=સપક્ષ અને વિપક્ષ બન્નેમાં રહેનાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## *'मिथ्याज्ञानं प्रमाणं न सम्यगित्यधिकारतः' ॥३८॥

(પ્ર. અ. પાનું ૧૭૦)

[મિથ્યાજ્ઞાન તો સર્વથા પ્રમાણરૂપ છે જ નહિ કારણ કે શાસ્ત્રોમાં તો સમ્યગ્જ્ઞાનની જ પ્રમાણતા કહી છે. ત્યાં જે પ્રકરણમાં જે જાતિના જ્ઞેયના જ્ઞાનને બાધા ન લાગે તે પ્રમાણના પ્રકરણમાં તે પ્રકારથી તે જ્ઞેયના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન જ કહીએ છીએ. કારણ કે મિથ્યાજ્ઞાનથી તો કાર્યસિદ્ધિ થતી નથી કારણ કે-એકેંદ્રિયાદિથી પંચેંદ્રિયસુધી સર્વ જીવોને પોતપોતાના ઈષ્ટના સાધકરૂપ સમ્યગ્જ્ઞાન હોય છે, માટે કેવલજ્ઞાન વિના સર્વ જ્ઞાન મિથ્યા જ છે એમ કહેવું યોગ્ય નથી. પોતપોતાના પ્રકરણમાં પોતપોતાના જ્ઞેયસંબંધિ સાચા જાણપણાનું અલ્પ વા વિશેષ જ્ઞાન સર્વને હોય છે, કારણ કે-લૌકિકકાર્ય તો બધાય જીવો યથાર્થ જ કરે છે, તેથી લૌકિકસમ્યગ્જ્ઞાન તો સર્વ જીવોને થોડું વા ઘણું બની જ રહ્યું છે પણ મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જે આપ્ત-આગમ આદિ પદાર્થો, તેનું સાચું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય છે તથા સર્વ જ્ઞેયનું જ્ઞાન કેવલીભગવાનને જ છે, એમ જાણવું.

---

*અર્થ :-સમ્યગ્જ્ઞાન પ્રમાણ છે એવો (શાસ્ત્રમાં) અધિકાર હોવાથી મિથ્યાજ્ઞાન જ પ્રમાણ નથી (એમ સિદ્ધ થાય છે. કેવળજ્ઞાન સિવાય અન્યજ્ઞાન અપ્રમાણ છે એમ નથી).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી લૌકિકકાર્યોમાં પણ જ્યાં સંશય આદિ ત્રણે જ્ઞાન આવે છે ત્યાં લૌકિકકાર્યને પણ બગાડે જ છે, માટે જો તમારો સર્વજ્ઞની સત્તાઆદિના સાચા નિર્ણયનો અભિપ્રાય છે તો તમારા જ્ઞાનમાંથી એ ત્રણે દોષોને દૂર કરી પોતાના જ્ઞાનને પ્રમાણરૂપ કરો. ત્યારે તે કહે છે કે-ત્રણદોષ રહિત પ્રમાણજ્ઞાનના કેટલા ભેદ છે, વા અમને કયું જ્ઞાન થવા યોગ્ય છે, વા આ પ્રકરણમાં કયા ભેદનું પ્રયોજન પડશે? તે કહો. તેનો ઉત્તર—

પ્રમાણજ્ઞાનના ૧૩ ભેદ છે, કેવલજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, અવધિજ્ઞાન, સ્પર્શન-રસના-ઘ્રાણ-ચક્ષુ અને શ્રોત્રજ્ઞાન, સ્મૃતિજ્ઞાન, પ્રત્યભિજ્ઞાન, તર્કજ્ઞાન, અનુમાનજ્ઞાન અને આગમજ્ઞાન આદિ, ત્યારે તે કહે છે કે-તેનું સ્વરૂપ શું છે? તે સામાન્યરૂપથી અહીં કહેવામાં આવે છે તથા વિશેષરૂપથી પ્રમાણનિર્ણયમાં લખીશું.

૧ ત્યાં લોકમાં રહેલાં જે સર્વ દ્રવ્યો વા અલોકાકાશ તેમનાં ત્રિકાલવર્તી અનંત ગુણપર્યાયો સહિત એકકાલમાં યથાવત્ જાણે તેનું નામ કેવળજ્ઞાન છે.

૨ સરળરૂપ વા વક્રરૂપ ચિંતવન કરતા જીવના ચિંતવનને જાણે તે જ્ઞાનનું નામ મનઃપર્યયજ્ઞાન છે.

૩ મૂર્તિકપુદ્ગલોના સ્કંધને વા સૂક્ષ્મપરમાણુઓને એકકાળમાં એક જ્ઞેયને તેના (જ્ઞેયના) દ્રવ્ય, ક્ષેત્ર, કાલની મર્યાદાસહિત સ્પષ્ટ જાણે તેનું નામ અવધિજ્ઞાન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪ મન અને પાંચે ઇંદ્રિયોથી જે જ્ઞાન થાય છે તેને સાંવ્યવહારીકજ્ઞાન કહે છે, તે (જ્ઞાન), પુદ્‌ગલના અનંતાનંત પરમાણુઓના [૧]બાદર [૨]સ્કંધને પોતપોતાના વિષયની મર્યાદા સહિત એકકાળમાં એક જ્ઞેયને કિંચિત્ સ્પષ્ટરૂપ જાણે છે, ત્યાં સ્પર્શનઇંદ્રિય તો પોતાના આઠ (સ્પર્શરૂપ) વિષયોને જાણે છે.

૫ રસનાઇંદ્રિય, પાંચ રસોને જાણે છે.

૬ ઘ્રાણઇંદ્રિય, સુગંધ-દુર્ગંધરૂપ જે બે પ્રકારના ગંધ છે તેને જાણે છે.

૭ નેત્રઇંદ્રિય, પાંચ પ્રકારના વર્ણોને જાણે છે.

૮ શ્રોત્ર (કર્ણ) ઇંદ્રિય, સાતપ્રકારના સ્વરોને જાણે છે.

૯ હવે પાંચ [૩]પરોક્ષ (જ્ઞાન) ના ભેદોને કહે છે, ત્યાં પૂર્વમાં જાણેલી વસ્તુ યાદ આવવી તે સ્મૃતિજ્ઞાન છે.

૧૦ પૂર્વમાં જાણેલી વસ્તુનું વર્તમાનમાં જાણેલા જ્ઞેયથી બંને કાળના [૪]સદ્દશપણાપૂર્વક જોડરૂપ જે જ્ઞાન થવું તેનું નામ પ્રત્યભિજ્ઞાન છે.

૧૧ સાધ્ય-સાધનની વ્યાપ્તિ અર્થાત્ આ સાધ્ય, આ

---

૧ બાદર=સ્થૂળ.

૨ સ્કંધ=પરમાણુનો જથ્થો.

૩ પરોક્ષજ્ઞાન=જે બીજાની સહાયનાથી પદાર્થને અસ્પષ્ટ જાણે

૪ સદ્દશપણું=સમાનપણું. સરખાપણું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધનથી જ સિદ્ધ થશે પણ અન્ય પ્રકારથી નહિ સિદ્ધ થાય એવા નિયમરૂપ સહચારીપણાને જાણવું તેનું નામ તર્કપ્રમાણ છે.

૧૩ ચાર દોષો રહિત સાધનથી સાધ્યને જાણવું; જ્યાં સાધ્ય તો અસિદ્ધ હોય-સાધનગમ્ય ન (થયું) હોય-ત્યાં ગમ્યમાન સાધન જે તર્ક તેનાથી નિશ્ચય કર્યો હોય તે વડે અસિદ્ધ-સાધ્યને જાણવું તેનું નામ અનુમાનપ્રમાણ છે.

૧૪ પ્રત્યક્ષ-અનુમાનઅગોચર-વસ્તુનો કેવલીસર્વજ્ઞના વચનઆશ્રયથી જ પદાર્થનો નિર્ણય કરવો તે આગમ-પ્રમાણ છે.

ત્યાં આ સમય આ દુઃષમપંચમકાલમાં કેવલજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન તથા અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન તો આ ક્ષેત્રમાં છે જ નહિ તથા પાંચ ઇંદ્રિયજ્ઞાનમાં સર્વજ્ઞનું સ્વરૂપ ગ્રહણમાં આવતું નથી, માત્ર નેત્રથી તેમની પ્રતિમાજીનો વર્ણ વા આકાર વા આસનાદિક તો દેખાય છે પણ (તેથી) જે સર્વજ્ઞનું સત્તાસ્વરૂપ જ્ઞાન. તે તો નિયમથી જાણી શકાતું નથી, વળી મનમાં સ્મૃતિપ્રમાણ તો ત્યારે થાય કે જ્યારે પૂર્વમાં જાણ્યું હોય તો યાદ આવે, પણ જેને પૂર્વમાં તેનું જ્ઞાન જ ન થયું હોય તેને સ્મૃતિપ્રમાણ કેવીરીતે ઉપજે? તથા આગળ-પ્રથમ જાણ્યું હોય તેને વર્તમાનમાં સપક્ષ-વિપક્ષદ્વારા જાણીને સદૃશ [૧]વિસદૃશપણાનું જોડરૂપ

૧ વિસદૃશપણું=અસમાનપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન થાય, પણ જેણે પૂર્વમાં સર્વજ્ઞ જાણ્યા જ નથી, વર્ત-માનમાં પણ જાણ્યા નથી તથા જોડરૂપજ્ઞાન જેને થયું નથી તેને પ્રત્યભિજ્ઞાન પણ કેવી રીતે થાય? વળી આગમ-પ્રમાણમાં તો સર્વજ્ઞવચનના આશ્રયથી વસ્તુનું સ્વરૂપ જાણી લેવાનું હોય છે. પણ જિનમતમાં તો આવી આ-મ્નાય નથી, જિનમતમાં તો આ આમ્નાય છે કે–વસ્તુનાં નામાદિક અને લક્ષણાદિક તો આગમના શ્રવણદ્વારા જ જાણે પછી મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જે આપ્ત–આગમ–પદાર્થાદિક તેના સ્વરૂપને તો આગમથી જ સાંભળી પ્રતી-તિમાં લાવે તેનું તો પ્રત્યક્ષ–અનુમાનદ્વારા નિર્ણયથી 'આ-ગમમાં લખ્યું છે' એ સાચું માનવું. હવે મૂળ પ્રયોજન-ભૂત રકમ જે અર્હંતસર્વજ્ઞ તેને (માત્ર) આગમના સાંભળવાથી જ પ્રતીતિમાં લાવી જે સંતોષ માની લે છે. તે પણ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ જ છે. કારણ કે-અર્હંત સર્વ-જ્ઞનો નિશ્ચય થવામાં (માત્ર) આગમપ્રમાણનો અધિકાર નથી. કહ્યું છે કે:—

×प्रत्यक्षानुमानागमैः परीक्षणमत्र विचारः

(શ્લોકવાર્તિક પાનું–૮ લીટી ૧૩.)

અર્થ:–પ્રત્યક્ષ–અનુમાનના આશ્રય સહિત આગમમાં

---

×અર્થ:—પ્રત્યક્ષ અનુમાન અને આગમવડે પરીક્ષા કરવી તેનું નામ અત્રે વિચાર કહ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લખેલી પ્રયોજનભૂતરકમની પરીક્ષા કરવી તેનું નામ વિચાર છે. જે સર્વજ્ઞનું સ્વરૂપ છે તે તો મૂળ પ્રયોજનભૂતરકમ છે માટે પરીક્ષા કર્યા સિવાય કેવલ આગમના આશ્રયથી જ તેની પ્રતીતિ કરતાં નિયમથી પ્રયોજનની સિદ્ધિ થાય નહિ. માટે જો સર્વજ્ઞદેવનો નિશ્ચય કરવો છે તો પહેલાં તેનાં નામ-લક્ષણાદિક આગમથી સાંભળીને પછી અનુમાનથી નિશ્ચય કરવો યોગ્ય છે. તે કેવી રીતે કરાય તે કહીએ છીએ:—પ્રથમ તો [1]પ્રમાતા, [2]પ્રમાણ, [3]પ્રમેય, [4]પ્રમિતિ એમનું સ્વરૂપ ઠીક કરીને (બરાબર ઓળખીને લક્ષમાં લાવીને,) તમારે સર્વજ્ઞનો નિર્ણય કરવો ઈષ્ટ છે.

હવે તમે પ્રમાતા બનો, ત્યાં તેર પ્રમાણોમાં પાંચ ઇંદ્રિયજ્ઞાન તથા પાંચ પરોક્ષપ્રમાણ એ દશ પ્રમાણ તો તમારે છે, લૌકિકકાર્યોમાં તો તમે તેને યથાયોગ્ય ઠેકાણે જોડી કાર્યસિદ્ધ કરી લ્યો છો, પણ હવે જો તમારે સર્વજ્ઞનો નિશ્ચય કરવો છે તો અનુમાનપ્રમાણરૂપ પોતાના જ્ઞાનને બનાવો તથા તમે પ્રમાતા બની તમારા પ્રમાણરૂપ જ્ઞાનને સર્વજ્ઞના નિર્ણય તરફ લગાવો કે જેથી સાચો નિ-

---

૧ પ્રમાતા=જાણનાર આત્મા.

૨ પ્રમાણ=સાચું જ્ઞાન.

૩ પ્રમેય=જ્ઞેય, જણાવા યોગ્ય પદાર્થ.

૪ પ્રમિતિ=પ્રમાણનું ફળ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ર્ણય થાય. અહીં અનુમાનપ્રમાણથી સર્વજ્ઞનો નિશ્ચય થાય છે તે અનુમાનપ્રમાણનું સ્વરૂપ સમજી પોતાના જ્ઞાનને પ્રમાણરૂપ બનાવવું. ત્યાં પ્રથમ સાધ્ય-સાધનની વ્યાપ્તિનું જ્ઞાન જે તર્કપ્રમાણ તે પહેલાં થવું જોઈએ કારણ કે—તે થતાં જ સાચું અનુમાન થાય છે. હવે પહેલાં સાધનના સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. ત્યાં સાધનનું મૂળ સ્વરૂપ તો આ પ્રમાણે છેઃ—

જેના વડે સાધ્ય સિદ્ધ થાય પણ અન્ય બીજા પ્રકારથી ન સધાય તેનું નામ સાધન છે, તેના અનેક ભેદ છે-[૧]પરરૂપ, [૨]સંયોગરૂપ, [૩]લક્ષણરૂપ, [૪]પૂર્વચરરૂપ [૫]ઉત્તરચરરૂપ, [૬]સહચરરૂપ, કર્તારૂપ, [૮]કર્મરૂપ, [૯]કરણરૂપ, [૧૦]સંપ્રદાનરૂપ, [૧૧]અપાદાનરૂપ, [૧૨]અધિકરણરૂપ, [૧૩]સંબંધરૂપ, [૧૪]ક્રિયારૂપ, [૧૫]સ્વામીરૂપ, [૧૬]સ્વરૂપરૂપ, [૧૭]દ્રવ્યરૂપ,[૧૮] ક્ષેત્રરૂપ, [૧૯]કાલરૂપ તથા [૨૦]ભાવરૂપ ઈત્યાદિ સાધનના ઘણા ભેદ છે. ત્યાં એટલાનું તો કંઈક સ્વરૂપ લખીએ છીએઃ—

૧ ભિન્ન પરદ્રવ્યથી પરદ્રવ્યનો નિશ્ચય કરવો. જેમકે-મંદિરનાં ચિત્રો દેખી 'આ મંદિર બંધાવવાવાળો ધણી રસિલો હતો' એવો નિશ્ચય કરવો; અહીં મંદિરથી તેના બંધાવવાવાળા પુરુષનો નિશ્ચય થયો તે પરરૂપહેતુ છે.

૨ એકક્ષેત્રાવગાહરૂપ સંબંધ જે પરદ્રવ્ય, તેનાથી નિશ્ચય કરવો તે સંયોગરૂપહેતુ છે; જેમકે-કોઈ ખુશમૂર્તિને જોઈને અંતરંગ પ્રસન્નતાનું જ્ઞાન થવું તે સંયોગરૂપહેતુ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩ લક્ષણને જોઈ વસ્તુનો નિશ્ચય કરવો; જેમકે-ચેતના-લક્ષણને દેખી ચૈતન્યજીવનો નિશ્ચય કરવો તે લક્ષણરૂપ હેતુ છે.

૪ સાધ્યથી પ્રથમ થવારૂપ કર્મને દેખી સાધ્યનો નિ-શ્ચય કરવો તે પૂર્વચરહેતુ છે; જેમ કે-કૃતિકાનો ઉદય દેખી રોહિણીનો નિશ્ચય કરવો તે પૂર્વચરહેતુ છે.

૫ સાધ્યની પછી થવાવાળા હેતુને દેખી સાધ્યનો નિશ્ચય કરવો; જેમકે-રોહિણીનો ઉદય દેખી કૃતિકાનક્ષત્ર થઈ ગયાનો નિશ્ચય કરવો તે ઉત્તરહેતુ છે.

૬ જે સાધ્યની સાથેસાથે હોય તેને દેખી સાધ્યનો નિશ્ચય કરવો, જેમકે-પ્રકાશને દેખી સૂર્યના ઉદયનો નિશ્ચય કરવો તે સહચરહેતુ છે.

૭ કર્તાના સાધનથી સાધ્યભૂતકાર્યનો નિશ્ચય કરવો; જેમકે-વગર ચાખ્ખે લાડુના સારાપણાનો હલવાઈના નામથી નિશ્ચય કરવો કે આ લાડુ ફલાણા કંદોઈના બનાવેલા છે માટે સારા છે, તે કર્તારૂપહેતુ છે.

૮ કાર્યરૂપહેતુના સાધનવડે કર્તારૂપ સાધ્યનો નિશ્ચય કરવો; જેમકે-સારા કપડાના તાકાને જોઈ તેને વણવાવાળા કારીગરનો નિશ્ચય કરવો તે કાર્યરૂપહેતુ છે.

૯ કરણના સાધનવડે તે દ્વારા થવાવાળો કાર્યરૂપ સા-ધ્યનો નિશ્ચય કરવો; જેમ-કોઈના બૂરા ભાવો જોઈને એમ કહેવું કે 'આ પુરુષ નર્કમાં જશે' તે કરણરૂપહેતુ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૦ સંપ્રદાનસાધનવડે નિશ્ચય કરવો તે સંપ્રદાનરૂપહેતુ છે જેમ રસોઈ બનાવવાવાળા રસોઈઆને પૂછવું કે–આ રસોઈ કોના માટે કઈ ક્રિયાથી બનાવો છો? ત્યારે તેણે કોઈ ક્રિયાને બતાવી તેથી આમ નિશ્ચય થવો કે–આ રસોઈ ઉજ્જવલતાથી બની છે, તેનું નામ સંપ્રદાનહેતુ છે.

૧૧ અપાદાનને સાધન કરી સાધ્યનો નિશ્ચય કરવો; જેમકે–કોઈ લડાઈ કરીને ઘરે જતો હતો તેને દેખી નિશ્ચય કરવો કે આ ઘરે જઈને લડશે, તેને અપાદાનરૂપહેતુ કહે છે.

૧૨ આધારને આધેયનો નિશ્ચય કરવો, જેમકે–કોઈ સારા ખેતરનું નામ સાંભળી તેમાં ઉત્પન્ન થવાવાળા ચોખાના સારાપણાનો નિશ્ચય કરવો ઈત્યાદિ તે આધાર-રૂપ સાધન છે.

૧૩ સંબંધને સાધન કરી નિશ્ચય કરવો તે સંબંધરૂપ સાધન છે; જેમકે–ખરાબ સંબંધદ્વારા એવો નિશ્ચય કરવો કે–'આ વસ્તુ ખાવા યોગ્ય નથી, વા આ પુરુષને ખરાબ મનુષ્યોનો સંબંધ છે તેથી આ વ્યસની છે' ઈત્યાદિ સંબંધ સાધન છે.

૧૪ કાર્યની પ્રારંભરૂપ ક્રિયાદ્વારા કાર્યના ભલાપણા કે બૂરાપણાનો નિશ્ચય કરવો; જેમકે વીણાઆદિની વાગ-વારૂપ ક્રિયાથી ગાવારૂપકાર્યનો નિશ્ચય કરવો તે ક્રિયારૂપ સાધન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૫ સ્વામિરૂપ સાધનવડે વસ્તુનો નિશ્ચય કરવો; જેમકે-મુનિરાજને જો કે ભોજનના શુદ્ધ-અશુદ્ધપણાનો નિશ્ચય નથી આવ્યો તો પણ જૈનીશ્રાવકનું ઘર ઓળખી શ્રાવકના ઘરે આહાર કરે છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે-ભોજનની શુદ્ધતાનો નિર્ણય કર્યા સિવાય મુનિ આહાર કેવી રીતે કરે? તેના ઉત્તર-દાન દેનાર જૈની છે. હવે જેને જિનદેવનો નિશ્ચય છે તથા જિનદેવ જ જેના સ્વામિ છે તેને ત્યાં આહાર અશુદ્ધ ન હોય. એ પ્રમાણે સ્વામિરૂપ સાધન છે.

૧૬ સ્વરૂપસાધન વડે વસ્તુનો નિર્ણય કરવો; જેમકે-કોઈના પુત્રને સુંદર કપડાં-બહુ મૂલ્યવાન ઘરેણાં પહેરેલાં જોઈને વા ઉદારતાપૂર્વક તેને ધન ખર્ચતો જોઇને એવો નિશ્ચય કરવો કે આ ભાગ્યવાન પિતાનો પુત્ર છે તેને સ્વરૂપસાધનહેતુ કહે છે.

૧૭ દ્રવ્યરૂપ સાધનવડે વસ્તુનો નિર્ણય કરવો, જેમકે-આ લાડુ બીલકુલ સારા નહિ હોય, કેમકે તેમાં ખરાબ ચીની (ખાંડ) પડી છે; તે દ્રવ્યરૂપ સાધન છે.

૧૮ ક્ષેત્રદ્વારા વસ્તુનો નિશ્ચય કરવો, જેમકે ફલાણા ઉત્તમક્ષેત્રમાં આ ધાન્ય ઉત્પન્ન થયું છે માટે આ ધાન્ય ઉત્તમ છે એ પ્રમાણે ક્ષેત્રરૂપ સાધન છે.

૧૯ કાલ દ્વારા વસ્તુનો નિર્ણય કરવો તે કાલરૂપ સાધન છે. તથાઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૦ ભાવ દ્વારા વસ્તુનો નિશ્ચય કરવો તે ભાવરૂપ સાધન છે.

એ પ્રમાણે સાધનોનું સ્વરૂપ કહ્યું, પણ તે અસિદ્ધ વિરુદ્ધ અનૈકાન્તિક તથા અકિંચિત્કરરૂપ ચાર દૂષણોથી (હેત્વાભાસ) રહિત હોય કે જેથી સાધ્ય નિશ્ચયથી અવશ્ય સિદ્ધ થાય જ અને જેના વિના ન જ સિદ્ધ થાય તે સાધન છે; તેનાથી વિપરીત સાધન પતિતરૂપ (સદોષ) છે. એવાં (નિર્દોષ) સાધન વા દૃષ્ટાંત ગ્રહણ કરવાં તે તર્કપ્રમાણ છે.

વળી સાધ્ય તો માલુમ ન હોય પણ સાધન માલુમ હોય તેથી એ સાધનથી સાધ્યનો નિશ્ચય કરવો તે અનુમાનપ્રમાણ છે. આ અનુમાનપ્રમાણના સ્વાર્થાનુમાન તથા પરાર્થાનુમાનરૂપ બે ભેદ છે. ત્યાં પ્રમાણના અનુમાનરૂપ પરિણમેલા જ્ઞાનનું નામ સ્વાર્થાનુમાન છે, તેનાં ત્રણ અંગ છે—ધર્મી, સાધ્ય અને સાધન. તેનું (આ ત્રણનું) જ્ઞાન થતાં સ્વાર્થાનુમાન થાય છે. ત્યાં જે વસ્તુમાં સાધ્યપણું હોય તેને ધર્મી કહે છે અને તે પ્રસિદ્ધ જ છે. વળી શક્ય, અભિપ્રેત અને અપ્રસિદ્ધ એવા ત્રણ લક્ષણોને ધારણ કર્યાં હોય તે સાધ્ય છે. જે પ્રમાણતાનો નિર્ણય થવા યોગ્ય હોય તે શક્ય છે, જે પ્રમાતાને ઈષ્ટ હોય તથા પ્રમાતાનો અંતરંગઅભિપ્રાય લગાવી નિર્ણય કરવા યોગ્ય હોય તે અભિપ્રેત છે તથા જે પ્રગટ ન હોય તે અપ્રસિદ્ધ છે. એ પ્રમાણે ત્રણ લક્ષણ જેમાં હોય તે સાધ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેનાથી સાધ્યનું જ્ઞાન થાય અને અન્ય પ્રકારથી ન થાય તે સાધન છે. ત્યાં પોતાના જ્ઞાનમાં સાધનના બળથી ધર્મીમાં સાધ્યનો નિશ્ચય કરવો તે સ્વાર્થાનુમાન છે તથા અન્યને પોતાના વચનદ્વારા અનુમાનનું સ્વરૂપ કહેવું વા અનુમાન વડે સિદ્ધ કરવાયોગ્ય વાક્ય અન્યને કહેવું તે પરાર્થાનુમાન છે.

તેમાં પંડિતોના સંબંધમાં બે અંગ અંગીકાર કરવા યોગ્ય છે, પ્રતિજ્ઞા અને હેતુ. ત્યાં સાધ્યસહિત ધર્મીનાં વચન છે તે પ્રતિજ્ઞા છે. જેમકે–' આ પર્વત અગ્નિ સંયુક્ત છે,. તથા જેનાથી ધર્મીમાં સાધ્યનો દ્દઢનિશ્ચય થઈ જાય એવાં જે સાધનનાં વચન તે હેતુ છે; જેમકે–' આ પર્વતમાં ધૂમાડો જણાય છે માટે આ પર્વત અગ્નિવાળો છે.' વળી અલ્પજ્ઞાનવાળાને બે અંગ તો એ તથા ઉદાહરણ, ઉપનય અને નિગમન એમાંથી એક, બે વા ત્રણ શિષ્યના અનુરોધથી કહેવાં, ત્યાં જે સાધ્યને પોતે સાધન આપી સાચો નિર્ણય કરે છે તેનાં દ્દષ્ટાંતનાં વચન કહેવાં ( એ ) [1]અન્વય વા [2]વ્યતિરેકરૂપ બે ઉદાહરણ છે. જેમકે–પર્વતને

---

૧ અન્વયદ્રષ્ટાંત=જે દ્રષ્ટાંતથી સાધનની હૈયાતિથી સાધ્યની હૈયાતિ બતાવાય તેને અન્વયદ્રષ્ટાંત કહે છે. દા. ત. જ્યાં જ્યાં ધૂમાડો છે ત્યાં ત્યાં અગ્નિ છે જેમકે રસોડું.

૨ વ્યતિરેક દ્રષ્ટાંત=જે દ્રષ્ટાંતથી સાધ્યના ન હોવાપણાથી સાધનનું ન હોવાપણું બતાવાય તેને વ્યતિરેક દ્રષ્ટાંત કહે છે. દા. ત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અગ્નિવાળો સિદ્ધ કરવા માટે અગ્નિસહિત ધૂમાડાવાળા રસોઈનાં ઘરનાં દૃષ્ટાંતનું વચન કહેવું. વળી દૃષ્ટાંતની અપેક્ષાપૂર્વક સાધ્યનું વચન કહેવું તે ઉપનય છે. જેમકે- આ રસોઈ ધૂમાડાવાળી છે તેવો પર્વત પણ ધૂમ્રવાન છે. તથા હેતુના આશ્રયે સાધ્યના નિશ્ચયનું વચન કહેવું તે નિગમન છે, જેમકે-આ પર્વત ધૂમ્રવાન છે માટે અગ્નિમાન છે જ, એ પ્રમાણે હેતુપૂર્વક નિશ્ચયવચન કહેવું તે નિગમન છે. એ પ્રમાણે તમને અનુમાનનું સ્વરૂપ વા ભેદ કહ્યા તેને જાણી તમારા જ્ઞાનને અનુમાનરૂપ પ્રમાણ બનાવો.

હવે અમને સર્વજ્ઞની સત્તાનો નિશ્ચય જેવી રીતે થયો છે તે સ્વરૂપ તમને કહીએ છીએ તે તમે રુચિપૂર્વક સાંભળો! તે નિશ્ચય કરવાનો માર્ગ આ છે-ન્યાયશાસ્ત્રમાં કહ્યું છે કે-ઉદ્દેશ, લક્ષણનિર્દેશ અને પરીક્ષા એ પ્રમાણે વસ્તુનો નિર્ણય અનુક્રમથી ત્રણ પ્રકારથી કરે છે. ત્યાં વસ્તુનું નામમાત્ર કહેવું તે ઉદ્દેશ છે તે તો પ્રથમ કહેવો જોઇએ, કારણ કે-નામ કહ્યા વિના કોનું લક્ષણ કહી શકાય? માટે પહેલાં નામ જ કહેવા-શીખવા યોગ્ય છે; પછી અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષ રહિત લક્ષણ કે જેનાથી વસ્તુનું સ્વરૂપ જુદું ભાસી જાય તેને કહેવું વા

---

જ્યાં જ્યાં અગ્નિ ન હોય ત્યાં ત્યાં ધૂમાડો ન હોય જેમકે તળાવ. અહીં રસોડું તે અન્વયનો દાખલો છે ને તળાવ તે વ્યતિરેકનો દાખલો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવું. કારણ કે-લક્ષણ કહ્યા વા જાણ્યા વિના પરીક્ષા શા વડે કરાય? માટે નામ પછી લક્ષણ કહેવા વા જાણવા યોગ્ય છે, ત્યાર પછી લક્ષણનો આશ્રય લઇને પરીક્ષા કરવી યોગ્ય છે, ત્યાં વાદી-પ્રતિવાદી નાનાપ્રકારની વિરુદ્ધ યુક્તિ કહે તેના પ્રબલ વા શિથિલપણાનો નિશ્ચય કરવા અર્થે પ્રવર્તેલો જે વિચાર તે પરીક્ષા છે. કારણ કે-એ પ્રમાણે પરીક્ષા વિના વસ્તુનું સાચું સ્વરૂપ જાણવું વા યથાર્થ ત્યાગ-ગ્રહણ થતું નથી. લૌકિકમાં વા શાસ્ત્રમાં એવી જ વસ્તુના વિવેચનની મર્યાદા છે. હવે તમારે સર્વજ્ઞની સત્તા-અસત્તાનો નિશ્ચય કરવાનું આવ્યું, ત્યાં પ્રથમ તો નામ જાણો, પછી અનેક મતોના આશ્રયે લક્ષણાદિક કરો. પછી સર્વ મતોમાં કહેલાં જે લક્ષણ તેનો પરસ્પર નિર્ણય કરો તે પછી તમને પ્રબલરૂપથી જે સાચું ભાસે તે ઉપર પાકો નિશ્ચય લાવવા યોગ્ય છે, આ માર્ગ છે. જો કોઈ કહે કે-'સર્વજ્ઞ નથી' તો તેના કથનને તો પહેલાં જ જ્ઞાપકાનુપલંભહેતુને તો અસત્ય દર્શાવ્યો જ હતો, હવે ફરી તેને (અમે) પૂછીએ છીએ કે-તમે સર્વજ્ઞની નાસ્તિ કહો છો તો તે કોઈ ક્ષેત્ર-કાળની અપેક્ષાથી કહો તો એ તો અમે પણ માનીએ છીએ પણ જો તમે સર્વ ક્ષેત્ર-કાળની અપેક્ષાએ સર્વથા નાસ્તિ કહેશો તો તમને અમે કહીએ છીએ કે-જે સર્વથા અભાવરૂપ હોય તેની વસ્તુસંજ્ઞા કેવી રીતે થાય? વા તેની નામસંજ્ઞા પણ નિયમથી ન પ્રવર્તે; તમે સર્વજ્ઞની અસ્તિપૂર્વક વિધિરૂપ વાક્ય તો કહેતા નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંતુ તમે તો આમ કહો છો કે 'સર્વજ્ઞ નથી.' હવે તમે સર્વજ્ઞના સર્વથા અભાવ માન્યો તો સર્વજ્ઞની સંજ્ઞા કોના આશ્રયે પ્રવર્તશે? ન્યાયશાસ્ત્રમાં તો આવી મર્યાદા છે કે-જે સર્વથા અભાવરૂપ હોય તેની સંજ્ઞા જ હોતી નથી. જેમ કોઈ નાસ્તિરૂપ વચન કહે કે-'આકાશનું ફુલ નથી' તો ત્યાં આમ આવ્યું કે- 'વૃક્ષને તો ફુલ છે' તેમ તમે લૌકિકદૃષ્ટાંત આપો કે જેનો સર્વથા અભાવ હોવ તેની વિધિ વા નિષેધમાં સંજ્ઞા ચાલી હોય; પણ લૌકિકમાં તો એવું કોઈ દૃષ્ટાંત છે નહિ, માટે સર્વથા અભાવની નામ-સંજ્ઞા સર્વથા હોય નહિ. તેથી તમે 'સર્વજ્ઞ' એવું વચન કહીને પાછા તેની 'નાસ્તિ' રૂપ વચન કહો છો એ વાત અસંભવરૂપ છે. શ્રીદેવાગમસ્તોત્રમાં પણ એમ જ કહ્યું છે કે-

*संज्ञिनः प्रतिषेधो न प्रतिषेध्यादृते क्वचित् ॥२७॥

(આપ્તમીમાંસા)

અર્થ—જેની સંજ્ઞારૂપ [1]પ્રતિષેધની વાક્યરૂપ સંજ્ઞા કહેવામાં આવે તે વાક્ય કથંચિત્ સદ્ભાવરૂપ જે સંજ્ઞાનો સ્વામી [2]પ્રતિષેધ્યપદાર્થ, તેના આશ્રયવિના પ્રવર્તે નહિ. તેથી જે વસ્તુ કથંચિત્ અસ્તિરૂપ હશે તેની જ નાસ્તિની

---

*અર્થ:—સંજ્ઞાવાનનો, (નામવાળા) પદાર્થનો) નિષેધ, નિષેધ્ય (નિષેધવા યોગ્ય પદાર્થ) વિના કદી હોય નહિ.

૧ પ્રતિષેધ=નિષેધ.

૨ પ્રતિષેધ્ય=નિષેધવા યોગ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કથની કથંચિત્ સંભવશે પણ સર્વથા અભાવરૂપની સંજ્ઞા લઇને (વળી) તેની નાસ્તિની કથની સર્વથા જ બનતી નથી. તમે સર્વજ્ઞનું નામ લઈને (વળી પાછા તેની) નાસ્તિ કહી, પણ 'સર્વજ્ઞ' એવી નામ સંજ્ઞા તો સર્વજ્ઞની કથંચિત્ અસ્તિતાને જણાવે છે; માટે અમે તો તમારી પાસે સર્વજ્ઞનું અસ્તિત્વ સિદ્ધ કરીએ છીએ કે તમે સર્વજ્ઞનું નામ લઇને નાસ્તિ કહો છો પણ તેમાં તો આમ આવ્યું કે-સર્વજ્ઞનો સદ્ભાવ કોઈ પ્રકારથી છે જ અને ત્યારે નો સર્વજ્ઞની સંજ્ઞા બને છે. એ પ્રમાણે સંજ્ઞાના સ્વામીનો પ્રતિષેધ જ પોતાની પ્રતિષેધ્યવસ્તુની સિદ્ધિ કરે છે.

વળી તમે કહેશો કે-'અમે તો સર્વજ્ઞથી નાસ્તિનું વચન કહ્યું છે તે તો આસ્તિકયવાદી સર્વજ્ઞની અસ્તિ માને છે તેના અભિપ્રાયને ખંડન કરવા માટે કહ્યું છે.' તેને અમે કહીએ છીએ કે-'સર્વજ્ઞ નથી' એવું બાધાસહિત વચન તો કહેવું નહોતું, અગર કહેવું હતું તો સર્વજ્ઞવાદી એવું માને છે પણ તેનું શ્રદ્ધાન જુઠું છે' એ પ્રકારથી કહેવું હતું, એટલે તેને તો પરસ્પર વાદદ્વારા નિર્ણય થઈ જાત પરંતુ તમારે આવી અસંભવિત વાત વગરવિચાર્યે કહેવી યોગ્ય નહોતી કે 'સર્વજ્ઞ જ નથી.' એ તો તમે જુઠા મતપક્ષવડે જ વચન કહ્યું છે, પરંતુ આસ્તિકયવાદી તો તમારો નાસ્તિરૂપ વચનને જ સાધનરૂપ બનાવી સર્વજ્ઞના અસ્તિત્વની પુષ્ટિ કરે છે. એ પ્રમાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તમારા વચનથી જ પોતાની (અમારી) રકમ જે સર્વજ્ઞની અસ્તિ, તેની સિદ્ધિ કરી.**

તથા અમે જે સાધનદ્વારા અનુમાનવડે સર્વજ્ઞની સત્તા જાણી છે તે તમને દર્શાવીએ છીએ—અહીં ચાર પ્રકારના અનુમાનથી સર્વજ્ઞની સત્તાનો નિશ્ચય થવો દર્શાવીશું. એક તો-એકદેશ આવરણની હાનિને સાધન કરવી, બીજું-થોડા ઘણા જ્ઞેયનું પણ પ્રત્યક્ષ છે તેને સાધન કરવું, ત્રીજું-સૂક્ષ્મઆદિ પદાર્થોને સાધન કરવાં ચોથું-સૂક્ષ્મઆદિ પદાર્થરૂપ જે ઉપદેશવાક્યો છે તેને સાધન કરવા; એ પ્રમાણે ચાર પ્રકારનાં સાધન છે. હવે તેનું વિશેષ (વર્ણન) વા એ સાધનોના આશ્રયથી કેવીરીતે સર્વજ્ઞનું અનુમાન કરીએ છીએ તે અહીં લખીએ છીએ:—

ત્યાં દોષ અને આવરણની હાનિ કોઈ જીવને સંપૂર્ણ થઈ છે, કારણ કે-સંસારમાં જ્ઞાનની વિશેષતા તથા કષાયની મંદતા ઉત્તરોત્તર વધતી વધતી જોવામાં આવે છે તેનાથી આ સર્વજ્ઞતાની સિદ્ધિ કરી. જેમ-ગોળથી*સક્કર વધારે મીઠી છે, સક્કરથી ખાંડ, ખાંડથી બૂરૂ અને બૂરાથી મિશ્રી (પત્રીસાકર) વધારે વધારે મીઠી છે, તેને જાણીને સ્વજાતિ એકદેશ ગુણના ઉત્તરોત્તર વૃદ્ધિપણાને સાધન બનાવી અમૃતના સંપૂર્ણ મીઠાપણાનો નિશ્ચય કરીએ છીએ; અથવા-બાહ્યાભ્યંતર કારણોવડે એકદેશ દોષની હાનિને સાધન

* સક્કર શેરડીમાંથી પરબારી સંયુક્તપ્રાંતમાં કાઢવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બનાવીને કોઈનામાં સંપૂર્ણ દોષની હાનિ સાધનવડે સાધીએ છીએ. એ પ્રમાણે એકદેશરૂપ વાનગીથી સર્વદેશવાતનો નિશ્ચય કરવો એ પણ એક અનુમાનની જાતિ છે શ્રીદેવાગમસ્તોત્રમાં પણ કહ્યું છે કે—

*दोषावरणयोर्हानिर्निःशेषास्त्यतिशायनात् ।
क्वचिद्यथा स्वहेतुभ्यो बहिरन्तर्मलक्षयः ॥४॥

(આપ્તમીમાંસા)

અહીં જીવોને એકદેશ આવરણ વા રાગાદિકની હાનિ ઉત્તરોત્તર વૃદ્ધિવૃદ્ધિરૂપ થતી જાણી (તેને) સાધન બનાવી કોઈને સંપૂર્ણ પણ આવરણ વા રાગાદિકની હાનિ થઈ છે, એ પ્રમાણે અનુમાનથી સિદ્ધ કર્યું.

વળી જે જે જ્ઞેય અનુમેય અર્થાત્ અનુમાનમાં આવવા યોગ્ય છે તે નિયમથી કોઈને પ્રત્યક્ષગોચર અવશ્ય હોય જ. જેમ અગ્નિઆદિ છે તેને અનુમાનથી પણ જાણીએ છીએ, ત્યારે કોઈ તેને પ્રત્યક્ષ પણ જાણી લે છે; એ જ પ્રમાણે જ્ઞેય, અનુમેય છે તેને પ્રત્યક્ષ થવા માટે દૃષ્ટાંતથી આ

*અર્થ :–જેમ જીવોને દોષ અને આવરણનો ઘટાડો હોય છે તેમ પોતપોતાના કારણે બાહ્ય અને આંતરિક મળનો (અર્થાત આવરણો અને દોષનો) સંપૂર્ણ ક્ષય અતિશાયન હેતુથી (ઘટતાં ઘટતાં સર્વથા નાશ થાય એ હેતુથી) સિદ્ધ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુમાન સાધ્યું. [1]સૂક્ષ્મ, [2]અંતરિત અને [3]દૂરવર્તિપદાર્થ હેતુઅનુમેય છે માટે તે કોઈને પ્રત્યક્ષ છે જ, જેને તે પ્રત્યક્ષ છે તેજ સર્વજ્ઞ છે. એ પ્રમાણે અનુમાનદ્રષ્ટાંતથી સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરી. દેવાગમસ્તોત્રમાં પણ કહ્યું છે કે—

*सूक्ष्मान्तरितदूरार्थाः प्रत्यक्षाः कस्यचिद्यथा ।
अनुमेयत्त्वतोऽग्न्यादिरिति सर्वज्ञसंस्थितिः ॥५॥

(આપ્તમીમાંસા)

અર્થઃ—જે [1]સૂક્ષ્મ, [2]અંતરિત અને [3]દૂરવર્તિ પદાર્થ છે તે કોઈને પ્રત્યક્ષ હોય છે, તેનું દ્રષ્ટાંત—જેમ અગ્નિ અનુમેય છે. તેને પ્રત્યક્ષ (પણ) જોઇ જ લે છે. એ પ્રમાણે બીજું અનુમાન સિદ્ધ કર્યું.

વળી જો જ્ઞેયપદાર્થ છે તો તેનો જ્ઞાતા પણ કોઈ છે જ. કારણ કે—જ્ઞેય જે મેરૂ આદિક વા જીવઆદિ શાસ્ત્રમાં સાંભળી વગરદેખે જ કોઈનાં કહેલાં વચનોના આશ્રયથી શ્રુત-

---

૧ સૂક્ષ્મપદાર્થ=પરમાણુ વગેરે સૂક્ષ્મ પદાર્થો.

૨ અંતરિતપદાર્થ=રામ, રાવણ વગેરે કાળથી દૂર એવા પદાર્થો.

૩ દૂરવર્તિપદાર્થ=મેરૂપર્વત વગેરે ક્ષેત્રથી દૂર એવા પદાર્થો.

*અર્થઃ—જેમ અગ્નિ વગેરે પદાર્થો અનુમાનના વિષય હોવાથી કોઇને તેઓ પ્રત્યક્ષ હોય છે તેમ સૂક્ષ્મ, અંતરિત [કાળ અપેક્ષાએ અંતર પડયું હોય એવા] અને દૂર પદાર્થો પણ અનુમાનના વિષય હોવાથી કોઈને પ્રત્યક્ષ હોય છે, એ રીતે સર્વજ્ઞની સિદ્ધિ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનવડે જાણીએ છીએ. જેમ સૂક્ષ્મઆદિ પદાર્થ પોતાને પ્રત્યક્ષ જાણવામાં ન આવે તોપણ કોઈના દ્વારા કહેલાં શાસ્ત્રોથી નિર્બાધ શ્રુતજ્ઞાનવડે જાણવામાં આવે છે માટે અનુમાનથી આ નિશ્ચય સિદ્ધ કર્યો કે જીવ આદિ વસ્તુ છે તો તેનો સંપૂર્ણ સ્પષ્ટ જ્ઞાતા પણ કોઇ છે જ એ પ્રમાણે ત્રીજીજાતિના અનુમાનથી સિદ્ધ કર્યું.

વળી સૂક્ષ્મઆદિ પદાર્થોને જે ઉપદેશ છે તે સૂક્ષ્મઆદિ પદાર્થોને કોઈ સાક્ષાત્ જાણવાવાળો છે તેના આશ્રયથી જ (ઉપદેશ) પ્રવર્ત્યો છે, કારણકે-[1]સુનિશ્ચિતાસંભવદ્બાધક પ્રમાણોને માટે ઉપદેશ વિદ્યમાન છે, ત્યાં અમે આ અનુમાન સિદ્ધ કરીએ છીએ કે-જો આ ઉપદેશ છે તો તેના મૂળ વક્તા સર્વજ્ઞવીતરાગ જ છે, એ પ્રમાણે પરસ્વરૂપ કાર્યાનુમાનથી સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરી. શ્રીશ્લોકવાર્તિકમાં કહ્યું છે કે-

*सूक्ष्माद्यर्थोपदेश हि तत्साक्षात्कर्तृपूर्वकः ।
परोपदेशलिंगाक्षानपेक्षावितथत्वतः ॥ ९ ॥

(પ્ર. અ. પાનું-૧૧)

૧ સુનિશ્ચિતાસંભવદ્બાધકપ્રમાણ=જેમાં કોઇ બાધક પ્રમાણ ન હોય હોય એવી રીતે બરાબર નક્કી થયેલું. (કોઈપણ વસ્તુની સત્તા સિદ્ધ કરવાને માટે બધાથી ચઢીઆતું પ્રમાણ એ છે કે તેની સત્તામાં કોઈ બાધક પ્રમાણ ન મળે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ કોઇ પુરુષ ( મકાનની ) અંદર બેસીને વીણા બજાવતો હતો ત્યાં કોઈ બીજા પુરુષે તો તેને સાક્ષાત્ દેખ્યો નથી, પરંતુ વીણાનો નાદ યથાર્થરૂપ સાંભળી તેણે એવો નિશ્ચય કર્યો કે—અહીં કોઈ ચતુર. વાજીંત્ર વગાડવાવાળો છે; તેજ પ્રમાણે અહીં પણ સર્વજ્ઞને સાક્ષાત્-પ્રત્યક્ષ તો દીઠા નથી પરંતુ આ સાચા ઉપદેશરૂપ સાધનથી સર્વજ્ઞની સમાનરૂપ સત્તા સિદ્ધ કરી. તથા એવા સર્વજ્ઞને નિમિત્ત જોઇએ તે નિર્ણયસ્થાન નિશ્ચય ( પ્રકરણ ) માં લખીશું. અહીં કોઈ પ્રશ્ન કરે કે—અનાદિનિધનશ્રુત છે તેજ છે તેને તો વાંચે-સાંભળે તેને જ્ઞાન થઈ જાય એનાથી સર્વજ્ઞવક્તા કેવીરીતે સિદ્ધ કર્યા? તેનો ઉત્તર:—

જો પદાર્થ પણ અનાદિનિધન છે તથા વસ્તુઓમાં નામાદિક કહેવાં પણ અનાદિનિધન છે, તેથી કર્તા તો તેનો કોઈ સર્વથા છે જ નહિ, પરંતુ પ્રથમ તો ન્યાયશાસ્ત્રોમાં વચનસામાન્યને પણ પૌરુષેયપણું સિદ્ધ કર્યું છે અને અપૌરુષેયઆમ્નાયનો નિષેધ કર્યો છે. કારણ કે-આ ઉપદેશરૂપ વાકય કોઈ પુરુષના આશ્રયવિના પ્રવર્તે નહિ;

* અર્થ:—સૂક્ષ્માદિ પદાર્થોનો ઉપદેશ તે પદાર્થોને સાક્ષાત્ ( પ્રત્યક્ષ ) જાણનાર દ્વારા જ હોઈ શકે કારણ કે તે ( સૂક્ષ્માદિ પદાર્થોનું જ્ઞાન ) પરોપદેશ, લિંગ અને ઇંદ્રિયોથી નિરપેક્ષ છે અને સત્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દ પુદ્‌ગલની પર્યાય છે, તે જીવના આશ્રય વિના જ પ્રવર્તે છે. શ્લોકવાર્તિકમાં પણ કહ્યું છે કે:—

*नैकान्ताकृत्रिमाम्नायमूलत्वेस्य प्रमाणता ।
तद्व्याख्यातुरसर्वज्ञे रागित्वे विप्रलंभनात् ॥४॥

(પ્ર. અ. પાનું ૭)

તમે સર્વથા અકૃત્રિમઆમ્નાય કહો છો પણ તેની પ્રમાણતા નથી તેથી એ આમ્નાયનો મૂળવ્યાખ્યાતા માનવા યોગ્ય છે. તથા જો અજ્ઞાની-રાગીદ્વેષીને વ્યાખ્યાતા માનવામાં આવે તો તેના કહેવામાં પ્રમાણતા કેવી રીતે આવશે? કારણકે દોષવાન વક્તાને તો ઢોંગી કહીએ છીએ, માટે પૂર્ણ જ્ઞાની તથા રાગદ્વેષ રહિત જ મૂળવ્યાખ્યાતા થતાં આમ્નાયની સાચી પ્રવૃત્તિ થશે, એજ દર્શાવીએ છીએ:—

જો તમે સર્વથા અકૃત્રિમ આમ્નાય પુરુષના આશ્રયવિના જ માનશો તો આમ્નાય તો અકૃત્રિમ સંભવે છે. કારણ આવું વચન છે કે:—

×‘ सिद्धो वर्णसमाम्नाय:’

અર્થાત્ અક્ષરોની સાચી આમ્નાય છે તે સ્વયંસિદ્ધ

*અર્થ:—સર્વથી અકૃત્રિમ પરંપરાથી આવવાના કારણે પણ વેદમાં પ્રમાણિકતા આવી શકતી નથી, કારણકે તેના વ્યાખ્યાતા અસર્વજ્ઞ અને રાગદ્વેષી હોતાં વંચનાનો સંભવ આવે છે.

×અર્થ:—વર્ણઉચ્ચારનો સંપ્રદાય (ચોસઠ મૂળાક્ષર) સ્વયંસિદ્ધ છે—અનાદિનિધન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે પણ કોઈની કરેલી નથી તો અક્ષર વા જીવાદિક વસ્તુનાં નામ પરદ્રવ્યથી બન્યાં સ્વયંસિદ્ધ છે માટે આમ્નાય તો અકૃત્રિમ જ છે તો પણ કોઈ પુરુષના આશ્રયવિના આમ્નાય-વચન જ પોતાના સ્વાર્થને પ્રકાશવામાં સમર્થ નથી. જો વચનમાં જ આવી શક્તિ હોય કે વાંચે-સાંભળે તેને તે રૂપ સાચું જ્ઞાન કરાવે તો અનેક મતોમાં પણ અન્યથા વા એક મતમાં પણ પ્રતિપક્ષીનો સદ્‌ભાવ શા માટે થવા દે? માટે આમ્નાયના પ્રવર્તનને સત્યરૂપ રાખવાવાળો કોઈ વચનનો વ્યાખ્યાતા અવશ્ય માનવા યોગ્ય છે.

ત્યાં એ વ્યાખ્યાતા જો સર્વજ્ઞવીતરાગ માનશો તો આમ્નાયરૂપ વચન છે તો તેના આધીન પ્રવર્ત્યાં છે, પણ તમે અકૃત્રિમઆમ્નાયની આવી એકાન્તહઠ ઠરાવી સર્વજ્ઞની નાસ્તિ શા માટે કહો છો? તથા જો આમ્નાયરૂપવચનનો વ્યાખ્યાતા મંદજ્ઞાની-રાગદ્વેષી માનશો તો તેના વચનમાં પ્રમાણતા આવશે નહિ. કારણ એવા વક્તાના કહેલા સૂત્રમાં પ્રમાણતા શી રીતે આવશે? કારણકે-અજ્ઞાનવડે તો વસ્તુનું સ્વરૂપ (યથાર્થ) ભાસે નહિ એટલે ઈચ્છાનુસાર પોતાને જેવું વસ્તુનું સ્વરૂપ અન્યથા ભાસે તેવું કહીને (માત્ર) પદ્ધતિ રાખે, અથવા પોતાનાથી કહ્યું ન જાય વા કહેવામાં બાધા લાગતી જણાય તો વસ્તુનું સ્વરૂપ અવક્તવ્ય કહી દઈ (માત્ર) પદ્ધતિ રાખે, એ પ્રમાણે તો અજ્ઞાની વક્તાના આશ્રયથી દોષ આવે. વળી જો કદાચિત કોઈને કિંચિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન હોય તોપણ રાગદ્વેષના વશથી વા પોતાના વિષય, કષાય, કામ, ક્રોધ, માન, માયા, લોભ અને ઈર્ષાદિક પ્રયોજનને સાધવા માટે સાચને જૂઠ કહે (એટલે) તેનું (કથન) પ્રમાણ નથી. એ પ્રમાણે રાગદ્વેષના આશ્રયે દોષ આવ્યો. હવે જેને બંનેમાં સામાન્ય-વિશેષતા હોય તેનામાં પણ સાચું વક્તાપણું આવવું દુર્લભ છે તો જેનામાં અજ્ઞાન-રાગાદિ-દોષ પ્રબલ હોય તેનામાં સાચું વક્તાપણું કેવી રીતે આવે? માટે અજ્ઞાની અને રાગીદ્વેષી વક્તા સર્વથા હોય નહિ.

વળી તમે જો હઠગ્રાહીપણું કરી વા મતપક્ષ કરી દોષવાન વ્યાખ્યાતામાં પણ પ્રમાણિકપણું માનશો તો તમારા મતમાં અદુષ્ટકારણજન્યપણાને પ્રમાણનું સ્વરૂપ શા માટે કહ્યું છે? તમારામાં આવું વાકય છે જ કે-

*'दुष्टकारणजन्यत्वं प्रमाणस्याप्रमाणत्वम्'

જ્યારે દ્વેષી ઠરે ત્યારે તેની કહેલી આમ્નાય પ્રમાણરૂપ કેવી રીતે હોય? કારણ તેની કહેલી આમ્નાયને તો દુષ્ટ-કારણજન્યપણું આવ્યું! જેમ આ કાળમાં કપટીઓનાં શાસ્ત્રો દુષ્ટ-દ્વેષીવક્તાજન્ય છે તેમ આમ્નાયનાં શાસ્ત્રો પણ થયાં. એ પ્રમાણે અકૃત્રિમઆમ્નાય માનવામાં વા અજ્ઞાની-રાગીદ્વેષી વક્તાને માનવામાં અનેક બાધાઓ આવે છે; તેનો વિશેષ નિર્ણય મહાભાષ્ય, અષ્ટસહસ્રી અને શ્લોકવાર્તિક

*અર્થ:—દ્વેષને કારણે પ્રમાણને પણ અપ્રમાણપણું ઉત્પન્ન થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આદિ ન્યાયના ગ્રંથોમાં હેતુ-યુક્તિપૂર્વક કર્યો છે તેને જાણી પોતાનાં કલ્પિતવચન પ્રમાણભૂત નથી, એમ માનવું યોગ્ય છે.

તથા સાચા વસ્તુસ્વરૂપને વા જીવના કલ્યાણમાર્ગને પ્રતિપાદન કરવાવાળાં વચન છે તે શ્રીસર્વજ્ઞવીતરાગવક્તાના કહ્યાથી જ પ્રવર્ત્યાં છે વાત સિદ્ધ થઈ. તે જ શ્રી શ્લોક-વાર્તિકમાં કહ્યું છે કે:—

*प्रबुद्धाशेषतत्त्वार्थे साक्षात् प्रक्षीणकल्मषे ।
सिद्धे मुनीन्द्रसंस्तुत्ये मोक्षमार्गस्य नेतरि ॥२॥
सत्यां तत्प्रतिपित्सायामुपयोगात्मकात्मनः ।
श्रेयसा योक्ष्यमाणस्य प्रवृत्तं सूत्रमादिमम् ॥३॥

(પ્ર. અ. પાનું ૪)

અર્થ:-જાણ્યા છે સર્વ પદાર્થ જેણે, ઘાત કર્યાં છે ઘાતિકર્મ જેણે તથા જે મુનીંદ્રોને સ્તુતિ કરવા યોગ્ય-મોક્ષમાર્ગને દર્શાવવાવાળા છે એવા વક્તાની સિદ્ધિ થતાં જ કલ્યાણકારી જોડાતો જે ઉપયોગસ્વરૂપ આત્મા ને તેની

---

*અર્થ:—સમસ્ત તત્ત્વાર્થોના જ્ઞાતા, વીતરાગ અને મુનીંદ્રોથી સ્તુત્ય એવા મોક્ષમાર્ગના નેતાની (આપ્તની) સિદ્ધિ થતાં શ્રેયમાં જોડાવાની યોગ્યતાવાળા ઉપયોગાત્મક આત્માને મોક્ષમાર્ગની જિજ્ઞાસા થતાં તત્ત્વાર્થસૂત્રનું પ્રથમ સૂત્ર (સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ) પ્રવર્ત્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતિપિત્સા અર્થાત્ પૂછવારૂપ પ્રવૃત્તિ થતાં થકાં આ સૂત્રો પ્રવર્ત્યાં છે. તે જિનમતનાં શાસ્ત્રોમાં યુક્તિસહિત સત્યપણું હોય છે, કારણકે-જિનમતમાં સૂત્રનું લક્ષણ આ કહ્યું છે કે-

×'हेतुमत्तथ्यं सुत्रम्'

તો એવાં સૂત્રો, અસર્વજ્ઞ-દ્વેષવાનવક્તા હોતાં કેવી-રીતે પ્રવર્તે? જેમ બૃહસ્પતિઆદિ નાસ્તિકવાદીનાં સૂત્રો સાચા વક્તા વિના જ પ્રવર્તે છે તેવાં જિનમતનાં સૂત્રો નથી. જિનશાસ્ત્રોનાં વચનમાં તો સુનિશ્ચિતાસંભવદ્બાધકપણું છે એટલે તે તો સત્યતાને સિદ્ધ કરે છે અને સત્યતા છે તે આ વચનોના સૂત્રપણાને પ્રગટ કરે છે તથા સૂત્રપણું છે તે સર્વજ્ઞવીતરાગના પ્રણેતાપણાને સિદ્ધ કરે છે.

હવે આ કાળમાં સાચાં વસ્તુસ્વરૂપ દર્શાવવાવાળાં વા સાચા મોક્ષમાર્ગનાં સૂત્રો તો મળે જ છે પણ જેના જ્ઞાનમાં જિનવચનના આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુનો ઉપદેશ તથા સ્વાનુભવ એ દ્વારા પ્રમાણ, નય, નિક્ષેપ અને [1]અનુયોગથી નિશ્ચય થયો છે તે જ જીવોને

---

×અર્થ:-યુક્તિવાળું અને યથાતથ્ય (સાચું) હોય તે સૂત્ર કહેવાય.

૧ અનુયોગ=વસ્તુમાં સૂત્ર અનુસારે સત્, સંખ્યા વગેરે વસ્તુનું સ્વરૂપ જાણવાના કારણો યોજવામાં (ઉતારવામાં) આવે છે, તે દરેક સાધનને અનુયોગ કહે છે.

(જુઓ તત્ત્વાર્થસૂત્ર પ્ર. અ. સૂત્ર ૭-૮)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ વચનનું સાચું સત્યપણું ભાસે છે તથા તેને જ એ વચનો સાચાં સૂત્રરૂપ ભાસે છે અને તેને જ એવાં સૂત્રોને કહેવાવાળા વક્તા સર્વજ્ઞવીતરાગદેવ જ છે, એમ ભાસે છે. એ પ્રમાણે જે ભેદવિજ્ઞાની જીવ છે તેને જ જ્યાં કેવળીનું પ્રત્યક્ષ દર્શન (છે) ત્યાં તો સંયોગરૂપના કાર્યરૂપ સાધન-દ્વારા સર્વજ્ઞની સત્તા સિદ્ધ થઈ છે.

વળી આ કાળમાં કેવલજ્ઞાનીનાં પ્રત્યક્ષ દર્શન નથી પણ તેમની [1]સ્થાપના [2]તદાકાર વા [3]અતદાકારનાં દર્શન છે ત્યાં પરરૂપકાર્યના સાધનથી સત્તાની સિદ્ધિ થાય છે. એ પ્રમાણે જે સર્વજ્ઞની સર્વથા નાસ્તિ કહે છે તેને સર્વજ્ઞની સત્તા જેમ સિદ્ધ થઈ છે તેમ સત્તા સિદ્ધ કરવાનો

---

૧ સ્થાપના=ધાતુ, કાષ્ટ, પાષાણ વગેરેની પ્રતિમા તથા અન્ય પદાર્થોમાં 'આ તે છે' એ પ્રકારે કોઈની કલ્પના કરવી તે સ્થાપના નિક્ષેપ છે.

૨ તદાકાર સ્થાપના=જે પદાર્થમાં જેવો આકાર હોય તેમાં તેવા આકારવાળાની કલ્પના કરવી તે તદાકાર સ્થાપના છે. દા. ત. શ્રી સીમંધર ભગવાનની પ્રતિમામાં શ્રી સીમંધર ભગવાનની કલ્પના કરવી.

૩ અતદાકાર સ્થાપના=ભિન્ન આકારવાળા પદાર્થમાં કોઈ ભિન્ન આકારવાળાની કલ્પના કરવી તે અતદાકાર સ્થાપના છે દા. ત. સેતરંજના ગોટામાં બાદશાહ વજીર વગેરેની કલ્પના કરવી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપાય (અહીં) દર્શાવ્યો છે. હવે જેને આત્મકલ્યાણ કરવું છે તેણે પ્રથમ આવા ઉપાયથી વચનનું સત્યપણું પોતાના જ્ઞાનમાં નિર્ણય કરી પછી ગમ્યમાન થયેલાં સત્યરૂપ સાધનના બળથી ઉત્પન્ન થયેલું જે અનુમાન, તેનાથી સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરી (તેનાં) શ્રદ્ધાન, જ્ઞાન, દર્શન, પૂજન, ભક્તિ, સ્તોત્ર અને નમસ્કારાદિક કરવા યોગ્ય છે.

પણ જે સત્તાનો નિશ્ચય તો કરતો નથી અને કુલપદ્ધતિથી, પંચાયતના આશ્રયથી વા મિથ્યાધર્મબુદ્ધિથી દર્શન–પૂજનાદિરૂપ પ્રવર્તે છે વા મતપક્ષના હઠગ્રાહીપણાથી બીજાઓને (અન્ય દેવાદિકને) ન પણ માને, માત્ર તેનો જ (પોતે માનેલા જિનદેવાદિકનો જ) સેવક બની રહ્યો છે તેને તો નિયમથી પોતાના આત્મકલ્યાણરૂપ કાર્યની સિદ્ધિ થતી નથી તેથી તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે. કારણકે–જેનાથી સર્વજ્ઞની સત્તાનો જ નિશ્ચય નથી કરી શકાયો તો (તેનાથી) સ્વરૂપનો નિશ્ચયાદિ તો કેવી રીતે થશે?

અહીં કોઈ કહે કે–સત્તાનો નિશ્ચય અમારાથી ન થયો તો શું થયું? એ દેવ તો સાચા છે માટે પૂજનાદિ કરવાં અફળ થોડાં જ જાય છે! તેનો ઉત્તર–જો તમારી કિંચિત્ મંદકષાયરૂપ પરિણતિ થઈ જશે તો પુણ્યબંધ તો થતો જશે; પરંતુ જિનમતમાં તો દેવનાં દર્શનથી આત્મદર્શનરૂપ ફળ થવું કહ્યું છે તે તો નિયમથી સર્વજ્ઞની સત્તા જાણવાથી જ થશે, અન્યપ્રકારથી નહિ થાય, એ જ શ્રી-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવચનસારમાં કહ્યું છે. વળી તમે લૌકિક કાર્યોમાં તો એવા ચતુર છો કે વસ્તુનાં સત્તા આદિ નિશ્ચય કર્યા વિના સર્વથા પ્રવર્તતા નથી; અને અહીં તમે સત્તાનિશ્ચય પણ ન કરતાં ઘેલા (પાગલ) અનધ્યવસાયી થઈ પ્રવર્તો છો એ મોટું આશ્ચર્ય છે, માટે શ્લોકવાર્તિકમાં (પાનું ૯) કહ્યું છે કે–

'**कथमनिश्चितसत्ताकः स्तुत्यः प्रेक्षावतां**'.... આદિ

અર્થઃ—જેની સત્તાનો નિશ્ચય નથી થયો તે પરીક્ષાવાળાને કેવી રીતે સ્તવન કરવા યોગ્ય છે? માટે તમે સર્વ કાર્યોની પહેલાં પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરો એ જ સર્વ ધર્મનું મૂળ છે, તથા એ જ જિનમતની આમ્નાય છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે–'ધર્મ, અધર્મના ઉપાય સહિત હેયોપાદેયતત્ત્વ એ જ કોઈને પ્રત્યક્ષ છે એ પ્રમાણે તો કહેવું પણ સકલ પદાર્થ પ્રત્યક્ષ છે એમ ન કહેવું.'

તેને ઉત્તર આપીએ છીએ કે-તમે પ્રશ્ન કર્યો પણ એ પ્રમાણે નથી. કારણકે–સકલ પદાર્થ પ્રત્યક્ષ છે એમ ન હોય તો ધર્મ, અધર્મ, હેયઉપાદેય તત્ત્વનું પણ પ્રત્યક્ષપણું ન બને. વળી જો ઉપચારથી સકલપદાર્થ પ્રત્યક્ષ કહેશો તો તમે (માત્ર) મહિમા અર્થે આ વાત કહી પણ તેમાં એ ગુણ તો સાચો ન આવ્યો ત્યારે જુઠમતવાળાઓના જેવું કહેવું થયું. કારણકે–આ નિયમ છે કે જેને સકલ પદાર્થ સાચા પ્રત્યક્ષરૂપ ન થયા તેને કોઈ વસ્તુની પ્રમાણતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[૧]વળી તે કહે છે કે "જેમ સર્વજ્ઞવાદી કહે કે 'મને કિંચિત્‌જ્ઞાનીને સર્વજ્ઞનું શ્રદ્ધાન અનુમાન વડે જેમ ભાસ્યું છે તે જ પ્રમાણે સર્વજ્ઞને જાણનાર પહેલા થયા છે, આજે છે તથા ભવિષ્યમાં થશે' તેમ આવું કહેનાર એ સર્વજ્ઞવાદીને અમે એમ કહીશું કે-મને કિંચિત્‌જ્ઞાનીને જેમ સર્વજ્ઞનો સદ્‌ભાવ ન ભાસ્યો તે જ પ્રમાણે પૂર્વમાં પણ સર્વજ્ઞની સત્તાનો સદ્‌ભાવ કોઈને ભાસ્યો નથી, વર્તમાનમાં કોઈને ભાસતો નથી તથા ભવિષ્યમાં કોઈને ભાસશે નહિ; કારણ કે-જેમ અમે કાયવાન પુરુષ છીએ તે જ પ્રમાણે અન્ય છે, અમારામાં અને બીજાઓમાં વિશેષતા શું છે?" [૨]ઉપરનું કથન અયુક્ત છે કારણ કે-સર્વજ્ઞનો અભાવ સાધવા માટે જ્ઞાપકાનુપલંભ નામનો હેતુ આપ્યો હતો તેને તો અમે જુઠો કરી જ દીધો છે. તથા સર્વજ્ઞનો સદ્‌ભાવ સિદ્ધ થવાનો ઉપાય તમારે કરવો છે તો સ્યાદ્‌વાદના કહ્યા પ્રમાણે અમે અનુમાન સિદ્ધ કરી ચિત્ત લગાવ્યું છે તેમ તમે પણ ચિત્ત લગાવો તો સર્વજ્ઞની સત્તા અવશ્ય ભાસશે જ. વળી તમે આ હેતુ આપ્યો કે-'હું મનુષ્ય છું તે જ પ્રમાણે સ્યાદ્‌વાદીમનુષ્ય, અમને તો ન ભાસ્યો અને સ્યાદ્‌વાદીને ભાસ્યો' તો એવી સ્યાદ્‌વાદમાં શું વિશેષતા છે?' આ હેતુ તમે અસત્ય આપ્યો છે, કારણકે જગતમાં મનુષ્યશરીરવાન તો બધા એક જ જાતિના છે. પરંતુ તેમાં આટલી વિશેષતા

---

૧ અસર્વજ્ઞવાદી. ૨ સર્વજ્ઞવાદીનો ઉત્તર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો આજે પણ પ્રત્યક્ષ જોઈએ છીએ કે-જેમ કોઈ મૂર્ખ છે, કોઈને હીરા-મોતી ઈત્યાદિ વસ્તુઓની કિંમતનું જ્ઞાન છે, કોઇને નથી, કોઈને સરાફીનું જ્ઞાન છે, કોઈને બજાજીનું (ગાવા-બજાવવાનું) જ્ઞાન છે. કોઇને શાસ્ત્રોનું જ્ઞાન છે, કોઇને રોગનું જ્ઞાન છે, કોઇને નથી. કોઈ દુષ્ટબુદ્ધિવાન છે, કોઈને ધર્મબુદ્ધિ છે તથા કોઈને પાપબુદ્ધિ છે એ જ પ્રમાણે તમને સર્વજ્ઞનો સદ્ભાવ ન ભાસ્યો અને સ્યાદ્વાદીને ભાસ્યો તો એમાં વિરોધ ક્યાં આવ્યો?

એક આ વાત છે કે-તમારે સ્યાદ્વાદીના સર્વજ્ઞનો સદ્ભાવ ભાસવાની પરીક્ષા કરવી છે તો તમે તેને પૂછો, અને પછી તેને સ્વાર્થાનુમાનદ્વારા સર્વજ્ઞની સત્તા સિદ્ધ થઈ હશે તો તે તમને પરાર્થાનુમાનદ્વારા સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરાવી દેશે. જો તમે તેનાથી ચતુર થઈ નિર્ણય કરવાના અર્થી બની પૂછશો, અને તેનાથી હેતુના આશ્રયે સાચી સિદ્ધિ ન કરાવી શકાઈ તો તે નિયમથી સ્યાદ્વાદી છે જ નહિ. જેમ બીજા લૌકિક અજ્ઞાની જીવો છે, તેવો એને પણ જાણવો. કારણ કે-જેમ લૌકિકજીવ વિષયકષાયાદિકનાં કાર્યોમાં પર્યાયબુદ્ધિરૂપ છે-તેમાં મગ્ન થઈ વિચક્ષણ બની રહ્યા છે તેમ એ જુઠા સ્યાદ્વાદી કહેવાઈ બુદ્ધિરૂપ જે પૂજા, દાન, તપ અને ત્યાગાદિકમાં મગ્ન થઈ ધર્માત્મા બની રહ્યા છે. માટે તમે આ નિયમથી જાણો કે-જેને સર્વજ્ઞની સત્તાનો નિશ્ચય નિયમથી થયો હશે તે જ સ્યાદ્વાદી છે, એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે નરત્વ, કાયમાનપણું આદિ હેતુ આપી સ્યાદ્વાદીને સર્વજ્ઞની સત્તાનો સદ્ભાવ ભાસવાનો નિષેધ છે તે અસંભવરૂપ છે. શ્રીશ્લોકવાર્તિકજીમાં પણ કહ્યું છે કે–

*आसन् संति भविष्यंति बोद्धारो विश्वदृश्वनः ।
मदन्येपीति निर्णीतिर्यथा सर्वज्ञवादिनः ॥२६॥

किंचिज्ज्ञस्यापि तद्वन्मे तेनैवेति विनिश्चयः ।
इत्ययुक्तमशेषज्ञसाधनोपायसंभवात् ॥२७॥

×यथाहमनुमानादेः सर्वज्ञं वेद्मि तत्त्वतः ।
तथान्येपि नराः संतस्तद्बोद्धारो निरंकुशाः ॥२८॥

(પ્ર. અ. પાનું ૧૪)

---

*અર્થ:-જેમ પોતે અલ્પજ્ઞ હોવા છતાં સર્વજ્ઞવાદીને નિર્ણય છે કે 'મારા સિવાય બીજા પણ સર્વજ્ઞના જાણનારા ભૂતકાળમાં થયા છે, વર્તમાન કાળે છે અને ભવિષ્ય કાળે થશે', તેમ મને પણ એ જ રીતે 'સર્વજ્ઞ નથી' એવો ત્રૈકાલિક નિશ્ચય હોઇ શકે છે–આમ (તારું) કહેવું અયુક્ત છે, કારણ કે સર્વજ્ઞને સિદ્ધ કરનારાં પ્રમાણો મોજૂદ છે.

×અર્થ:–જેમ હું અનુમાનાદિથી સર્વજ્ઞને વાસ્તવિક રીતે જાણું છું, તેમ અન્ય મનુષ્યો પણ સર્વજ્ઞને જાણનારા હોય તેમાં કોઇ બાધા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈત્યાદિ બધી જિનમતની નિર્મલતા દર્શાવી પણ એ અવસ્થા તો જૈનાભાસી કે જેને મતનું, આમ્નાયનું, વસ્તુ-ઓના સ્વરૂપનું વા સ્વ-પરના કલ્યાણનું જ્ઞાન તો ન થયું હોય અને (માત્ર) કુળાદિક, વા પંચાયતઆદિના આશ્રયથી પૂજા–તપ, ત્યાગાદિરૂપ પ્રવર્તે છે, તથા જૈની કહેવરાવે છે તેમને જ છે. કારણ કે–વિશેષ જ્ઞાન ન હોય તો પણ જે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત રકમ છે તેનું જ્ઞાન તો નિર્ણય-રૂપ–હેતુપૂર્વક હોવું જોઈએ. જે સાચો જૈની હશે તે તો પ્રયોજનભૂત રકમમાં અન્યદ્વારા બાધા સર્વથા આવવા દેશે નહિ તથા બાધા જોઈને પોતાને તલાકપણું ('એમ નહિ' એવો નકાર, અરુચિ) ન આવે અને જો પોતે સર્વનું મન રંજાયમાન કરવા અર્થે (માત્ર) મંદકષાયી–શીતલ બનીને જ રહે અને વાર્તાલાપ કરીને તેની બાધાનું ખંડન ન કરે તો તે જૈનાભાસી મિથ્યાદૃષ્ટિ જ છે. કારણ કે જે જૈન હોય તે પોતાના કાનોથી જિનમતની બાધાનાં વચન કેવી રીતે સહી શકે? શ્રી શ્લોકવાર્તિકમાં પણ કહ્યું છે કે–

'प्रतीतिविलोपो हि स्याद्वादिभिर्न क्षमं सोढुं'

અર્થ-જે સ્યાદ્વાદી છે તેનાથી પોતાની પ્રતીતિ જે શ્રદ્ધાન તેનો વિલોપ–જે અન્યના કથનથી સદૂષણપણું (તે) સહ્યું જતું નથી. કારણ કે–દૂષણસહિત સદોષશ્રદ્ધાન થવાથી પછી નિર્દોષ–દૂષણરહિત શ્રદ્ધાનનો આશ્રય થતો નથી.

ઇતિ સર્વજ્ઞસત્તા સ્વરૂપ સંપૂર્ણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**[1]મંગલમય મંગલકરણ, [2]વીતરાગવિજ્ઞાન ।**
**નમો તેહ જેથી થયા, અરહંતાદિ મહાન ॥**

---

૧ મંગલ=પવિત્રતાને લાવનાર અને અપવિત્રતાને ટાળનાર.

૨ વિજ્ઞાન=કેવલજ્ઞાન.

સમાપ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શુદ્ધિપત્રક

| પાના નં. | લીટી નં. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૩ | ૧૯ | પર્યાય | પર્યાપ્તિ |
| ૧૫ | ૨૦ | સચું | સાચું |
| ૧૫ | ૨૨ | વ | વક્ર |
| ૩૨ | ૧૦ | વૉત્કૃષ્ટ | ર્વોત્કૃષ્ટ |
| ૩૬ | ૧૦ | નિપુણુતા | નિપુર્ણતા |
| ૩૬ | ૧૬ | જયઘોષ | જયઘોષ |
| ૩૮ | ૨૦ | પ્રેસંગો | પ્રસંગો |
| ૪૨ | ૧૧ | તમને | તેમને |
| ૪૪ | ૧૭ | સભોગરૂપ | સંયોગરૂપ |
| ૪૪ | ૧૮/૧૯ | ષડ્રૂપ (છ પ્રકારના) | ખંડરૂપ |
| ૪૯ | છેલ્લી | સિ | સિદ્ધ |
| ૫૨ | ૩ | દુઃખી | દુઃખ |
| ૫૬ | ૭ | લબ્ધ્યપ્રર્યાપ્તક | લબ્ધ્ય-પર્યાપ્તક |
| ૫૬ | ૮ | વિશેષદુપથી | વિશેષરૂપથી |
| ૫૮ | ૬ | બચ્ચા | બચ્યા |
| ૬૧ | ૧૧ | આપ્ત. | આપ્ત, |
| ૬૧ | ૧૫ | સવં | સર્વ |
| ૬૪ | ૧૮ | વર્ણેભેદ | વર્ણભેદ |

| પાના નં. | લીટી નં. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૬૫ | ૧૪ | જાતનિા | જાતિના |
| ૭૦ | ૧૧ | ચિત્તની | ચિત્તને |
| ૭૦ | ૧૧ | ચિત્તની | ચિત્તને |
| ૭૦ | ૧૧ | જાણી ! | જાણ્યું ! |
| ૭૨ | ૧ | ચસ્મા | ચશ્મા |
| ૭૨ | ૨ | ચસ્મા | ચશ્મા |
| ૭૨ | છેલ્લી | થવાથી | થવાથી) |
| ૭૬ | ૮ | દુગંધરૂપ | દુર્ગંધરૂપ |
| ૭૬ | ૨૦ | સહાયનાથી | સહાયતાથી |
| ૭૭ | ૧૯ | કેવીરીછે | કેવી રીતે |
| ૭૯ | ૧૬ | કરથો | કરવો |
| ૮૦ | ૨૧ | છેમકે | જેમકે |
| ૮૨ | ૨ | જેન | જેમ |
| ૮૩ | ૨૦ | કારરૂપ | કાલરૂપ |
| ૮૮ | ૧૯ | (નામવાળા) પદાર્થનો) | (નામવાળા પદાર્થનો) |
| ૮૯ | ૨૦ | મતપજ્ઞવડે | મતપક્ષવડે |
| ૯૮ | ૧૬ | કલ્યાણકારી | કલ્યાણકારીમાં |

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com